શ્રી રમણલાલ વસંતલાલ દેસાઈ જન્મ શતાબ્દી ગ્રંથમાળા સંપુટ—૩

વિરાટ ગ્રંથાવલિ પુસ્તક ૧૪૯મું

# શંકિત હૃદય

રમણલાલ વ. દેસાઈ, એમ. એ.

**આર. આર. શેઠની કંપની**

પુસ્તક પ્રકાશક અને વિક્રેતા

મુંબઈ ૪૦૦ ૦૦૨ ☐ અમદાવાદ ૩૮૦ ૦૦૧

# શ્રી રમણલાલ વ. દેસાઈનાં પુસ્તકો

## ✽ સંપુટ-૧

### નવલકથાઓ

જયંત ★ શિરીષ ★ કોકિલા ★ હૃદયનાથ ★ સ્નેહયજ્ઞ ★ દિવ્યચક્ષુ ★ પૂર્ણિમા ★ ભારેલો અગ્નિ ★ ગ્રામલક્ષ્મી ૧ થી ૪ ★ બંસરી ★ પત્રલાલસા ★ ઠગ ★ શોભના ★ ક્ષિતિજ ★ ભાગ્યચક્ર ★ હૃદયવિભૂતિ ★ છાયાનટ ★ પહાડનાં પુષ્પો ★ ઝંઝાવાત ★ પ્રલય ★ કાલભોજ ★ સૌંદર્યજ્યોત ★ શૌર્યતર્પણ ★ બાલાજોગણ ★ સ્નેહસૃષ્ટિ ★ શચી પૌલોમી ★ ત્રિશંકુ ★ આંખ અને અંજન

## ✽ સંપુટ-૨

### નવલિકાસંગ્રહો

ઝાકળ ★ પંકજ ★ રસબિંદુ ★ કાંચન અને ગેરુ ★ દીવડી ★ સતી અને સ્વર્ગ ★ ધબકતાં હૈયાં ★ હીરાની ચમક

## ✽ સંપુટ-૩

### કાવ્યસંગ્રહો

નિહારિકા ★ શમણાં

### નાટ્યસંગ્રહો

શંકિત હૃદય ★ પરી અને રાજકુમાર ★ બંજની ★ તપ અને રૂપ ★ પુષ્પોની સૃષ્ટિમાં ★ ઉશ્કેરાયેલો આત્મા ★ કવિદર્શન ★ પૂર્ણિમા ★ બૈજુ બહાવરો ★ વિદેહી ★ સંયુક્તા

## ✽ સંપુટ-૪

### પ્રકીર્ણ

જીવન અને સાહિત્ય ૧-૨ ★ સુવર્ણરજ ★ ગ્રામોન્નતિ ★ ગઈકાલ ★ મધ્યાહ્નનાં મૃગજળ ★ તેજચિત્રો ★ અભિનંદન-ગ્રંથ ★ ઊર્મિ અને વિચાર ★ ગુલાબ અને કંટક ★ અપ્સરા ૧ થી ૫ ★ રશિયા અને માનવશાંતિ ★ ગુજરાતનું ઘડતર ★ સાહિત્ય અને ચિંતન ★ ભારતીય સંસ્કૃતિ ★ માનવસૌરભ ★ કલાભાવના ★ શિક્ષણ અને સંસ્કાર ★ ઊર્મિના દીવડા

### ચિંતનમાળા

મહાત્મા ગાંધી ★ ન્હાનાલાલ-કલાપી ★ માનવી - પશુની દૃષ્ટિએ અને આત્મનિરીક્ષણ ★ ભારતીય કલા - સાહિત્ય - સંગીત ★ સમાજ અને ગણિકા ★ અંગત - હું લેખક કેમ થયો ?

અર્પણ

ભાઈ નાગેન્દ્ર મજમુદાર
તથા
કલાસમાજના મારા મિત્રોને

રમણલાલ વ. દેસાઈ

DESAI, Ramanlal V.
SHANKIT HRIDYA, Play
R. R. Sheth & Co., Bombay-Ahmedabad
1992
891·472

© ડૉ. અક્ષયકુમાર ર. દેસાઈ

શ્રી ર. વ. દેસાઈ જન્મ-શતાબ્દી આવૃત્તિ–મે, ૧૯૯૨

મૂલ્ય રૂ. ૪૧–૦૦

પ્રકાશક
ભગતભાઈ ભુરાલાલ શેઠ,
આર. આર. શેઠની કંપની
મુંબઈ ૪૦૦ ૦૦૨ * અમદાવાદ ૩૮૦ ૦૦૧

મુદ્રક
પ્રવીણ પ્રિન્ટરી
ભગતવાડી,
સોનગઢ–૩૬૪ ૨૫૦

## ચોથી આવૃત્તિના પુનર્મુદ્રણની પ્રસ્તાવના

'શંકિત હૃદય' એ ગુજરાતનું લોકપ્રિય નાટક. હમણાં જ ઉત્તર ગુજરાત અને આફ્રિકામાંથી પણ ભજવવા માટેની પરવાનગી માગતા આવેલા પત્રો ઉપરથી લાગે છે કે એની લોકપ્રિયતા ઓછી થઈ નથી. આટલા ટૂંક સમયમાં પુનર્મુદ્રણ પામે છે તેથી આનંદ જ થાય. એના પ્રથમ પ્રયોગ વખતે ભાગ લેનાર તરીકે તે સમયના વાતાવરણનું ચિત્ર ફરી તાજું કરવાની આ પ્રસ્તાવના મોકો આપે છે એ જ ખુશાલીની વાત.

મહાવીર કુટીર, સહાયા રોડ
**ભાગલપુર** **અક્ષયકુમાર ર. દેસાઈ**
તા. ૧૦-૧૨-૫૬

## ચોથી આવૃત્તિની પ્રસ્તાવના

'શંકિત હૃદય'ની ચોથી આવૃત્તિ પ્રસિદ્ધ થાય છે તે પ્રસંગે મારે કાંઈ વિશેષ કહેવાપણું ન જ હોય.

જનતામાં નાટકો ભજવવાનો શોખ સારા પ્રમાણમાં વધતો જાય છે. પહેલી અને ચોથી આવૃત્તિ વચ્ચેના પચીશ વર્ષના ગાળામાં ભારતે અને તેની સાથે જ જીવતા ગુજરાતે ભવ્ય પરિવર્તનો જોયાં અને અનુભવ્યાં.

એમાંનું એક પરિવર્તન એ કહી શકાય કે ધંધાર્થી નાટક મંડળીઓ લુપ્ત થતી જાય છે, પરંતુ શોખીન–કલારસિક વર્ગમાં નાટકો ભજવવાનો ઉત્સાહ બહુ જ વધતો જાય છે.

'શંકિત હૃદય' ભજવવા માટે હજી માગણીઓ આવે છે. વધતી જતી નાટકોની સંખ્યામાં 'શંકિત હૃદય'નું આછુંપાતળું સ્થાન હજી છે એટલો સંતોષ હું લઈ શકું ?

'કૈલાસ': મદનઝાંપા રોડ,
વડોદરા
તા. ૨૫-૭-૫૦

**રમણલાલ વ. દેસાઈ**

# ત્રીજી આવૃત્તિની પ્રસ્તાવના

'શંકિત હૃદય' નાટકની ત્રીજી આવૃત્તિ વખતે મારે એટલું જ નોંધવાનું છે કે આ નાટક શોખીન નટવર્ગ—Amateuresને ગમ્યું હોય એમ લાગે છે; કારણ, ગુજરાત અને ગુજરાત બહારથી પણ આ નાટક ભજવવા માટે દર વર્ષે એકબે માગણીઓ આવતી જ રહે છે.

એમાં આ નાટકના ગુણ કરતાં ગુજરાતી ભાષામાં ભજવવા જેવાં નાટકોનો જાણીતો અભાવ કારણરૂપ હોય એ સંભવિત છે.

નાટક અને રંગભૂમિ વિષે બહુ સમયથી મને વિચારો આવ્યા કરે છે, પરંતુ તે દર્શાવવાનું આ સ્થળ નથી. કલા અને પ્રચાર બન્ને દૃષ્ટિએ નાટકની સંસ્થાનું મહત્ત્વ અણમૂલ છે એટલું જ અત્રે જણાવીશ.

પ્રકાશકનો આભાર માનું છું કે તેઓ આ નાટકને ફરી પ્રસિદ્ધિમાં મૂકે છે.

નાટક ભજવતી વખતે લંબાણ ગીત અગર સંવાદ ઘટતી રીતે ટૂંકાવી નાખવા એ સલાહભરેલું છે.

નવસારી
૨૦ ફેબ્રુઆરી, ૧૯૩૪

**રમણલાલ વ. દેસાઈ**

# બીજી આવૃત્તિની પ્રસ્તાવના

ટૂંક મુદતમાં આ નાટકની બીજી આવૃત્તિ બહાર પાડવી પડશે એમ જરા પણ ખ્યાલ નહોતો. વડોદરા કલાસમાજના સભ્યોએ આ નાટકને વડોદરા, અમદાવાદ તેમ જ મુંબઈમાં વખતોવખત ભજવ્યાથી આ પરિણામ આવ્યું છે.

નાટક જે રીતે ભજવાય છે તે રીતે અત્યાર સુધી આદર પામ્યું છે. ભજવાતા નાટકની પ્રશંસાનો મોટો ફાળો ભજવનાર સભ્યોને જ નામે લખાવો જોઈએ એમ હું માનું છું. સુંદર અભિનય અને સૌષ્ઠવભર્યું સંગીત ઘણા દોષ ઢાંકી શકે છે.

પુસ્તક તરીકે જુદા જુદા અભિપ્રાયો મળ્યા છે. કોઈને આ નાટક ગમ્યું; કોઈને કેટલાક પ્રવેશો ગમ્યા; કોઈને તેમાંની કવિતા ગમી; કોઈને હાસ્યરસ સારો લાગ્યો; અને કોઈને હલકા પ્રકારના નાટ્યસાહિત્યનો આમાં ભાસ થયો. મતસ્વાતંત્ર્યના આ યુગમાં મતભેદનો માત્ર ઉલ્લેખ કર્યા સિવાય બીજું કાંઈ પણ લેખક ભાગ્યે જ કહી શકે. પ્રથમ આવૃત્તિની પ્રસ્તાવનામાં લખ્યા પ્રમાણે નાટકના દોષ હું સ્વીકારી લઉં છું. અને છતાં નાટકની રચનામાં કાંઈ પણ ફેરફાર કર્યા વગર હું તે ફરી પ્રસિદ્ધ કરું છું. જે જીવનનું પ્રતિબિંબ આ નાટકમાં પડ્યું છે તેમાં નવીન યુગની હજી સ્થિર ન થયેલી માનસિક સ્થિતિ ચીતરાઈ છે. તેને સ્વીકારતાં, તેને સહાનુભૂતિથી સમજતાં વાર લાગે એ સહજ છે. એથી જ વિરુદ્ધ અભિપ્રાયથી મને ક્ષોભ થતો નથી.

કલાસમાજના સર્વ સભ્યોનો હું ફરી આભાર માનું છું.

તેમાં પણ એક વિચિત્ર વ્યક્તિનો તો હું ખાસ ઋણી છું. શ્રી નાગેન્દ્ર મજમુદારની ઓળખાણનો પરિઘ ઘણો વિસ્તૃત છે. તેમને જુદી જુદી રીતે જુદાં જુદાં માણસો ઓળખે છે. હું તો માત્ર તેમની અનેક વિચિત્રતાઓ જોયા અને સાંભળ્યા છતાં એક સહૃદયી સજ્જન તરીકે પિછાનું છું. આ નાટક ભજવવામાં જેમ તેમની આગેવાની છે તેમ આ નાટક પૂરું લખાવવામાં પણ તેમણે જે આગ્રહ ભર્યું પ્રોત્સાહન આપ્યું છે તે વીસરી શકું એમ નથી. તેમને ઓળખનાર આ વાંચીને કદાચ હસશે એમ હું જાણું છું. છતાં પણ હું તેમનો પ્રસ્તાવનામાં ઉલ્લેખ કરવા પ્રેરાઉં છું. એટલી વાત તેમના આભારનો ભાર સમજવા માટે પૂરતી થશે.

**રમણલાલ વસંતલાલ દેસાઈ**

## પહેલી આવૃત્તિની પ્રસ્તાવના

લગભગ વીસ વર્ષથી વિદ્યાર્થીવર્ગમાં અત્યંત પ્રિય થઈ પડેલા વડોદરા કૉલેજના સદ્‌ગત પ્રિન્સિપાલ કલાર્ક સાહેબના ખેદજનક અવસાન પછી, તેમની સ્મૃતિ જળવાઈ રહે એ અર્થે, ખોલવામાં આવેલા ફંડમાં સહાય કરવા માટે એક નાટક ભજવવા વડોદરા કલાસમાજના સભાસદોએ ઇચ્છા પ્રદર્શિત કરી મારી પાસે નાટક માગ્યું. કલાર્ક સાહેબ મારા પણ ગુરુ હતા. અંગ્રેજી સાહિત્યના અભ્યાસમાં તેમણે મને ઘણી જ સહાય આપી હતી. એ ગુરુનું સ્મરણ જાળવવા થતા પ્રયત્નોમાં મારાથી કાંઈ અલ્પ ભાગ લઈ શકાય તો ગુરુસેવાનો સહજ પણ સંતોષ વળે એમ ધારી મેં કલાસમાજના સભ્યોને

હસ્તક આ મારું નાટક લખી મૂકી દીધું.

મારું રચેલું નાટક પસંદ કરી, ભજવવા યોગ્ય ગણવા માટે કલાસમાજના મારા મિત્રોનો હું ખરેખર આભારી છું.

એ પ્રસંગ ઉપર નાટકને પ્રસિદ્ધ કરવાની પણ મારા કેટલાક મિત્રોએ સૂચના કરી. તેમ જ પ્રકાશક રા. અંબાલાલ મોહનલાલ બુકસેલરે પ્રસિદ્ધ કરવાનું માથે લીધાથી આ 'શંકિત હૃદય' નાટક પ્રસિદ્ધ પામે છે.

મારા મિત્ર રા. મંજુલાલ રણછોડલાલ મજમુદાર બી.એ., એમ એલ.બી. ને મારે માટે તેમ જ આ નાટક માટે પક્ષપાત છે. તે પક્ષપાત સિવાય હું બહુ જ ટૂંક સમયમાં આ નાટક બહાર પાડી શક્યો ન હોત. પ્રસિદ્ધિને લાયક છાપકામની કંટાળો આપનારી તૈયારી કરી તેમણે મને ઘણી મહેનતમાંથી બચાવી લીધો છે; અને 'આમુખ' ( Foreward ) રૂપે તેમની વિદ્વત્તાનો ઉપયોગ મારે માટે કર્યો છે, તે બદલ હું તેમનો ઋણી છું.

હું મારા નાટકમાં રહેલા દોષની કાંઈક ઝાંખી કરી શકું છું. નાટકમાં કાર્યનો વેગ મંદ હશે; ભજવવા માટે લખાયલા આ નાટકનો હાસ્યરસ મોળો પણ હોય; કદાચ તેનું પ્રમાણ જરૂર કરતાં વધારે લાગશે; પાત્રોના આલેખનમાં ઠોકરાઈ જવાના સંભવો સ્થળે સ્થળે રહે છે; "સ્વગત" અને સંવાદોના લંબાણથી શિથિલતા પણ આવી હશે. જો કે વર્તમાન યુગમાં લાગણીઓ–Emotions થી ઘડાતા જીવનમાં બાહ્ય પ્રસંગો કરતાં માનસિક પરિવર્તનો ઉપર કાર્યનો આધાર રહેલો હોવાથી "સ્વગત"ને નાટકમાં ઘણો અવકાશ રહે છે એમ માનવા છતાં, કલાનો ભંગ કર્યા સિવાય, હું તે પ્રયોગો લાવી શક્યો હોઈશ કે કેમ તેની પણ શંકા રહે છે.

કોઈની અંગત ટીકાને આમાં સ્થાન નથી જ; પરંતુ ગેર-સમજનો પ્રસંગ ન આવે એ અર્થે હું જણાવું છું કે ગુજરાતના

કવિવર ન્હાનાલાલની અનુકરણ ન થઈ શકે એવી શૈલી બીજા કોઈ પણ અનુકરણ કરનારાને હાથે સફળ નીવડી નથી. આ નાટકમાં જે ટીકા થઈ હોય તે અનુકરણોને ઉદ્દેશીને થયેલી છે; બાકી કવિ ન્હાનાલાલના શ્રેષ્ઠ સ્થાન માટે બે મત છે જ નહિ.

જેવું છે તેવું આ નાટક હું રજૂ કરું છું. કલાની સહજ પણ સેવા થતી હોય, અગર ગુજરાતી નાટકો શિષ્ટ બની ભજવવાને યોગ્ય થાય એ માર્ગમાં મારા પ્રયત્નનો કાંઈ ઉપયોગ થઈ શકે એમ હોય, તો મારું નાટક હું સફળ થયું ગણીશ.

માંડવી રોડ,
વડોદરા
તા. ૧૦-૨-૨૫

રમણલાલ વસંતલાલ દેસાઈ

# આમુખ

**સત્કાર :** ગુજરાતના અલ્પધન નાટ્યસાહિત્યમાં 'શંકિત હૃદય' નવી ભાત પાડે છે. ઇતિહાસપ્રધાન 'સંયુક્તા' પછી લગભગ નવ વર્ષે કવિએ આપણને એક ભાવનાપ્રધાન રૂપક આપ્યું છે. તેમાં વસ્તુની ફૂલગૂંથણી એટલી નૂતન અને કુમાશભરી છે, તેમ જ વચ્ચે વચ્ચે સંગીતલીનાં નિર્મળ રસઝરતાં કાવ્યોથી એમાં એવી સુંદર ભાત પડી છે કે વાચક ઘડીભર મુગ્ધ થાય છે. આપણા સાહિત્યમાં નાટકો—તેમાં યે સ્વતંત્ર નાટકો તો આંગળીને વેઢે ગણીએ તેટલાં જ હશે. તેમાં આ એક સંગીન ઉમેરો છે.

**દૃશ્ય નાટકો :** રંગભૂમિ ઉપર ભજવાતાં ગુજરાતી દૃશ્ય નાટકોનો ઇતિહાસ પચાસ વર્ષોથી જૂનો નહિ હોય. ધાર્મિક તેમ જ ઐતિહાસિક વસ્તુથી તેની શરૂઆત થતાં, ધીમે ધીમે ઇતિહાસનો તેમ જ ભક્ત અને સતીચરિત્રનાં આખ્યાનોનો વિશાલ પ્રદેશ ખુલ્લો મુકાયો. સાથે સાથે સંસારસુધારાને લગતાં 'લલિતાદુઃખદર્શક', 'મદ્યપાનનિષેધ', 'કન્યાવિક્રય' જેવાં બોધપ્રધાન નાટકો ભજવાવા લાગ્યાં; લોકરુચિ તો ઐતિહાસિક તેમ જ ભક્તિપૂર્ણ વિષયોને જ વળગી રહી.

શાંતરસપ્રધાન ભક્તચરિત્રોમાં તેમ જ કેટલાંક અપરિચિત ઇતિહાસનાં કથાનકો ઉપરથી લોકરુચિ કંઈક મોળી થતી જવાથી સંસ્કૃતનાં શિષ્ટ નાટકોનું ગુજરાતી સ્વરૂપ ઘડાયું. તે પછીથી અમુક પ્રવૃત્તિ કે ઉદ્દેશનાં ભક્તોનાં નાટકોનો યુગ મંડાયો. સાંપ્રત કાળમાં લોકરુચિ કઈ તરફ વધારે ઢળે છે તે કહેવું સહેલું નથી.

ભિન્નરુચિ એવા લોકની વૃત્તિઓને રમાડવામાં—નચાવવામાં સાર્થક માનનારી, તથા પ્રધાનપણે વ્યાપારી દૃષ્ટિથી નભતી નાટક મંડળીઓએ આજ સુધીમાં પ્રજાને પથ્ય હોય એવું બહુ ઓછું આપ્યું છે. દશ્ય નાટકોને ગુજરાતમાં જન્માવનાર અને પગભર કરનાર નાટકાચાર્યોની કલમ તેથી જ યથેચ્છ ચાલતાં અટકે છે; કારણ કે અધમ લોકરુચિનાં બંધનોથી તેમના હાથ જકડાયલા રહે છે, અને 'લોકોને કેવું રુચશે?' એ દૃષ્ટિથી જ પોતાનાં પાત્રોની સૃષ્ટિ તેમને ઘડવી પડે છે. આવી અરાજકતામાં શિષ્ટ લેખકોનું ધ્યાન રંગભૂમિને ઉન્નત કરવા તરફ ખેંચાયું છે એ હર્ષની વાત છે.

**નાટકનું સ્વરૂપ:** 'શંકિત હૃદય' બહુધા આપણા જીવતા જાગતા સમાજનું અમુક દૃષ્ટિકોણથી જ નિહાળેલું પ્રતિબિંબ છે; પોતાની એક અનુકૂળ પળે કવિએ પાડી લીધેલો સાંપ્રત સમાજનો એ સ્નેપશૉટ છે. એટલે એમાં આપણે સર્વદેશીય ઉદાત્ત કલ્પના, વિશાલ પાત્રાલેખન તથા ભવ્યતાભર્યા ભવિષ્યની આશા નહિ રાખીએ. આ નાટક ઉદ્દેશ—ભક્તોની જેમ અમુક પ્રવૃત્તિ કે વિચારની 'સ્કૂલ' અથવા તો કોઈ ચળવળની દૃષ્ટિથી લખાયું નથી; પરંતુ એમાં અમુક મધ્યસ્થ—તટસ્થ ભાવનાને લઈને, તે દ્વારા સાંપ્રત સમાજનું એક સાચું છતાં આશાવાદી ચિત્ર આપવામાં આવ્યું છે.

નાટક બાહ્ય સ્વરૂપમાં પ્રાચીન ભરતનાટ્ય શાસ્ત્રની પ્રણાલિકા વેગળી મૂકીને લખાયલું લાગે છે. સૂત્રધાર એમાં નથી આવતો; પ્રવેશક કે વિષ્કંભક કે નાન્દી વગર જ એક નાયક પોતાનો મહાપ્રશ્ન રજૂ કરે છે:—

"શાને જનનયને જલ ના સમાય?"

કેટલીક વાર વસ્તુના આવા ઉપાડથી અણચિંતવ્યું abrupt એમાં નથી લાગતું? છતાં કહેવું જોઈએ કે તત્ત્વદૃષ્ટિએ મમ્મટના કાળનાં મન્તવ્યો અન્ય દેશનાં મન્તવ્યોની સરખામણીમાં હદ બહાર

રૂઢિવશ અને એકરૂપી હોવાથી, આજે આપણા નાટ્યપ્રયોગો માટે ચલણી ઉપયોગમાં તે લેવાવાં અયોગ્ય છે. સંસારમાં, રાજ્યમાં રસપ્રદેશમાં પ્રણાલિકાઓ અખંડ રહે અને ન બદલાય એ અશક્ય છે. તેમ આ નાટક અન્ય દેશોનાં મન્તવ્યોમાંથી પ્રેરણા પામીને જન્મ્યું હોય એમ લાગે છે. જર્જરિત પ્રાચીન પ્રણાલિકાઓ પર એમાં સંસારને ભય નથી; એથી જે અનુપમ નવપ્રણાલિકાઓ મંડાય એમાં પ્રતિભા અને પ્રેરણાનું સાફલ્ય છે. તોપણ છેવટમાં એક ભરતવાક્ય જેવું, આખા નાટકને સમેટી લેતું એક ગીત જૂની પ્રણાલિકાને માન આપી મુકાયું હોત તો તે અસ્થાને ન લાગત. તોપણ 'શંકિત હૃદય' એકંદરે આનંદ પર્યવસાયી છે.

**નાટકનું વસ્તુ :** 'नाटकं ख्यातवृत्तं स्यात्' એ ભરતનાટ્યશાસ્ત્રના નિયમને અનુસરવાનું આ નાટકમાં બન્યું નથી. ભવભૂતિના 'માલતી માધવ'ની જેમ તેનું વસ્તુ ઉત્પાદ્ય છે, કવિકલ્પિત છે. લગ્ન, પ્રેમ, વિલાસ, દ્રોહ, સેવા, દયા વગેરે ભાવનાઓનાં પૂતળાં જેવાં ચિદ્‌ઘન અને ચંદ્રિકા તથા કુંજવિહારી અને વિલાસિનીના મુખ્ય આધિકારિક વસ્તુ સાથે, સમાજસેવાને અર્થે નાટકો રચનાર તરંગી કવિ, વ્યવહારુ વકીલ તથા દયાહીન ડૉકટરના પ્રસંગો પ્રાસંગિક છે. એ પ્રાસંગિક વસ્તુમાં સેવા-આશ્રમ ચલાવતા ગુરુ, નાટકો ભજવવાના અભિનય કરતા શિખાઉ નટ તથા હમેશાં વફાદાર રહેતો કામદારવર્ગ, અને બેકાર થવાથી ચોર બન્યાનું એમનું દૃશ્ય, એ બધું નાટકમાં પતાકા અને પ્રકરીને સ્થાને છે.

બધા પ્રવેશો પરસ્પર એવા સંકળાયલા અને અન્યોન્યાશ્રયી છે કે એમાંથી એકકે પ્રવેશ, નાટકને અનુપકારી ગણી, મૂકી દઈએ તો મુખ્ય આધિકારિક વસ્તુને હાનિ પહોંચ્યા વગર ન રહે.

**નાટકનું નામ :** સામાન્ય રીતે નાટકનું નામકરણ તેમાંના મુખ્ય નાયક અથવા તો નાયિકા ઉપરથી કરવામાં આવે છે; પરંતુ

અહીં તો સંસ્કૃત સાહિત્યમાં, 'મૃચ્છકટિક' છે તેમ, અને શેક્સપિયરનાં 'As you like it' તથા 'All's well that ends well'ની જેમ 'શંકિત હૃદય' એટલી જ સુંદર કલાથી પસંદ કરાયું છે. નાટકમાંથી જ કથાસંદર્ભ સાથે સંબંધ ધરાવતું એકાદ ખંડવાક્ય અથવા તો શબ્દ ઉપરથી આખા યે રૂપકને તે નામથી ઓળખાવવાની આ નવી રીત છે.

આખા યે નાટક ઉપર એક જાતનું શંકાસામ્રાજ્ય અથવા તો વહેમનું વાદળ છવાતું બતાવાય છે. ચંદ્રિકાના પહેલા જ પરિચય વખતે તેને આપણે વહેમ ખાતી જોઈએ છીએ (અં. ૧; પ્ર. ૨); તે વહેમ વકીલ સાથે વાત થતાં વધતો જાય છે (અં. ૧; પ્ર. ૫); એ વહેમ સકારણ હતો એમ ચિદ્દ્ઘન ને વિલાસનો પ્રસંગ (અં. ૧; પ્ર. ૬) ચંદ્રિકા તથા કુંજવિહારીના હૃદયમાં શંકાને દૃઢ કરે છે.

બીજા અંકમાં રોપેલા બીજનો અંકુર ફૂટે છે. ચંદ્રિકા પોતાના બેવફા પ્રેમીને લીધે જ સમગ્ર પુરુષજાતને તિરસ્કારે છે. (અં. ૨; પ્ર. ૫) કુંજને પણ શંકાનો કીડો કોતરી ખાય છે; 'મારું કોઈ નથી?' એમ એને લાગે છે. વહેમના મજબૂત આવેગમાં તે વિલાસને નદીમાં ધક્કો મારે છે (અં. ૨; પ્ર. ૭); શંકાશીલ કુંજ પોતાના અવિચારીપણા ઉપર પસ્તાતો વિલાસ માટે પોકાર કરી પોતાના 'શંકિત હૃદય'ને (અં.૩; પ્ર. ૨) ઠપકો દે છે. આમ ઉત્તરોત્તર વધતી જતી શંકાનો અવધિ બતાવાયો છે; અને નાટકનું નામ સાર્થક થયું છે.

**નાટકનો રસ :** આખા નાટકમાં ઓતપ્રોત એવો તો શૃંગાર રસ છે. પ્રેમી–વિયોગી, ખંડિત નાયક – નાયિકાઓનાં હૃદયમંથન, વિયોગની જ્વાલાઓ, સુકુમાર મનોવૃત્તિઓ, સ્નેહમાં શંકાની લાગણીઓ, તેમના પશ્ચાત્તાપ અને પ્રાયશ્ચિત્ત એ બધું કરુણ – રસભર

વાણીમાં ચીતરાયું છે. શૃંગારના ઉદ્દીપન અને આલંબન તરીકે બીજા રસ પણ યથાયોગ્ય અને યથેચ્છ રીતે યોજાયા છે.

શૃંગાર રસરાજ ગણાતો આવ્યો છે; તેથી તેમાં નૈતિક શુદ્ધિ અને અધ્યાત્મભાવનાની અમુક મર્યાદા સ્વીકાર્યા પછી તે શૃંગારના અતિરેક સામે રૂઢિનાં બંધનોનો અંકુશ હવે બહુ રહી શકે તેમ લાગતું નથી. પ્રસ્તુત નાટકમાંના અં. ૧; પ્ર. ૫ માં ખંડિતા નાયિકાનો અનુનય કરતો શૃંગારલલિત નાયક, અને તેમનો રસવિહાર ભલાભલા નૈષ્ઠિક વ્રતધારીને ચળાવી દે તેવો છે; આખા યે પ્રવેશમાં રસિક શૃંગારના સંભારથી ભાવનું ઉદ્દીપન થાય છે; તે ઉદ્દીપનના ઘેરા રંગની પીંછીથી આખું વાતાવરણ રંગાયલું લાગે છે; છતાં કુંજ–વિલાસની રસસમાધિ શૃંગારની સીમા ઓળંગે છે એમ તો નહિ જ કહી શકાય.

એ રસના રંગની ખિલાવટ માટે, તથા હૃદય ભારે થઈ ગયું હોય તેવા અતિગંભીર પ્રસંગોમાં હાસ્યરસની છાંટ નાટકભરને દીપાવે છે. એ હાસ્યરસ અતિગ્રામ્યતા કે અશ્લીલતાથી બહુ જ નિરાળો છે. આધુનિક રંગભૂમિ ઉપર પ્રગટ થતી અરસિકતા, અમર્યાદ શૃંગાર, હાસ્ય કરતાં હાસ્યાભાસવાળાં પ્રહસનો, મૂળ વસ્તુ સાથે કંઈ પણ સંબંધ ન ધરાવતું ફારસ–વખતે કોઈ સતીનું નાટક હોય તો તેમાં વૃદ્ધ વરની ભરયૌવન પરણેતરનું સંસારચિત્ર અથવા તો એવું જ કોઈ રસભંગ કરનારું પ્રહસન આમાં નથી.

ઊલટું, સંસ્કૃતનાં શિષ્ટ નાટકોમાં વિદૂષક જે ગરજ સારે છે અને પ્રસંગે પ્રસંગે મુખ્ય નાયક-નાયિકાને રસગાંભીર્ય તથા વિચારના વમળમાંથી ઊછળતા હાસ્યરસથી બહાર ખેંચી કાઢે છે, તેવું અર્ધ ગંભીર તથા અર્ધ પરિહાસવૃત્તિવાળું પાત્ર 'કવિ'નું છે. એનો હાસ્યરસ મર્માળો અને સંસ્કારિતાભર્યો છે. એમાં અમર્યાદ હાસ્યનું

તોફાન નથી. લોકમાં હસાવે અથવા બહુ તો ઘડીક વાર હસવાની ઢબમાં કડક સત્યો બોલી, પ્રસંગે વર્ણના રસને મજબૂત પુષ્ટિ આપે છે.

**પાત્રાલેખન** : કવિ પોતાનાં બધાં પાત્રો મધ્યમ વર્ગમાંથી જ યોજે છે. એમાં રાજા કે દીવાનના આમવર્ગની રાજસભાઓના આડંબર ભર્યા નથી. નાયકનાયિકાઓ પણ રાજાના કુંવર કે કુંવરીઓમાંથી પસંદ કરાયાં નથી; એટલે તેમનાં પાત્રો સામાન્ય જનસમાજથી ઊંચી સપાટી ઉપર અથવા તો પ્રાકૃત સંસારથી અનભિજ્ઞ નથી.

લેખકે પોતાના હાલના ગુજરાતના—વીસમી સદીના પહેલા ચરણના ગુજરાતના સંસારજીવનને તત્પરતાથી ઓળખ્યું છે. તેમના હરખશોક, આશા-અભિલાષ અને ઝંખનાઓ સાથે અસાધારણ તાદાત્મ્ય બતાવ્યું છે. વચમાં વચમાં છૂટે હાથે સમાજજીવનની ત્રુટિઓ તરફ લગભગ બધાં પાત્રોને મુખે વાણીની ગોફણમાંથી નાનામોટા પથ્થરો સચોટ ફેંકાવ્યા છે. વ્યક્તિઓનાં પુરુષાતન, પ્રજાનાં ભાગ્ય, પ્રભુના પરમ સંકેત—એ સૌનું થોડુંવત્તું સૂચન પણ પાત્રો દ્વારા કરાવ્યું છે.

**સ્વગત ભાષણ** : આ નાટક સંવાદની કલાનો અચ્છો નમૂનો છે. એમાં માનસશાસ્ત્રનાં અન્વેષણો તથા આલેખનની સચ્ચાઈ ઊંડી અસર કરે છે. કવિ મનુષ્યહૃદયના સારા કુશળ અભ્યાસી છે એમ ઘડી પણ લાગ્યા વગર રહેતું નથી. ડગલે ને પગલે એમનાં પાત્રો સ્વગત ઉદ્‌ગારો કાઢવા માંડે છે. હૃદયનાં ઘમસાણો, આક્રંદ તથા વિહ્‌વલતા ચીતરવામાં તો કવિને ઘણી જ સફલતા પ્રાપ્ત થઈ છે. શેક્સ્પિયરનાં ઘણાં શિષ્ટ નાટકોમાંનાં સ્વગત ભાષણો (soliloquy) જેવું તો અહીં લગભગ દરેક પાત્ર બોલે છે.

કવિનાં પાત્રો બુદ્ધિની સાધારણ સમજવાળાં છે છતાં હૃદયમાં તો ઘણાં કેળવાયેલાં છે. એમની લાગણીઓનું પૂર લગભગ સમય માનવજનમાં ઊછળતું આપણે જોઈ શકીએ છીએ; અને તેથી એ

સંવાદોનું ચિરંજીવપણું વધારે લાગે છે; અને તેથી જ એવું આબેહૂબ ભાવ આલેખન કવિના માનસશાસ્ત્રના અભ્યાસની ઝીણવટ બતાવી આપે છે. એ ચિન્તનોમાં ભરેલા ભારોભાર ફિલસૂફીના મહા પ્રશ્નો ફક્ત છેડીને જ તેમનાં પાત્રો અટકી જાય છે. એક નાટકકાર એથી વધારે શું કરી શકે ?

આખા નાટકમાંથી આવાં સ્વગત ભાષણો તારવી કાઢીએ તો કેટલાંક સુંદર સનાતન સત્યો મળી આવે તેમ છે. ઘણાં સાચાં નગદ સત્યો generalisations – કહેવાની ટેવ અસરકારક નીવડી છે. ઉપહાસમાં અથવા તો સામાન્ય પ્રસંગોમાં યે પાત્રો કેટલુંક અજાણતાં યે સત્ય બોલી ઊઠે છે—જેમાં લેખકની, કલાની સફળતા સમાયલી છે. અલબત્ત, એ રીતનો જ્ઞાનસંભાર, અથવા તો નીતિવચનના પાઠ બહુ આયાસથી અથવા તો તાણીતૂશીને લાવતાં, કેટલીક વાર પ્રત્યક્ષ બોધવચન જેવું થઈ જતાં, તેમાં કલાની ઊણપ અથવા તો અપકવતા આવી જવાનો ભય રહે છે; તેથી જ સૌન્દર્ય અને કલાને સપ્રમાણતાનો નિયમ જાણ્યે-અજાણ્યે કેટલીક વાર ઉલ્લંઘી જવા જેવું થયું છે.

**નાટકની ક્રિયા :** સ્થલ, કાલ અને ક્રિયાની ત્રિપુટીમાંથી આ નાટકના સંબંધમાં એમ કહેવું પડે છે કે આવાં વિચારપ્રધાન નાટકોમાં ક્રિયા, એકસરખી ક્રિયા – Actionની ઊણપ રંગભૂમિ ઉપર કદાચ કોઈને જણાય. સિનેમાનાં કૃત્રિમ, ચેતનહીન તથા કલાહીન ચિત્રપટો જોઈ ટેવાયેલા પ્રેક્ષકવર્ગની અધીરી આંખ ‘ પછી શું આવશે ?’ એ કુતૂહલતામાં એકેપગે થઈ રહી હોય છે. ત્યાં એને કેવળ સ્વપ્નદ્રષ્ટા ( idealistic ) પાત્રોનાં ઉરડહોળાણ અને હૃદયમંથનનાં કેવલ બુદ્ધિગમ્ય સંભાષણો કેટલીક વાર એકતાનભર્યાં અને તેથી કદાચ કંટાળાભર્યાં લાગવાનો સકારણ ભય છે; પણ આ નાટક કંઈ તેમને માટે નથી.

નાટકનો પડદો ઊપડતાં પાત્રોના જીવનની જે સ્થિતિ હોય છે તેનાથી આગળ તેમનો વિકાસ નાટકને છેડે જોઈ શકાતો નથી.

સ્વપ્નદ્રષ્ટાઓનાં આશાસ્વપ્નો સાચાં પડયાં કે નહિ, એ જાણવાની વાંછા તો પડદો પડયા પછી યે વણમહોરી જ રહી જાય છે. નાટકનો વિકાસક્રમ અથવા તો ક્રિયાનો વેગ આમ વિચારતાં કંઈક મંદ અથવા તો ફક્ત વિચારમાં જ પૂરો થઈ જતો લાગે છે. આ ઊણપ ભાવનાપ્રધાન કવિની દષ્ટિએ સકારણ છે. એમને તો ફક્ત પ્રેમસૃષ્ટિમાં અમુક વ્યક્તિઓનાં જીવનમાં શંકાનાં સામ્રાજ્ય બનાવવાનો આશય છે: અને તે આશય કેટલો સધાયો છે તેટલું જ વાચકને જોવાનું છે.

**નાટકનાં ગીતો :** નાટકોમાં ગીતોના સંબંધમાં ઘણી વખત ઢાળ અથવા તર્જની ખૂબી જેટલી લોકપ્રિયતા મેળવે છે તેટલી ગમે તેવી સુરસ શ્લોકબદ્ધ કવિતા પણ પ્રાપ્ત કરી શકતી નથી. કાલમાન સંગીત એ દશ્ય નાટકનું એક ન ભૂલવા જેવું અંગ છે. સંવાદ, અભિનય અને ગીત એ ત્રણનું એકત્ર વણી લીધેલું સ્વરૂપ તે નાટક : ત્રણે અંગ પરસ્પરોપકારક અને અન્યોન્યાશ્રયી હોવાં જોઈએ; તેમ અહીં ઘણે ભાગે છે.

આ નાટકમાંનાં ગીતોમાં સુકુમારતા છે; ભાવની ભભક આપતા કેટલાક ઢાળ ઘણા સુંદર છે. તેમાં યે જ્યારે લોકપ્રિય ઢાળને અનુરૂપ ભાષા પણ તેટલી જ સુંદર અને સચોટ આવી છે ત્યારે ગીત ઑર ખીલે છે. આ લાંબા થઈ જતા આમુખમાં ફક્ત તેમનો માત્ર નિર્દેશ કરીને જ અટકવું પડે છે.

પહેલા અંકમાંથી 'વીરરસ' ભર્યો કવાયતનો રાહ, 'દેવ ઘટઘટમાં રમે'વાળું 'ઘટમાં કાસી, ઘટમાં ગંગા, ભટકત કોન ફિરે' જેવા કબીરના ભજનનું હાર્દ જણાવતું આશ્રમવાદસીઓનું ગીત, વિશ્વમોહિનીની લીલાનો ગરબો, 'શું એ તે પ્રિય વસન્ત?'વાળો કવિત્વભર્યો મીઠો સોરઠ, 'છોડો મારી બૈયાં'વાળું સાખીમિશ્રિત ગીત, 'મારી મદભર આંખ ઘેરાણી'વાળો શ્રોતાઓનાં હૃદયને પણ ઝોલે ચડાવે એવો મધુરો 'મ્હાડ' એટલું તો ખાસ ધ્યાન ખેંચે છે.

બીજા અંકમાંથી, 'અહો સંતજી! પગ પાવડી પરથી જુઓ આ ખસી ગયો'વાળું તપોભ્રષ્ટ સાધકને ઉપાલંભ આપતું મનોહર ગીત, વનદેવીઓનો 'પ્રભાત,' નેત્ર અંધ બનેલા તેમ જ સંસારમાં પણ દિશાશૂન્ય બનેલા ચિદ્દઘનનો 'માલકોશ', 'જાઓ, જાઓ જ્યાં રાત ગુજરી'વાળી ખંડિતા નાયિકાની દક્ષિણ નાયક પ્રત્યે ઉક્તિ, 'કાજળકાળી રાતલડીમાં અંધકાર ઊભરાય'વાળો મીઠા સરોદભર્યો 'સારંગ'– એટલું તો લેખકની જમે બાજુ જણાવવા જેવું છે.

ત્રીજો અંક સંવાદોથી ભરચક છે: તેમાંના 'જગમાં ભાવ જરા ન જડે'વાળું એક નિરાશા ટપકતું 'ભૈરવી' ગીત, તથા 'મારી નાનીશી હોડી ડોલે એ થોડી થોડી'વાળું લોકપ્રિય ઢાળનું ગીત, સંવાદમાં આવતા ભાંગેલા વહાણના બહુ સૂચક તથા સફળ રૂપક સાથે ઘણું જ દીપે છે. આ અંકમાં લગભગ સંગીતની ઊણપ છે એમ કહીએ તો ચાલે. લાંબા સંવાદોથી દૃશ્ય જોતાં એકતાનતા લાગતી જાય છે; અને તે ટાળવા કંઈક સંગીતની તૃષા રહે છે. છેક છેવટનો પડદો પડતાં સુધી તે તરસ છીપતી નથી–એટલું ઉધાર બાજુ. છેવટમાં ભરતવાક્ય જેવું ન શોભત? શરૂઆત 'જન નયનજલ ઊભરાય'થી છે; સમાપ્તિ પણ 'હાસ્ય ખરું કે રુદન?' એ કવિના અગમ્ય કોયડાથી થાય છે.

પાત્રો: ચિદ્દઘન એક સ્વપ્નદ્રષ્ટા યુવક છે અને તે જગતના મહાપ્રશ્નો ઉકેલવા મથે છે. એ લગ્નને 'બંધન' કહે છે; પોતાની એ ધૂનમાં-પોતાની વિવાહિતા પત્ની સાથે પરણવા ના પાડે છે. છતાં એનો આત્મા વાસનાનાં તોફાન અને વિકારનાં પૂર સામે ઝૂઝતાં હારે છે. કર્તવ્યદિશાશૂન્ય એ હમેશાં કૂટ પ્રશ્ન – Enigmaમાં બોલે છે. શેક્સપિયરના હેમલેટ સાથે એના સ્વભાવનું ઘણું સામ્ય છે. ડગમગતો નિર્ણય, શંકાશીલ હૃદય, કેવળ ભાવનામય અને તેથી જગત માટે નકામો, એવો એનો સ્વભાવ છે. આત્મોદ્ધાર પહેલાં જગતોદ્ધારનાં એને સ્વપ્નાં આવે છે. ડગલે ને પગલે (અં. ૧ પ્ર.

૫.) એને વિચારવમળ તાણે છે; પોતાને એ તણાવા દે છે. પાછળથી પોતાની માનસિક નબળાઈ માટે એ પશ્ચાત્તાપના અગ્નિમાં પોતાનો આત્મા શુદ્ધ કરે છે.

ચંદ્રિકાનું આખું પાત્ર ચિદ્દ્ઘનનો ઈર્ષ્યાથી તિરસ્કાર કર્યા પછી સ્નેહમાં નિરાશા દેખવાથી સમગ્ર પુરુષજાત સામે બંડ કરવા તૈયાર થયેલી ટેનીસનની 'પ્રિન્સેસ'નો જ જાણે બીજો અવતાર લાગે છે. પહેલાં ફક્ત મનથી વહેમાતી, તેને ચિદ્દ્ઘન વહેમાવા કારણ આપે છે (અં. ૧, પ્ર. ૬). એક સ્નેહાળ વિવાહિત મુગ્ધા 'ખેંચી તીર મારો ના, ન ભોળું જિગર ભેદીએ'વાળું આજીજીભર્યું ગીત બોલે છે. 'શું પરણ્યા સિવાય સ્ત્રીઓ ચલાવી શકે નહિ?' એ પ્રશ્નનો ઉકેલ કરવા મથતી ચંદ્રિકા સરસ્વતીચંદ્રમાંની કુસુમનું સ્મરણ કરાવે છે. ચિદ્દ્ઘનના પતનથી તેના જીવનનો રસ વહી જાય છે, રંગ ફટકી જાય છે. એની એ પુરુષદ્રોહી ચંદ્રિકા આશ્રમની સેવિકા બને છે અને શશિકલાના વેશમાં અંધ ચિદ્દ્ઘનની સેવા ઉઠાવે છે. તે વખતે તેના હૃદયની સુકુમારતા અને ભાવની ભીનાશ સંપૂર્ણપણે જોઈ શકાય છે. એ પણ એક સ્નેહાળ સ્ત્રીહૃદય છે એમ લાગ્યા વગર રહેતું નથી. ચંદ્રિકા પહેલાં ચિદ્દ્ઘનને કહેતી કે 'મને ઉદ્ધારો, પછી જગતને ઉદ્ધારો. નહિ તો સ્વર્ગમાંથી પટકાશ (અં. ૧. પ્ર. ૨)' તે જ બીજ નાટકમાં અદૃશ્ય થતું છેક (અં. ૩. પ્ર. ૬) પૃ. ૧૬૫ ઉપર ફરી દેખા દે છે. આ પ્રવેશ લેખકની શક્તિને ખાસ માન પમાડે તેવો છે.

કુંજ એક શૃંગારી, પત્નીઘેલો પતિ છે; એમની રસસમાધિવાળો પ્રવેશ (અં. ૧; પ્ર. ૬) ચિદ્દ્ઘનના થનારા શતમુખ વિનિપાતનું જ કારણ બન્યો છે. એને ચિદ્દ્ઘનનો મિત્રદ્રોહ તેમ જ જેને પોતાની માનતો એવી વિલાસનો દ્રોહ બહુ આઘાત કરે છે. પ્રેમને એ માત્ર સ્થૂળ સૌંદર્યનું ખેંચાણ, અથવા તો કેવલ પશુતા જ માનનારો થઈ જાય છે. સ્ત્રીજાત તરફ ઉપરથી ધારણ કરેલી કઠોરતા એ બતાવે છે. એને મિત્રો તેમ જ આશ્રિતોના વિશ્વાસઘાત

ઉપરથી જગત સૂનું લાગે છે. 'મનુનો વંશ નિમકહરામ છે' એવા ઉદ્ગાર પણ આવી સ્થિતિમાં જ એ કાઢે છે. વહેમાયલો કુંજ વિલાસને નદીમાં ધક્કો મારે છે; પછી તેનું આક્રંદ (અં. ૩; પ્ર. ૨) પોતાના 'શંકિત હૃદય'ને બહુ ઠપકો દે છે; અને (અં. ૩; પ્ર. ૪) ઉર્વશી ઊડી જવાથી વિહ્વલ થયેલો પુરુરવા, અથવા આકાશમાં જતી રહેલી શકુન્તલા પાછળ આભો બનેલો દુષ્યંત, અથવા આશ્રમમાં સીતાને ન જોતાં અશોકવનમાં પોકારતા રામ જેવી કુંજની વિહ્વલતા બહુ સચોટતાથી લખાઈ છે. જ્યારે વિલાસ કહે છે કે 'મારો વાસનાદેહ સ્પર્શ કરતાં પીગળી જશે' ત્યારે કુંજનું વિવશ હૃદય પણ જાણે પીગળીને વહેવા માંડે છે. શાપિત માદ્રીને અડકવા જતાં પાંડુના જેવી આ પ્રસંગોની કરુણ સામ્યતા છે. આ આખો યે પ્રવેશ લેખકની કલાનો સફળ નમૂનો છે.

વિલાસનું પાત્ર ખાસ ઊંડી અસર કરતું નથી; એ સામાન્ય પાત્ર છે; છતાં કુંજ માટે તેનો તલસતો પ્રેમ, કુંજની વિહ્વલતા માટે અપૂર્વ લાગણી, વગેરે ખાસ ધ્યાન ખેંચે છે.

કવિ, કવિપત્ની, આશ્રમગુરુ, ડૉક્ટર, વકીલ, મિલમજૂરો, નટ વગેરેની નોંધ આ લાંબા થઈ જતા આમુખમાં મૂકી દેવી પડે છે. આધુનિક સમાજસેવાને અર્થે રંગભૂમિની સુધારણાના પ્રશ્નો છેડતાં લેખકે કેટલાક શિખાઉ નટનો પ્રસંગ યોજ્યો છે (અંક ૩; પ્ર. ૫). આવો જ એક પ્રસંગ શેક્સ્પિયરે પોતાની સમકાલીન રંગભૂમિ પ્રત્યે કટાક્ષ કરવા હેમલેટના અં. ૨; પ્ર. ૨ માં યોજ્યો છે એટલું જણાવ્યા વગર ચાલતું નથી. આ નાટકમાંની ભાષા માટે તો બિલકુલ લખી શકાયું નથી. છેવટમાં આ નાટક આપણી રંગભૂમિને ઉન્નત કરવા સાધનભૂત થાઓ એટલી જ પ્રાર્થના.

મંજુલાલ રણછોડલાલ મજમુદાર

# સારસંક્ષેપ

## અંક ૧ લો

**પ્રવેશ ૧ :** જગતનાં દુઃખ ટાળવાના વિચાર કરતો ચિદ્દઘન ગુરુના આશ્રમ પાસે આવે છે. ગુરુ પોતાનાં શિષ્ય-શિષ્યાઓને ગીત ગવરાવતા આશ્રમની બહાર નીકળે છે. ચિદ્દઘને લગ્ન સંબંધમાં ચંદ્રિકા સાથે ન જોડાવાની પકડેલી હઠ બાબત તેને સમજાવવા ગુરુએ બોલાવ્યો હોવાથી તેની રાહ જુએ છે. ચિદ્દઘન નજરે પડતાં તેને આવકાર દઈ લગ્ન કરવા આગ્રહ કરે છે. ચિદ્દઘન લગ્ન ન કરવાના નિશ્ચયને વળગી રહે છે.

**પ્રવેશ ૨ :** ગુરુથી સમજૂતી ન થયેલી હોવાથી ચિદ્દઘનને સમજાવવા ખાતર ગોઠવાયેલા ગરબાના સ્થળમાં ચિદ્દઘન પોતાના મનને મજબૂત કરતો પ્રવેશ કરે છે. વિલાસિની અને ચંદ્રિકા ગરબો ગવરાવતાં આવી માયાની મહત્તાનું ગાન ગાય છે. વિલાસિની, તેમ જ પાછળથી ગાનમાં મસ્ત બનેલો કુંજ આવી ચિદ્દઘનને લગ્ન ન કરવાના દુરાગ્રહ માટે ઠપકો આપે છે. ચિદ્દઘન પોતાના વિચારમાં મક્કમ રહેતો હોવાથી કુંજ અને વિલાસ ચાલ્યાં જઈ ચિદ્દઘન અને ચંદ્રિકાને સંકેત મુજબ એકલાં મૂકી દે છે. ચંદ્રિકાની ક્ષમા ચાહતો ચિદ્દઘન ચંદ્રિકાને મુખે વિલાસ તરફ પોતાના થતા આકર્ષણનો આરોપ સાંભળી જતો રહે છે.

**પ્રવેશ ૩ :** કવિ અને કવિપત્ની પોતાનો ગરીબ ઘરસંસાર આનંદથી ચલાવે છે. વકીલ અને ડૉક્ટર આવી સમાજસેવા થાય

એવું નાટક લખવા કવિને વિનતિ કરે છે, જે કવિ સ્વીકારે છે.

**પ્રવેશ ૪ :** કુંજે સ્થાપેલા દવાખાનામાં મજૂર દર્દીઓને તોછડાઈથી દવા આપતા ડૉકટરને ત્યાં ચિદ્દ્ઘન એક ગરીબ મજૂરણને દવા માટે મોકલે છે. વકીલ અને કવિ આવી ચિદ્દ્ઘનને મળે છે. ચંદ્રિકાએ વિલાસ તરફ થતા ખેંચાણનો આરોપ મૂકેલો હતો તેના વિચારમાં પડેલો ચિદ્દ્ઘન નવરાશે કવિને મળવા જણાવે છે. ચિદ્દ્ઘનની દેશાટન કરવાની ઇચ્છા અને તેની પાછળ સમાયેલું કારણ વકીલ અને કવિની વાતચીતમાંથી સૂચિત થાય છે.

**પ્રવેશ ૫ :** ચિદ્દ્ઘનની છબી લઈ ચંદ્રિકા વિચાર કરે છે. સખીને લગ્નના ફાયદા-ગેરફાયદાની વાત પૂછે છે. કવિનું લખેલું નાટક પસંદ કરાવવા વકીલ અને કવિ આવે છે. ચંદ્રિકા કંટાળતી હોવા છતાં વકીલ તેને ચિદ્દ્ઘન વિષે અણગમતા પ્રશ્ન પૂછે છે, અને તેનો વહેમ દઢ કરે છે. તેમના ગયા પછી ચંદ્રિકા ચિદ્દ્ઘનને ફરી એક વખત જોઈ આવવાની લાલચે કુંજને ત્યાં જવા વિચાર કરે છે.

**પ્રવેશ ૬ :** ચિદ્દ્ઘન સંસારના સ્વીકાર-અસ્વીકારના પ્રશ્નો વિચારતો કુંજના દીવાનખાનામાં એક ખૂણે બેસે છે. અચાનક તોફાને ચડેલાં વિલાસ અને કુંજ અહીં પ્રેમવાર્તા કરે છે. વિલાસિનીને હીંચકા ઉપર ઝુલાવી સુવાડી દઈ કુંજ દીવાનખાનાની બહાર જાય છે. અપ્રગટ રહી શૃંગારચેષ્ટા નિહાળતા ચિદ્દ્ઘનના હૃદયમાં વિલાસ માટે અસ્પષ્ટ રહેલું આકર્ષણ વ્યક્ત થાય છે. ઉન્માદમાં આવી તે સૂતેલી વિલાસને ચૂમે છે. એકાએક કુંજ અને ચંદ્રિકા આવી આ દશ્ય નિહાળે છે.

## અંક ૨ જો

**પ્રવેશ : ૧** શરમથી સંતાતા ફરતા ચિદ્દ્ઘનને નદીકિનારે સ્વપ્ન આવતાં દેવીઓ તેને મહેણાં મારતી પ્રકટ થાય છે. પોતાના

દોષથી અકળાઈ ચિદ્દ્યન આપઘાત કરવા પ્રેરાય છે. વનદેવી તેને તેમ કરતાં અટકાવે છે, અને પશ્ચાત્તાપનો ડંખ આખા જીવન સુધી સહન કરવાનો શાપ આપે છે. ડંખના શબ્દોચ્ચાર સાથે તે ખરેખર જાગી જઈ પોતાને પગે ડસતા સર્પને જુએ છે. ઝેર ચડતાં તે મૂર્છા પામે છે. ગુરુ એકાએક આ સ્થળે પ્રગટ થઈ ઝેર ચૂસી લે છે.

**પ્રવેશ ૨ :** અસ્થિર મનવાળા બનેલા કુંજની પાસેથી વકીલ, ડૉક્ટર તથા કવિ કોરા કાગળો ઉપર સહી કરાવી લે છે.

**પ્રવેશ ૩ :** ઝેરની અસર આંખે ઊતરવાથી અંધ સરખો બનેલો ચિદ્દ્યન પોતાના પાપનો પશ્ચાત્તાપ કરે છે. ગુરુ તેને આશ્વાસન આપે છે. પાપની જવાબદારી બદ્દલ ચર્ચા થતાં ગુરુને એકદમ પોતાનો ભૂતકાળ ચીતરાતો માલૂમ પડે છે. પોતાની યુવાવસ્થામાં ગુરુએ પોતાના મિત્રની સ્ત્રી તરફ કરેલી કુદૃષ્ટિ, અને તેને પરિણામે સ્ત્રીના થયેલા ઘાતનો દેખાવ આલેખાય છે. ગુરુ ચિદ્દ્યનના પિતા છે એ વાત અહીં પ્રગટ થઈ બાળકોના દોષની જવાબદારી માતાપિતા ઉપર હોવાનું સત્ય ગુરુને સમજાય છે.

**પ્રવેશ ૪ :** કુંજે કોરાં કાગળિયાં ઉપર કરી આપેલી સહીનો કેવી રીતે પોતપોતાના લાભ માટે ઉપયોગ થાય તેની ડૉક્ટર તથા વકીલ પેરવી કરે છે. કવિ પોતાના હાથમાં પણ તેવું કાગળિયું હોવાથી યોજનામાં પોતાને સામેલ રાખવા સમજાવે છે. ત્રણે જણ સંપથી કામ કરી મિલકતનો ઉપભોગ કરવા સંમત થાય છે.

**પ્રવેશ ૫ :** તરછોડાયલી ચંદ્રિકા પુરુષવર્ગ તરફ તિરસ્કાર દર્શાવતી કવિ, સખી અને ડૉક્ટર સાથે વાતચીત કરે છે. ડૉક્ટરની મલિન વૃત્તિનો ભાસ થતાં તેને રજા આપે છે અને પુરુષ સમસ્ત તરફના તિરસ્કારનો આવેશ વધી જતાં પોતાની ઓરડીમાં પુરુષોની મૂકેલી છબીઓ ફાડી નાખે છે. પિતાની છબી ફાડતાં અચકાય છે; ચિદ્દ્યનની છબી ફાડતાં હૃદયને અસહ્ય વ્યથા થાય છે.

**પ્રવેશ ૬ :** કવિપત્ની પોતાના પતિ માટે ઊંચો જીવ કરતી

સમય વિતાવે છે. બહારથી કવિ આવી ઘર ઉઘડાવવા માગે છે. કવિપત્ની રીસ કરે છે. કુંજની મિલકત હસ્તગત થવાની લાલચ બતાવતાં કવિપત્ની પારકી મિલકત ન લેવા આગ્રહ રાખે છે. કવિ ખુશ થાય છે.

**પ્રવેશ ૭ :** શંકાની વ્યથાથી પીડાતો કુંજ ભૂતકાળને ભૂલવાની દવા ખોળે છે. પ્રેમના અસંભવનો વિચાર કરતાં કોઈ પ્રેમમૂર્તિનું દૃશ્ય ખડું થઈ વાંસળી વગાડતું હોય એવો તેને ભાસ થાય છે. વિલાસ પણ વાંસળી સાંભળી ઝબકીને ગાતી ગાતી આવે છે. કુંજ વિલાસિનીને ન સમજાય એમ વ્યંગ સંબોધનો કરે છે. ચિદ્‌ઘનનું નામ વિલાસને મુખે સાંભળતાં અચાનક ઉન્માદવશ થઈ વિલાસિનીને નદીમાં ધક્કો મારી ફેંકી દે છે. વિલાસની ચીસ સાંભળતાં, અને પાણીમાં મગરને નિહાળતાં તે વિલાસને મગરથી બચાવવા ગોળીબાર કરે છે. વિલાસ વગર નહિ રહેવાય એમ ભાન થતાં તે પણ વિલાસની પાછળ નદીમાં કૂદી પડે છે.

## અંક ૩ જો

**પ્રવેશ ૧ :** કુંજની મિલકત સંબંધી કુલ સત્તા પોતાને મળ્યાથી વકીલ અને ડૉકટર ખુશ થાય છે. અકસ્માત્ કુંજના કારખાનામાંથી કાઢી મૂકેલા મજૂરો ચોરી કરવા આવે છે. ખિસ્સાં તપાસતાં વકીલ અને ડૉકટર પાસેના કાગળો કઢાવી ફેંકી દે છે, જે લાગ જોઈ કવિ ઉપાડી લે છે. ચોરોના ગયા પછી કાગળો પાછા માગતાં ઉડાવનારા જવાબ કવિ આપે છે.

**પ્રવેશ ૨ :** વિલાસની શોધ માટે નદીમાં ફર્યા કરતો કુંજ ભીનાં વસ્ત્રો સાથે બહાર નીકળી પશ્ચાત્તાપ કરે છે. ચોર લોકો કુંજની વીંટી લૂંટવા પ્રયત્ન કરે છે, એટલામાં કુંજને પોતાના માલિક તરીકે ચોરો ઓળખી કાઢે છે. પાસેની ગુફામાંથી કોઈનું

પ્રેત ગાતું હશે એવી ખબર સાંભળી, વિલાસનો પત્તો પ્રેત આપશે એવી આશામાં, કુંજ તે તરફ દોડી જાય છે. ચોર લોકો તેની સંભાળ માટે પાછળ જાય છે.

**પ્રવેશ ૩ :** છેલ્લી ફોડનાં થયેલી હૃદયવ્યથા ન મટવાથી ગુરુના આશ્રમમાં નિવાસ કરવાની ઇચ્છાથી ચંદ્રિકા આશ્રમ પાસે આવે છે. દૃષ્ટિ ખોઈ બેઠેલો ચિદ્દ્ઘન ગૂંચવાઈ ગયેલો કોઈ પોતાને દોરી લઈ જવા આશ્રમનાં કેટલાંક બાળક-બાળકીઓ વગેરેને વિનતિ કરે છે. કોઈ તેને સાંભળતું નથી. ચંદ્રિકા તેની આ સ્થિતિ જોઈ સહાય આપવા તત્પર થાય છે. પાસે આવી ધ્યાનથી જોતાં ચિદ્દ્ઘનને ઓળખી તેની સારવાર અર્થે આશ્રમમાં રહેવાનો નિશ્ચય કરે છે.

**પ્રવેશ ૪ :** વિલાસિનીની ભ્રમણામાં ગુફાની આસપાસ ફરતો કુંજ ગુફામાંથી ગાન આવતું સાંભળતાં તેમાં પ્રવેશ કરી હીંચકા ઉપર વિલાસને ગાતી નિહાળે છે. તેને ભેટવા જતાં વિલાસ પોતે ભૂત છે એમ જાહેર કરે છે. કુંજનો અસહ્ય પશ્ચાત્તાપ. વિલાસ પાપ ભરેલી હશે તો યે તેના વગર પોતે નહિ રહી શકે એમ તે પોતાનો પ્રેમ વ્યક્ત કરે છે. વિલાસ પોતે ભૂત છે એમ હજી પણ જણાવે છે. સૂર્યોદય થતાં ભૂતને અલોપ થઈ જવું પડતું હોવાથી કુંજને રાત્રે ફરી આવવાનો આગ્રહ કરી વિલાસ કુંજને ગુફાની બહાર મોકલી આપે છે.

**પ્રવેશ ૫ :** કવિનું રચેલું નાટક ભજવવા માટે શૃંગાર, વીર વગેરે રસના જાણીતા ખેલાડીઓ તથા એક પારસી કવિ અને નટ, વકીલે આપેલી જાહેરાત પ્રમાણે કુંજના મકાનમાં ભેગા થાય છે. પોતપોતાની શક્તિ અને આવડતનું પ્રદર્શન કરે છે. નાટકમાં રહેવાને બહાને આવેલો એક ગામડિયો ચોરનો ભાવ ભજવી વકીલ, ડૉકટર તથા કવિનાં કુંજની સહીવાળાં કાગળિયાં કવિએ કરેલા સંકેત પ્રમાણે ફાડી નાખે છે. નિરાશ થઈ વકીલ અને ડૉકટર નાટકની વાત બંધ કરે છે.

**પ્રવેશ ૬ :** શશિકલાના નામથી છૂપી રહેલી ચંદ્રિકાને સાથે

લઈ સુધરતી જતી આંખોવાળો ચિદ્દઘન ફરવા નીકળે છે. શશિકલાના તોફાનની પાછળ પોતાને માટે તેનો પ્રેમ રહેલો હશે એમ ભય પામી ચિદ્દઘન તેને એ લાગણી ન વિકસાવવા સમજાવે છે. ત્યાં અચાનક ચંદ્રિકાને ખોળવા નીકળેલા ગુરુ ચંદ્રિકાનું નામ ઉચ્ચારે છે, એટલે ચિદ્દઘન ચંદ્રિકાને ઓળખે છે.

પ્રવેશ ૭ : સૂર્યાસ્તની રાહ જોતાં કુંજને ગામડિયો ફળ ખવરાવવા આગ્રહ કરે છે. તે ન ખાતાં કુંજ તરંગે ચડી જાય છે. કવિ કુંજને ખોળવા આવે છે. તેને એક ઊંચા ટેકરાને શિખરે સૂર્યને વહેલો આથમવાની વિનતિ કરવા દોડી જતો તે જુએ છે. ગુરુ, ચિદ્દઘન અને ચંદ્રિકા પણ કુંજ અને વિલાસિનીની શોધ કરતાં, અહીં ભાળ મળશે એમ ધારી, આ સ્થળે ભેગાં થાય છે. ગુફામાંથી વિલાસ જેવા સ્વરૂપની ઝાંખી થતાં પશ્ચાત્તાપના આતશથી બળતો ચિદ્દઘન અંદર ક્ષમા યાચવા માટે દોડી જાય છે. રોતા ચિદ્દઘનનું રુદન સહન ન થતાં વિલાસ તેને લઈ સમજાવતી બહાર આવે છે. સર્વને ભેગાં થયેલાં જોઈ વિલાસ આશ્ચર્ય પામે છે. દિવસ છતાં વિલાસને પ્રકાશમાં સર્વની સમક્ષ ઊભેલી નિહાળી શિખર ઉપર બેઠેલા કુંજની ખાતરી હોય છે કે વિલાસ ભૂત નથી. પ્રેમના આવેશમાં તે વિલાસને સંબોધે છે. પોતાની પાછળ ઘેલછાથી ભટકનાર પ્રેમીને ભેટવા વિલાસ હાથ લંબાવે છે. કુંજ શિખર ઉપરથી કૂદી પડી વિલાસના હાથમાં જઈ પડે છે. સ્નેહમાં રહેલા આત્મત્યાગનો વિચાર કરતાં સઘળાં સ્તબ્ધ બને છે.

## પાત્રો

**કુંજવિહારી** : એક ધનાઢ્ય, વિલાસી તથા પરોપકારી યુવક.
**વિલાસિની** : કુંજવિહારીની રમતિયાળ પત્ની.
**ચિદ્દ્ઘન** : કુંજવિહારીના કુટુંબમાં ઊછરેલો માતપિતા વગરનો ઉચ્ચાભિલાષી યુવક.
**ચંદ્રિકા** : ચિદ્દ્ઘન સાથે વાગ્દાન થયેલી ધનવાન યુવતી.
**વકીલ**
**ડૉક્ટર**
**કવિ**
} ચિદ્દ્ઘનના સમાજસેવાના કાર્યમાં સહાય કરવા માટે કુંજવિહારીએ રોકેલા પગારદાર ગૃહસ્થો.
**ગુરુ** : કુંજ તથા ચિદ્દ્ઘન વગેરે સાથે સારો પરિચય ધરાવનાર, આશ્રમ ચલાવતા એક સાધુ.

ઉપરાંત કવિપત્ની, સખી, ચોર, વનદેવીઓ, નાટકમાં ભાગ લેવાની ઇચ્છા રાખનારા ગૃહસ્થો, વગેરે.

## અનુક્રમ


| | |
|---|---|
| અંક ૧ લો | ૩૬ |
| અંક ૨ જો | ૭૫ |
| અંક ૩ જો | ૧૩૦ |



**મુદ્રણો**

આવૃત્તિ ચોથી : જાન્યુઆરી : ૧૯૫૦

પાંચમું પુનર્મુદ્રણ : ડિસેમ્બર : ૧૯૫૬

**છઠ્ઠું પુનર્મુદ્રણ : શતાબ્દી વર્ષ : મે, ૧૯૯૨**

પ્રત : ૭૫૦

# અંક પહેલો

## પ્રવેશ પહેલો

સ્થળ : ઉપવનમાં આશ્રમ.
સમય : ત્રીજો પહોર.
પાત્રો : ચિદ્દ્ઘન, આશ્રમનાં બાળકો, ગુરુ, વકીલ, ડૉક્ટર.

ચિદ્દ્ઘન :

1 શાને જનનયને જલ ઊભરાય ?
કોમલ કંજ બીડાય હાય—શાને.
શાને જનનયને જલ ના સમાય ?
ધુમ્મસ વરસે, જગ સહુ ભીંજે.
નયનો અટકે શ્યામલ પડદે :
રવિકિરણ શું છુપાય ! હાય !
શાને જનનયને જલ ઊભરાય ?—શાને.

---

1 રાગ-છાયાનટ સાખીસહ

૨ : શંકિત હૃદય !

જગને કયમ જડતો નથી ઇલ્મી કે હકીમ ?
અંધકાર ઓસરીને રેલે તેજ અસીમ—
શાને જનનયને જલ ના સમાય ?
મહેલાતો જગ માંહે મનભર,
તો ય ગરીબ અછત્ર નિરંતર !
રુદન ઘોર ગવાય ! હાય,
શાને જનનયને જલ ઊભરાય ?

નર નારી બાલક યુવા સહુનાં નયન ભરાય,
ઉલેચવા અશ્રુ તણો ઉદધિ કોણ ઉપાય ?
શાને જનનયને જલ ના સમાય ?

માગ, માગ ઓ દુઃખી દુનિયા ! મારી પાસેથી જે જોઈએ તે માગ ! હું મારો દેહ તારી સેવામાં અર્પણ કરું છું ! મારો પ્રાણ નૈવેદ્યમાં મૂકું છું ! હું એકનો થઈશ નહિ ! હું સઘળાંનો થઈશ ! સમગ્રમાં વહેંચાઈશ ! મારા અણુઅણુ વિખેરી નાખી સારી આલમ ઉપર હું ભભરાવીશ ! દુનિયા હજી દુઃખી છે ! માનવ જાતને મુક્તિ મળી નથી ! રોગ આગળ તે લાચાર છે ! દારિદ્રય તેનાં ડગલાંમાંથી જ ખરે છે ! હજી તેના ગાનમાં કલેશ અને કંકાસ જ છે; અને તેની કલા અને કવિતામાં આંસુની ભીનાશ ભરી છે ! નહિ, નહિ ! મારા સ્વાર્થી સંબંધો હું તોડી નાખું છું ! એકનો મટી અનેકનો થાઉં છું !

[ ચિદ્દઘન આમતેમ ફરે છે. ગુરુ તથા બાળકો ગાનાં ગાતાં આવે છે. ]

ગુરુ તથા બાળકો

૧ વીરરસે રસબસ સહુ બનીને કુમકુમ આંટી ભાલ;
સાચતણી સમશેર હસ્ત માં, ક્ષમા તણી ધરી ઢાલ;

---

* કવાયતનો રાહ

શૂરા સિપાહી આવો !
ક્ષત્રીવટનો શુભ લ્હાવો,
જગને નૂતન બતલાવો,
યોજીને વ્યૂહ વિશાલ !

ધર્મતણો ગગને તેજસ્વી ફરકાવો ધ્વજ શ્વેત;
બંધુભાવની વીરગર્જના ગર્જી બનો સચેત.

મરવાની મર્દાઈ
દાખો નિત્ય વીંધાઈ,
હસતાં જખમોને ચાહી
ભેટો મૃત્યુ ધરી વ્હાલ !

દયાતણા ડંકા ગડગડતા, પ્રેમલ તાતાં તીર;
પરિધાન પરમાર્થ તણાં, ને અળગાં મૂકો શિર.

ન્યાય તણી ધરી બેલ,
જીવન મુક્તિનો ખેલ
ખેલો સંયમથી સ્હેલ
ભેદીને તિમિર કરાલ !

રણમાં ઊતર્યો વીર કદી નહિ પગ પાછો ધરનાર;
ધીરે ધસ્યો એ જાય જંગમાં ચોટ નહિ ચુકનાર.

રણમાં જીત્યો કહાવે,
પ્રભુસ્મિતને બહલાવે,
જય લક્ષ્મી પહેરાવે,
એને મનહર વરમાળ.

ગુરુ : બનો, બચ્ચાંઓ ! સાચના સિપાઈ બનો ! મરવું સહેલ છે
[ આસન ઉપર બેસે છે. છોકરાં ફરતાં ફરતાં રમે છે. ]

(સ્વગત) આજે મેં ચિદ્‌ઘનને બોલાવ્યો છે. સહુ કોઈ કહે છે કે તેનો આત્મા ઝબકી ઊઠ્યો છે! કોઈ કહે છે કે તે ઘેલો થયો છે! શું હશે? વળી તેનાં લગ્ન કરવાનાં હતાં તે પણ બંધ રહ્યાં! તેને એ બંધન જોઈતું નથી! ચંદ્રિકા સરખી યુવતી સાથેનાં લગ્ન તેને બંધનરૂપ લાગે તો એ ખરેખર વિરાગ પામ્યો; અગર...અગર શું? ઢોંગ પણ હોય! માણસ પોતાની જાતને પણ છેતરી શકે છે!

[ચિદ્‌ઘન પ્રત્યક્ષ થાય છે.]

અહો! એ તો અહીં જ છે!

[ચિદ્‌ઘન નમસ્કાર કરી પાસે આવે છે. ગુરુ ઊભા થઈ તેની પાસે જાય છે.]

આવ્યો ભાઈ?

ચિદ્‌ઘન : જી હા! થોડી વાર થઈ આવ્યે! આશ્રમની આસપાસ ફરતો હતો. અમને શહેરીઓને રહેતાં જ નથી આવડતું! આપનું સ્થાન કેટલું સુંદર છે?

ગુરુ : તારું મકાન પણ ક્યાં સુંદર નથી?

ચિદ્‌ઘન : મારું મકાન? મારે રહેવાનું મકાન જ નથી!

ગુરુ : એમ કેમ? તું લગ્ન કર, એટલે કુંજ તને જુદું જ મકાન આપશે.

ચિદ્‌ઘન : હું કુંજવિહારીનો ભાઈ નથી; હું તો તેમનો આશ્રિત છું! નાનપણમાં જ માતાપિતા ચાલ્યાં ગયાં એટલે તેમણે મને એક નાના ભાઈ તરીકે ઉછેર્યો. એ તેમની મહત્તા છે! પરંતુ તેમની મિલકતમાં મારો કશો હિસ્સો નથી. સહુ કોઈ ભૂલ કરે છે, અને એમ જ માને છે કે હું કુંજનો નાનો ભાઈ છું!

ગુરુ : પણ કુંજવિહારી જ મને કહી ગયા હતા કે તારું લગ્ન નક્કી

થયું છે, અને એ જ મકાનમાંથી [1]બરાત નીકળવાની છે! મને પણ બોલાવ્યો હતો! લગ્ન પહેલાં કાંઈક બે વાત કહેવાની મારી ઇચ્છા હતી. તું માને છે તેવો તું મિલકત વગરનો નથી. તારા પિતાએ તારા માટે ઘણી મિલકત મૂકેલી છે!

ચિદ્‌ઘન : હવે એ મિલકત મારે ન જોઈએ. એ બોજો મારાથી ઊપડે એમ નથી!

ગુરુ : ઊપડે કે ઊપડે! પણ તારાં લગ્ન પછી તને એ સઘળું મળવું જ જોઈએ.

ચિદ્‌ઘન : એ લગ્નમાં પણ હું બંધાવાને તૈયાર નથી!

ગુરુ : લગ્નને બંધન કહેનાર તું જ નીકળ્યો!

ચિદ્‌ઘન : માફ કરજો! પણ આપે ક્યાં લગ્ન કર્યું છે? આપ એકલા જ છો અને આશ્રમ ચલાવો છો!

ગુરુ : (હસીને) ઓ બેવકૂફ! સાધુઓની સાથે બેસવાનું કાંઈ કારણ? મારી ઉંમર જો, મારો આશ્રમ જો, મારું કર્તવ્ય જો. અને કેમ જાણ્યું કે મેં લગ્ન નહિ કર્યું હોય? વળી તારું વચન તું ભૂલી જાય છે!

ચિદ્‌ઘન : કયું વચન?

ગુરુ : લગ્ન પછી તું અને તારી પત્ની મારા આશ્રમમાં આવશો, રહેશો અને આશ્રમ ચલાવશો એમ તેં કહેલું એ યાદ આવે છે? હું નિવૃત્તિ માગું છું! તું જલદી તારી પત્ની સાથે અહીં આવ એમ ઇચ્છું છું! આશ્રમનો વિસ્તાર! એને વિદ્યાનું અને ધર્મનું કેન્દ્રસ્થાન બનાવ! નવું અને જૂનું જ્ઞાન ભેળવ, અને હિંદને તથા જગતને ભૂષણરૂપ થઈ પડે એવાં બાળકબાળકીઓને તૈયાર કર!

ચિદ્‌ઘન : મહાત્મન્ એ યાદ છે. પરંતુ હજી પૃથ્વીપરિક્રમા બાકી છે: જગત અને જગતનાં દુઃખ જોવાં બાકી છે. એ જગત પૂરું જોઈશ, દુઃખને પૂરાં પારખીશ, અને અનુભવથી પરિપક્વ થયેલો

[1] વરઘોડો

હું પાછો આવીશ. પછી મને જણાશે કે મારે લગ્ન કરવું જ પડશે તો હું લગ્ન કરીશ! હમણાં તો હું છૂટો છું અને છૂટો જ રહીશ.

ગુરુ : મૂર્ખ છોકરા! પંડ અને બ્રહ્માંડ એક જ છે; માનવજાત એક જ છે; તેનાં દુઃખ પણ એક જ જાતનાં છે! અહીં પણ રોગ છે અને અમેરિકામાં પણ રોગ છે; હિંદમાં યે ગરીબી છે અને જાપાનમાં પણ ગરીબી છે; હિંદમાં યે વિષયવાસના છે અને યુરોપમાં યે એ જ છે! વધાને ફર્યાથી વધારે જાણવાનું મળતું નથી.

ચિદ્દઘન : મારો નિશ્ચય હજી ફરતો નથી.

ગુરુ : चंचलं हि मनः कृष्ण प्रमाथी बलवदृढम !

[ વકીલ તથા ડૉકટર દૂર પ્રવેશ કરે છે ]

વકીલ : જોયું આ એક નવું તૂત? ડૉકટર! પૈસાદારોને ધૂન લાગવી જોઈએ! પેલા અહીંના સાધુ છે અને કુંજને પૈસે આશ્રમ ચલાવે છે!

ડૉકટર : કહે છે ને કે સાધુ માટે મિલકત જુદી છે?

વકીલ : એ તો ઠીક છે બધું! કુંજને પૈસો ખૂટતો નથી એટલે આવાંતેવાં તોફાનોમાં પૈસા વેર્યે જ જાય છે. આપણા ચિદ્દઘન દેશની સેવા કરવા નીકળ્યા છે; પણ તે કોના પૈસા? કુંજના પિતાએ ઉછેર્યા, કુંજે મોઢે ચડાવ્યા, એટલે જાણે માલિક પોતે હોય એવો ડોળ કરે છે! પણ તે પૈસા કોના?

ડૉકટર : અને આપને વગર કામે વકીલ તરીકે રાખ્યા છે તે પૈસા કોના?

વકીલ : દુનિયામાં એક અત્યંત મહત્ત્વનું કાર્ય વકીલો કરે છે!

ડૉકટર : શું છે?

વકીલ : બેવકૂફોની પાસે વધારે પડતા હોય તે પૈસાને ફરતા કરી દે છે!

ડૉકટર : જો, જો! હવે નમસ્કાર કર! આપણા ભણી જુએ છે; ચાલ–

[ ગુરુની પાસે આવે છે ]

ગુરુ : આવો ભાઈ ! આપ ક્યાંથી પધારો છો ?

[ નમસ્કાર કરી વકીલ તથા ડૉક્ટર ઊભા રહે છે. ]

ચિદ્‌ઘન : જી, એ તો મારા મિત્રો છે. સહજ પાછળ રહી ગયા હતા. આ વકીલ છે :અને આ ડૉક્ટર છે. કુંજવિહારીને કાયદાની તેમ જ વૈદ્યકીય સલાહ આપવા માટે બન્નેને યોજ્યા છે, પરંતુ તે ઉપરાંત તેઓ મને ઘણા ઉપયોગી થઈ પડ્યા છે.

ગુરુ : બહુ સારી વાત છે ! પણ તેની શી રીતે ઉપયોગી થઈ પડ્યા છે ? અદાલતોમાં તું કજિયા લડતો હોય તેમ જાણવામાં નથી, અને તારો દેહ જોતાં હજી લાંબા વખત સુધી ડૉક્ટરની દોસ્તી વિના ચાલે એવું લાગે છે.

વકીલ : આપ બરાબર સમજ્યા નહિ ! ચિદ્‌ઘનની પરોપકારી પ્રવૃત્તિ એટલી બધી વિસ્તાર પામી છે કે તેમનાથી એકલે હાથે પહોંચી વળાય જ નહિ. કંઈક સંસ્થાઓને કાગળો લખવા હોય; કંઈક ગૃહસ્થોને સલાહ આપવાની હોય; દરરોજ એકબે સભાઓ તો ભરવાની હોય જ ! આવાં આવાં કામોમાં હું તેમને મદદ કરું છું. મને પણ સમાજસેવાનો શોખ લાગ્યો છે !

ગુરુ : એ શોખ બહુ સાહુ સારો છે ! અને આ ભાઈ શું કરે છે ?

ડૉક્ટર : ચિદ્‌ઘન, કુંજવિહારી, વિલાસીની વગેરે અમારાં મુરબ્બીઓ આપની મુલાકાતે ઘણી વખત આવે છે. આપને એમની પ્રવૃત્તિનો પરિચય કેમ નથી ?

ગુરુ : ભાઈ ! હું તો જૂના જમાનાનો બાવો છું ! જૂની ઢબનો આશ્રમ માંડી રહ્યો છું. મારે ત્યાં સમાજ જ નથી, પછી તેની સેવા ક્યાં રહી ? સહુ પોતપોતાના સેવક ! અને હું થોડુંઘણું વૈદક જાણું છું એટલે ડૉક્ટરની જરૂર જ પડતી નથી !

ચિદ્દઘન : ગુરુદેવ ! એ તો અમારી મિલો, અનાથાશ્રમો વગેરેમાં સ્ત્રી, પુરુષ, બાળક જે કોઈ અસ્વસ્થ હોય તેને આરામ આપવાના ઉદ્દેશથી ડૉકટરને યોજ્યા છે. સમાજસેવાના એ સઘળા નવીન વિચારો છે !

ગુરુ : તમારા નવીન વિચારો ઉપર ઈશ્વરના આશીર્વાદ વરસો ! અને તે સફળ થાઓ ! મારો ઈશ્વર તો સેવા માગતો જ નથી–

[ બધાં બાળકોને ગવરાવે છે. ]

હે...દેવ ઘટઘટમાં રમે !
નથી એહ પૂજા માગતો,
નથી સેવના સંભારતો...
હે...દેવ ઘટઘટમાં રમે !
નથી પૂછતો તેં કેટલા ઉદ્ધારિયા;
નથી માગતો હિસાબ તેં કો તારિયા;
તું આપમાં જગબાપ ભાળી
કેમ ના વિરમે ?
ભલા, એ દેવ ઘટઘટમાં રમે – હે...દેવ
તું ભાવના ભંડાર તુજ બસ ખોલી દે,
તું આંખથી આંસુ સદા યે ઢોળી દે.
શાને તને ઝોળી અને
સાધુની ટોળી ગમે ?
ભલા, એ દેવ ઘટઘટમાં રમે – હે...દેવ

# બીજો પ્રવેશ

સ્થળ : કુંજવિહારીનો બગીચો

સમય : સંધ્યા

પાત્ર : ચિદ્દ્ઘન, વિલાસ, ચંદ્રિકા, કુંજ, તથા ગરબો ગાતી બાલિકાઓ

ચિદ્દ્ઘન :

૧ તોફાન આ બસ કરો મનના તરંગો !
આત્મા યશસ્વી મુજનો તમથી ન ડૂબે :
વૈરાગ્યશીલ હ્રદયે ન વિકાર ચૂંબે :
અંબુજ આ ખીલ્યું નથી તમ કાજ ભૃંગો !

૨ શ્યામ સાઢી સજી સુંદરી રમતી સુટઘટ માંહ્ય;
વિશ્વવિલાસે વિહરતી માયા મધુર સોહાય.

[ વૃક્ષની ઓથે આવેલી એક બેઠક ઉપર બેસે છે. વિલાસિની અને ચંદ્રિકા અન્ય બાલિકાઓ સાથે ગરબો ગાતાં પ્રવેશ કરે છે. ]

બાળાઓ :

ચિદ્દ્ઘન : ( સ્વગત ) એ જ માયાના મધુર મોહપાશ તોડવા આજ ચિદ્દ્ઘન તત્પર થયો છે !

[ ગરબો આગળ વધે છે. ]

બાળાઓ : ૩ રચી વિશ્વગોલ ઘેરા, શાં રૂપ લે અનેરા,
રમે મંમાયા મોહિની મનોહરી
આત્માચંદ્ર સાથ ખીલી એ અનંત પોયણી–રચી

---

૧ વસંતતિલકા. ૨ સાખી. ૩ ઢાળ–'શો શંખનાદ ગાજે.'

૧ ગરબે ફરી ગરવા ગોળ ગોરી સદા ઘૂમતી :
યુગયુગને ઠમકે દિવ્ય લીલાભરી નર્તતી;
સ્મિત શરીમાં ને અટ્ટહાસ્ય સૂર્યમહીં પૂરતી;
ચપલાની ચંચલ ચાલ પ્રીતમ ભણી અભિસરતી—
હસીને પ્રેમ સીંચી ખિલાવે જગબાગ—
મીઠી માલણી અપૂર્વ કોઈ જાદુભરી—રચી.

૨ માયા તણા લલિત અંક મહીં વિરાજી,
ખેલે અનેકવિધ ખેલન માનવીઓ;
આલિંગનો અવનવાંથી સમષ્ટિ વ્યાપી,
ફેલી અખિલ જગમાં નિજ ગોળ ચૂમી—રચી.

૩ હસતાં રમતાં પ્રભુમાં ભેળવનારી, સ્વચ્છંદે ત્રિભુવન જીતનારી !
અંધારે ભવ્ય ચમક ભેળવનારી, અશ્રુમાં મોજ ઝીલવનારી—રચી

[ ગરબો બંધ થાય છે; બાળાઓ વીખરાઈ જાય છે; વિલાસ ઓથે બેઠલા ચિદ્‌ઘનને જુએ છે. ]

વિલાસ : અહો ! તમે અહીં જ છો કે શું ? ભવિષ્યના ભીષ્મને આમ ચોરીછૂપીથી સ્ત્રીઓનાં ગાન સાંભળવાં ઘટિત નથી.

ચિદ્‌ઘન : ગરબા સાંભળવા આમંત્રણ આપો છો અને આમંત્રણ આપીને આવું અપમાન કરો છો ? વાહ ! પરંતુ, ખરું જોતાં મેં તમારું ગાન સાંભળ્યું નથી, પણ ગાનની ફિલસૂફી વિચારી છે. એટલે હવે મારો દોષ જતો રહ્યો !

વિલાસ : રસિકતા જગતમાં રેલાય છે, તેમાંથી આ ફિલસૂફીના ફૂચા ક્યાં સુધી ચૂસશે ?

ચિદ્‌ઘન : ફિલસૂફીને ફૂચા કહેશો ? તમે કહો જ; કારણ તમારી માબાની ફિલસૂફી ઘણી જ અધૂરી છે.

---

૧ ઢાળ-'આવો ને સખીઓ આજ રસતાળી પાડા.' ૨ વસંતતિલકા
૩ ઢાળ- 'કાનુડા તારી કામણ ગારી'

વિલાસ : અધૂરી હોય તેની હરકત નહિ; મધુરી હશે તો બસ છે. જુઓ, આ ચંદ્રિકા તમને માયાની ફિલસૂફી અધૂરી પણ મધુરી રીતે સમજાવશે.

[ ચંદ્રિકાને આછો ધક્કો મારે છે અને તે ચિદ્ઘનનો હાથ ઝાલી લે છે. વિલાસ હસે છે. ]

ચિદ્ઘન! ચંદ્રિકાને ખોશો તો પછી ક્ષણપ્રકાશ વીજળીઓની પાછળ ભયાનક બની ગયેલા ગાઢ અંધારઘનસમું જીવન વ્યતીત કરવું પડશે.

[ ગાતાં ગાતાં કુંજ દૂરથી આવે છે. ]

કુંજ :

૧ ફૂલની સાંકળે જગ ગૂંથતી,
શું એ તે પ્રિય વસન્ત ?—ફૂલની૦
હસતી રમતી વનમાં જનમાં,
ચાલે લટકંતી રંજનમાં :
કોકિલકંઠે અલિગુંજનમાં
ગાન કરી વિલસંત—ફૂલની૦
મોહમધુ સચરાચર પાતી,
ભરયૌવન મહાલે મદમાતી :
વસન્ત પુષ્પપરાગે નહાતી,
કે તુજ પ્રિય હસંત ?—ફૂલની૦

ચિદ્ઘન : વિલાસિની! તમારા પાશમાંથી કુંજવિહારીને ક્યારે છૂટા કરશો ? દેશનું કેટલું દુર્ભાગ્ય, કે આ વ્યક્તિની દુનિયા તમારાથી આગળ વધી જ નથી !

[ કુંજ પાસે આવે છે. ]

કુંજ : કેમ, તમારા ચિદ્ઘન શું કહે છે ? ( ચિદ્ઘનને ) ખરું,

૧ રાગ-સોરઠ

આજ તો તારી મૂર્તિમાંથી કોઈ અવનવા તેજનાં કિરણો ફૂટે છે? બસ, જાણે ક્રાઇસ્ટ કે ઝોરાસ્ટર! વિલાસ! લાવ, આપણે આ મહાત્માની છબી પાડી લઈએ!

વિલાસ : એ તો દેશનાં દુર્ભાગ્ય ઉપર રડે છે. તમે મારા પાશમાંથી છૂટા થઈ જાઓ ને?

કુંજ : એ શું વળી?

વિલાસ : કેમ? ચિદ્દઘને પણ લીધું છે કે પોતે પરણવું નહિ અને તમારા જેવા પરણેલા હોય તેમનું પરણવું ફોક કરવું!

ચિદ્દઘન : મોટાભાઈ! જગતને હવે ભોગવિલાસની ક્યાં સુધી જરૂર રહેશે? આપણા ભવ્ય મહેલોના ઝરૂખામાંથી કદી ય આપણે ગરીબની ઝૂંપડી ઉપર દૃષ્ટિ ફેરવી છે? આપણે પાલખીમાં બેસીને નીકળીએ છીએ ત્યારે મહાકષ્ટથી રસ્તો કાપતા અપંગનો કદી વિચાર કરીએ છીએ? અને વિચાર આવતા હોય તો એ સ્થિતિ ટાળવા કયા પ્રયત્નો આપણે કર્યા? આપણા બાગ અને મહેલમાં ગરીબોને આવવા મનાઈ કેમ છે? આપણી ગાડીઓ વૃદ્ધ, દુઃખી અને અપંગને ઘેર શા માટે જતી નથી?

વિલાસ : આ તો આપણા ઉપર ધાડ આવી!

કુંજ : એ બધું કબૂલ! પરંતુ તેમાં લગ્ન કરવાની શાનો ના પાડે છે? જગજ્જનોના ભાગ્યની વિષમતા ટાળવા ભલે ને સાધુ થા કે લૂંટારો! પરંતુ તમારી ગુફા સાચવવા કે તારી ઝોળી સીવી આપવા ચંદ્રિકા તારી જોડે આવે એમાં તારું શું જાય છે?

ચિદ્દઘન : આ લગ્નની સંસ્થા સ્થાપનાર ઉપર અનેક શાપ કેમ ઊતરતા નથી? ભાઈ! મારા આદર્શોની સિદ્ધિમાં લગ્ન એક મહાન વિઘ્ન છે એમ જાણ્યા પછી હું મારી સંકલ્પસૃષ્ટિને રદ કરીશ?

કુંજ : હવે પાગલ થઈ ગયો ! એની સાથે વાત શી કરે ?

વિલાસ : ( કુંજને ) ચાલો ચાલો; પેલા સરોવરમાં હંસ દોડવા લાગ્યા !

[1] દેહ રજતવાદળીસમી, ચંચુ રત્નજડિત;
બિલ્લોરી જળમાં રમે, યુગલ હંસ મુજ નિત્ય.
ભેટે ભેટે ને તો ય ભૂખ્યાં એ ભાવનાં !
ચૂમે ચૂમે ને તો ય તરસ્યાં રહે –
ભાળે – નિહાળે તો ય તૃપ્તિ ન નયનમાં !
આત્મા અનંગ અંગઅંગમાં વહે –
પીધે અમીરસ ના ખૂટે, યુગયુગભરનાં પાન,
જીવનરસ એ પ્રેમનાં કોણે દીધાં દાન ?
આંખમાં ઉજાસ ભર્યો, હૈયે ઉલ્લાસ;
વ્હાલસોયાં એ જોડલાં શેં છૂટયાં છૂટે ?
દેહમાંહી દીપતા કો હૈયાના રાસ !
સ્નેહતૃપ્તિની લ્હાણુ એમ બેલડી લૂંટે !
ભેટે ભેટે ને તો ય–

[ બન્ને એકબીજાનો હાથ પકડી ઉતાવળથી જાય છે. ]

ચિદ્દઘન : ચંદ્રિકા ! કેમ વગર બોલ્યે ઊભી રહી ? બોલ ને ? મને માફ કરીશ ?

ચંદ્રિકા : ના.

ચિદ્દઘન : ચંદ્રિકા ! તું ઘેલી છે.

ચંદ્રિકા : તેથી જ આમ ઘા કરવા સહેલા થયા છે. ખરું છે, ઘેલાંને કોણ સંઘરે ?

ચિદ્દઘન : ચંદ્રિકા ! સૂર્યને એકલો જ તપવા દે ! દુનિયાને હમણાં એ જ જોઈએ !

---

1 સાખી–ગરબી.

ચંદ્રિકા : કદી ન બને; દિવસ તમારો અને રાત અમારી. ચિદ્દઘન! બાળપણમાં રોપેલા છોડને ય ફૂલ આવે છે. એ ફૂલને અકાળે તોડી અગ્નિમાં નાખનાર દયાળુ હૃદયે જગતોદ્ધારના ઢોંગ જવા દેવા જોઈએ. પહેલાં મને ઉદ્ધારો, પછી જગતને! નહિ તો હું તમને અને તમારા જગતને સ્વર્ગમાંથી ખેંચી લાવી પૃથ્વી ઉપર પટકીશ!

ચિદ્દઘન : મારું હૃદય શુષ્ક થઈ ગયું છે, પથ્થર બની ગયું છે!

ચંદ્રિકા : એ પથ્થરમાંથી પાણીનાં ઝરણ વહેતાં મેં જોયાં છે.

ચિદ્દઘન : ક્યારે?

ચંદ્રિકા : વિલાસ ઉપર આંખ ઠરે છે ત્યારે!

ચિદ્દઘન : ચંદ્રિકા! તું શું બોલી?

ચંદ્રિકા : જે ખરું છે તે હું બોલી!

ચિદ્દઘન : મારી પવિત્રતા ઉપર શંકા લાવનારની સાથે હું બોલતો બંધ થઈ જાઉં છું. જતી વખતે તને હું મળવાનો હતો, હવે નહિ મળું.

ચંદ્રિકા : એ તો હું જાણું જ છું. જેને મળવાના છો તેને મળજો, એટલે બસ,!

ચિદ્દઘન : હવે મારે જવું એ જ યોગ્ય છે. (જતાં જતાં) મારા ઉપર આરોપ? વિલાસિનીને જણાવવું પડશે...પણ...પણ અહીં યે વિલાસિની કેમ સાંભરે છે? (જાય છે.)

ચંદ્રિકા : (સ્વગત) આ શી મૂર્ખાઈ મેં કરી? ઈર્ષ્યાની ઓ ઝેરી આંખ! તારી કીકીના કાચમાં કેમ રંગ પુરાયલા રહે છે? સર્વસ્વનો ત્યાગ કરનાર આ તપમૂર્તિને શું હું અન્યાય નથી કરતી?...અને કદાચ એ વિલાસને ચાહતા હશે તો યે મને ગમશે ત્યારે?

## ત્રીજો પ્રવેશ

સ્થળ : કવિનું ઘર.

સમય : સવાર.

પાત્ર : કવિ, કવિપત્ની, બાળકો, વકીલ તથા ડૉક્ટર,

કવિ : 'મને વ્હાલી લાગી પ્રથમ મળતાં હું તુજ થયો.'
જો, તું સ્થિર બેસી રહે. નહિ તો મારો કાવ્યતરંગ એકદમ ઊછળતો બંધ પડી જશે અને દુનિયાને ભારે ખોટ જશે.

કવિપત્ની : મોઈ 'વ્હાલી' લાગી તો! જઈને બાઝો કોટે! પણ મને શું કામ ખોટી કરો છો?

કવિ : 'પ્રાણેશ્વરી! વૃત્તિની જીવનસાથ કેરી.'
તું જાણે છે કે અમે કવિઓ પ્રિયતમાને નજર બહાર રાખી શકતા નથી! 'મને એ મોં અતિ પ્યારું' વગેરે વગેરે.

પત્ની : બળ્યું ભાઈ! આ શો રાતદિવસ લવારો? કોઈ સાંભળે તો યે લાજી મરીએ.

કવિ : મૂકી દે લાજ ને લજ્જા, ન પરવા રાખ દુનિયાની!
કદી ઇશ્કે ધરી લજ્જા, મઝા ખોશે તું દુનિયાની!
મારી રચેલી 'ગઝલગર્જના'માંથી!

પત્ની : મારા ક્યાં ભોગ લાગ્યા કે તમે કવિ પાક્યા?

કવિ : તારા ભોગ લાગ્યા તે પહેલાંનો હું કવિ છું! કેવી અરસિક? પ્રભુને પ્રણામ કર કે મારા સરખા કવિશ્રેષ્ઠ સાથે તારું ભાગ્ય જોડાયું!

૧ કર પ્રભુને તું પ્રણામ, સજની !
કર પ્રભુને તું પ્રણામ !
ભાગ્ય અલૌકિક તારું સમજજે,
કવિગૃહમાં તુજ ઠામ – સજની૦

પત્ની : પ્રભુને અને તમને બન્નેને પગે લાગીને હું હવે એટલું જ માગું છું કે બોલે બોલે કવિતા ન ગાશો.

કવિ : બોલે બોલે, હાંહાં રે બોલે બોલે,
એ કોનું હૈયું દીસે ચડયું ઝોલે – બોલે બોલે.
મારી શીઘ્ર કવિતા !

પત્ની : બેઠા બેઠા કર્યા કરો માથાકૂટ ! મારે તો આખી રસોઈ બાકી છે.

[ કવિપત્ની જાય છે. ]

કવિ : બૈરાંને રસોઈ કેમ આટલી વહાલી હશે ? સવારથી રાત સુધી એની એ જ ગડમથલ ! અને અમારાં આ સહધર્મચારિણી તો વળી રાતમાં યે બેઠાં થઈને પાકશાસ્ત્રના પ્રયોગો આદરતાં હોય છે ! આપણે સ્વપ્નમાં ધવલગિરિ કે કાંચનજંઘાના શિખરો ઉપર પ્રભાતસૂર્યનાં કિરણોમાં નહાતા હોઈએ, ત્યાં તો અમારા અનુપમ સુંદરી હાથમાં કડછી ને સાંણશી, વેલણ ને ચીમટા લઈ રમતાં રમતાં પધારે છે. વખતે તેમણે કોયલાની માળા ધારણ કરેલી હોય છે; કદાચ ગ્લેડસ્ટનની માફક લાકડાં ચીરવાની લલિતકળામાં પરોવાયલાં હોય છે; કદી કદી ઘરનાં ગંગુબાઈ કે સખુબાઈની સાથે પટા ખેલતાં હોય છે, કે કોઈ પાડોશણ સાથે કુસ્તીના પેંતરા જમાવતાં હોય છે. શી અનુપમ દેખાવોની પરંપરા ! એ તો,

---

૧ ધન્યાશ્રી

'અનુભવીનું અંતર જાણે રે,
શકે વર્ણવી કેમ કવિ'[1] ?'

પ્રિયતમે, પ્રાણવલ્લભે, દિલારામ ! આમ આવશો ? પાણીભર્યો જામ લાવશો ?

[ બે બાળકો આવે છે. ]

કાવ્યની ગતિ પલટાઈ. હવે બોલો :
'આવો આવો આમ, હે બાળકો તમામ !'

બાળકો : બાપાજી ! આજે અમે તમારી સાથે નથી બોલવાના.

કવિ : ( સ્વગત ) આ તો ભયાનક રસ ! ( પ્રકાશ ) કેમ, કેમ બેટા ! શા માટે બોલવાના નથી ? તમે ન બોલો તો હું ખાઉં નહિ.

પહેલો બાળક : અમારે માટે ઘોડાગાડી તો હજી મગાવી નહિ.

બીજો બાળક : અને પેલો રસબિંદુ રોજ ગાડીમાં બેસી નિશાળે આવે છે, મને બેસાડવાનું કહે છે, અને હું બેસવા જાઉં છું ત્યારે એનો નોકર મને હાથ ઝાલી કાઢી મૂકે છે. અમારે એક ઘોડાગાડી જોઈએ.

કવિ : અરે. છટ્ટ છટ્ટ ! જેના પગ ભાંગ્યા હોય તે ગાડીમાં બેસે. ગાડી શા માટે જોઈએ ? કેવા ફૂટડા પગ તમને ઈશ્વરે આપ્યા છે ? એને જો વાપરીએ નહિ તો પગે સોજા ચડી જાય.

પહેલો બાળક : રસબિંદુને પગે તો કાંઈ સોજા નથી ચડ્યા.

કવિ : નહિ ચડ્યા હોય તો હવે ચડશે !

[ બહારથી બૂમ પડે છે. ]

કવિરાજ ! છો કે ?

કવિ : માગનાર હોય તો હું ઘરમાં નથી; અને માગનાર સિવાય કોઈ મારે ઘેર આવે એવી મૈત્રી રાખતું નથી.

[1] દયારામ.

[ વકીલ અને ડૉક્ટર પ્રવેશ કરે છે. ]

કવિ : પધારો, પધારો, ભાઈસાહેબો ! અમારી મઢૂલી તો ગ મઝાની છે !

**‘ તમારાં શા કરું સન્માન ? ’**

[ બાળકો નવાં માણસોને આવેલાં જોઈ અંદર ચાલ્યાં જાય છે. ]

વકીલ : કવિ તમે જ છો એમ તો લાગે છે.

કવિ : જી હા ! મારા દેખાવથી કદાચ તેમ ન લાગે તે માટે મારી ભાષાની હું સહાય લઉં છું.

ડૉક્ટર : આપ નાટકો લખી શકો છો ?

કવિ : નાટકો ? એકલાં નાટકો તો શું, પરંતુ કાવ્ય, નવલકથા, નવલિકા, નિબંધ, વિવેચન, સમાજશાસ્ત્ર, ભૌતિકશાસ્ત્ર એમ કોઈ પણ સાહિત્યના અંગને હું ખીલવી શકું એમ છું. સાહિત્યના ક્ષેત્રમાં મારા સરખો બીજો કોઈ ખેલાડી હાલ તો નથી જ.

વકીલ : એ સંબંધમાં અમારી ખાતરી જ છે. અમારે હાલ તમારી સહાયની જરૂર છે. અમારા ધનાઢ્ય મિત્ર કુંજવિહારીને તો તમે જાણતા હશો. તેમની માન્યતા એવી છે કે સમાજની સેવા નાટક દ્વારા જેટલી થઈ શકે એટલી બીજા કશાથી થાય એમ નથી.

કવિ : એ માન્યતા ખરી છે.

ડૉક્ટર : અને તેથી જો આપ અમને સમાજસેવા થઈ શકે એવું નાટક રચી આપો તો ઉપકાર થાય.

કવિ : ભલે, ભલે ! પણ એ નાટક ભજવાવું જોઈએ.

વકીલ : તેની તજવીજ અમે કરી છે.

કવિ : અને...જો કે હું સાહિત્ય વેચતો નથી, બુદ્ધિવિક્રયને હું પાપ

માનું છું...પરંતુ પારિતોષિક રૂપે મારા નાટકની કદર કરવાનો ખ્યાલ તો આપ નહિ ભૂલો એમ હું આશા રાખું છું.

વકીલ : તમારું નાટક પસંદગી માટે લાવજો એટલે બધો સામટો વિચાર થશે. અમે હવે રજા લઈશું. નાટક તો મઝાનું હશે ?

[ નમસ્કાર કરી વિદાય થાય છે. ]

કવિ : મઝા ?

'ક્યાં છે મઝા ? ક્યાં છે મઝા ? કહે તું મુસાફર ખલકના !'

## ચોથો પ્રવેશ

સ્થળ : કુંજવિહારીએ સ્થાપેલું દવાખાનું.

સમય : સવાર.

પાત્ર : ડૉકટર, મજૂર સ્ત્રી, મજૂર, વીજળી, ચિદ્ઘન, કવિ વકીલ, વગેરે...

ડૉકટર : આ નવા જમાનાના માલદાર બેવકૂફોને નવી જ વેલાઈ લાગી છે! મજૂરોને તપાસો, મજૂરોનાં છોકરાંને તપાસો, તેમની ગંદી ચાલો તપાસો, તેમનાં વજન લ્યો અને માપ લ્યો! મજૂરો તે એમ સુખી થાય?

[ એક બાળકને લઈને મજૂર સ્ત્રી આવે છે.]

મજૂર સ્ત્રી : સાહેબ! હવે કાં તો મને મારી નાખો કે છોકરાને મારી નાખો. આખી રાત એને ઉધરસ અને મને ઉધરસ; તાવ બિલકુલ ખસતો જ નથી.

ડૉકટર : બસ, હું જાણું છું તેં દવા નહિ પાઈ હોય. છોકરાએ કેટલું દૂધ પીધું?

મજૂરસ્ત્રી : દૂધમાંથી અડધું તો આપના માણસે જ રાખી લીધું, અને બાકી રહેલું છોકરાના બાપ પી ગયા!

ડૉકટર : ભોગ તમારા! એમાં હું શું કરું (કૉમ્પાઉન્ડરને) એને 'કન્ટીન્યુ' કરી આપો.

[ પગ કપાયલો મજૂર આવે છે.]

મજૂર : બાપજી ! ફરી રાતે લોહી નીકળ્યું. એવા સણકા મારે છે કે દુઃખ વેઠ્યું જતું નથી.

ડૉકટર : બેસી નહિ રહ્યો હોય ! કહ્યા પ્રમાણે જો બેસી નહિ રહે તો મરી જઈશ, સાલા ! મરી જઈશ.

મજૂર : બેસી તે કેમ રહું ? રાતના મારી ઘરડી માને વીંછી કરડચો. ઘરમાં કોઈ જ નથી, એટલે ઊઠીને તેલમીઠું તો ઘસવું પડે ને ?

ડૉકટર : માને બચાવવી હોય તો તું મરજે. જા, જઈ પાટો બંધાવ.

[ એક જુવાન મજૂરણ આવે છે. ચિદ્દઘન આવીને છુપાઈ ઊભો રહે છે. ]

આવ આવ, વીજળી ! હજી તારું દરદ ના મટ્યું, ખરું ?

વીજળી : ( હસીને ) તમે મટાડો ત્યારે મટે ને ?

ડૉકટર : તારો બુઢ્ઢો મરી જાય એટલે કોઈ જુવાનને પરણજે. તે વગર તું માંદી જ રહેવાની.

વીજળી : જાઓ જાઓ. ડૉકટર સાહેબ ! આવું શું બોલો છો ? મારો ધણી બુઢ્ઢો છે એમાં તમારી આંખ કેમ કાતરિયાં ખાય છે ?

ડૉકટર : ( સ્વગત ) બુઢ્ઢા ધણીની જુવાન ઓરતોની બધે એ જ દશા છે ! ( પ્રકાશ ) લાવ વીજળી ! તારો હાથ. નાડી જોઉં.

વીજળી : ( હાથ આપીને ) આટલા જોરથી હાથ ન દબાવો તો નાડી ન જોવાય ?

ડૉકટર : એ તો જેવો દર્દી ! તારી નાડી જેટલા જોરથી ઊછળે એટલા જોરથી હાથ દબાવીએ નહિ તો રોગની ખબર ન પડે, સમજી ?

વીજળી : બળ્યું આમ ડૉકટરોની પાસે જવું ! લાવો, હવે જે દવા આપવી હોય તે લખી આપો.

ડૉકટર : દવા કેવી આપું, વીજળી ? ગળી ગળી કે ?

વીજળી : ( હસતાં હસતાં ) ના જી, ખટમધુરી ચાલશે !

ચિદ્દઘન : ( સ્વગત ) આ ડૉકટર શું કરે છે? મજૂરોના દેહને આરામ મળે એ અર્થે ભારે પગાર આપી, વિલાસિનીને ખાસ ભલામણ કરી, મેં જ તેને નીમ્યો છે. પૈસાનો શું આ ઉપયોગ થાય છે?

[ એક નાની છોકરી રડતી રડતી આવી ડૉકટરને પગે પડે છે. ]

છોકરી : બાપજી ! મારી માથી બોલાતું નથી, અને હું ઘરમાં એકલી જ છું. જરા ઘેર આવીને દવા આપી ન જાઓ ?

ડૉકટર : ( તુચ્છકારથી ) આ છોકરી શું સમજતી હશે ? તને ખબર છે કે ઘેર જવાના પૈસા પડે છે? સારી ફી દસ રૂપિયાની છે તે લાવી છે ?

છોકરી : બાપજી ! હું દસ રૂપિયા ક્યાંથી લાવું ?

ડૉકટર : જા ત્યારે, અત્યારે મને ફુરસદ નથી.

[ છોકરી રડતી રડતી જાય છે. ચિદ્દઘન પ્રગટ થાય છે. ]

ચિદ્દઘન : છોકરી ! ચાલ મારી સાથે. હું ડૉકટરને તારે ઘેર મોકલું. કેમ ડૉકટર !

ડૉકટર : ( સ્વગત ) આ બલા ક્યાંથી આવી ? ( પ્રકાશ ) જી જી, પધારો ! આપણા મજૂરોની તંદુરસ્તી તપાસું છું. સ્થિતિ સારી છે, મારા આવ્યા પછી—

ચિદ્દઘન : આપે આ છોકરીને ઘેર જવાની ના કેમ પાડી ? ઘર અહીં જ છે; અને ખાનગી રીતે ફી ન લેવી એવી આપણી શરત છે.

ડૉકટર : હા, સાહેબ ! તે હું બરાબર પાળું છું. આ તો અહીંના દર્દીઓને એક વખત તપાસી લઈને, પછી એને ઘેર જાઉં તો અનુકૂળ પડે, એટલા માટે મેં એને પાછી મોકલી.

ચિદ્‌ઘન : પેલી વીજળી કોણ છે?

ડૉક્ટર : (સ્વગત) વીજળીનો ઝબકારો આમણે પણ જોયો કે શું? (પ્રકાશ) એ તો, સાહેબ! આપણા એક મજૂરની સ્ત્રી છે. ક્ષયરોગની તેને શરૂઆત લાગે છે. આવાં દર્દીઓને જરા આનંદમાં રાખવાં જોઈએ, એટલે કાંઈક નિર્દોષ ગમ્મતથી તેને રીઝવતો હતો. આનંદની અસર દવા જેવી જ છે.

ચિદ્‌ઘન : એ આનંદ એકાદ દર્દીને જ આપો છો કે બધાં ય ને?

ડૉક્ટર : જી, સગવડ મુજબ બધાંયને. (સ્વગત) અધિકાર પ્રમાણે.

[કવિને લઈને વકીલ પ્રવેશ કરે છે.]

પધારો, વકીલસાહેબ! આ જ પેલા કવિ કેની?

કવિ : (સલામ કરીને) હું જ કવિ! (સ્વગત) ગતિમાં જાણે રવિ, કલ્પના મારી મુગ્ધા નવી, અને અલંકારો ઊઠું છું લવી!

ચિદ્‌ઘન : ડૉક્ટર! તમે પ્રથમ આ છોકરીની માને જોઈ આવો. કવિ! આપને હું થોડી વારમાં બોલાવીશ. કેટલાક મજૂરોની સ્થિતિ જોવી છે એટલે જરા આપ થોભી જાઓ.

કવિ : જી હા, થોભવાને હરકત નથી. (સ્વગત) અત્યાર સુધી થોભેલા જ હતા. આપણી પ્રગતિ બે માર્ગે અત્યાર સુધી તો થઈ છે. એક લેણદારોની સંખ્યા વધારવામાં અને બીજી... બાળકોની સંખ્યા વધારવામાં. જગત ઉપર ઉપકાર છે ભલા! થોભવા માટે કાંઈ જ હરકત નથી.

[ડૉક્ટર જાય છે. વકીલ અને કવિ એક બાજુએ ઊભા રહે છે.]

ચિદ્‌ઘન : (સ્વગત) હૃદય કેમ ભારે થઈ ગયું? ચંદ્રિકાનું મહેણું સહન ન થયું. ખરી વાત સહન થતી નથી એમ કહેવાય છે. શું ખરું હશે? વિલાસિનીને ખુશ રાખવા શું હું આ બધા પ્રયત્નો કરું છું? અલબત્ત, મને સારા કામમાં પ્રેરનાર એ જ પ્રેરણાદેવી છે; એના સ્મિતમાં હું મારો થાક વીસરી

જાઉં છું; એના પ્રોત્સાહનથી હું પહાડ ડોલાવવા તત્પર થાઉં છું; અને એની આજ્ઞાથી હું તારાને યે તોડી લાવવા મથન કરું છું. હૃદયમાં શું વિલાસનું સામ્રાજ્ય છે? પરંતુ આમાં ચંદ્રિકા અશુદ્ધ ખેંચાણની કલ્પના શા માટે કરે છે? શું પુરુષ અને સ્ત્રી વચ્ચે કામ સિવાય બીજું આકર્ષણ હોઈ શકે જ નહિ. બીજી સ્ત્રીઓ તરફ મારી દૃષ્ટિ ઠરતી જ નથી. ચંદ્રિકા પણ ઝાંખી લાગી, અને જીવન એના વગર વિતાવવા હું તૈયાર થયો છું. ચિદ્‌ઘન! કઠણ પરીક્ષા છે.

[ જાય છે. ]

કવિ : આ ગૃહસ્થ બહુ ગૂંચવણમાં પડ્યા લાગે છે.

વકીલ : દુનિયાનો ઉદ્ધાર કરવાને તેઓ નીકળી પડવાના છે. અહીંથી જતાં જરા ભારે પડતું હશે.

કવિ : કેમ?

વકીલ : માલિકનાં બાઈ સાથે બહુ લટપટ કરે છે એટલે અહીંથી કાઢવાનો તેમણે આ રસ્તો કર્યો લાગે છે. ભાઈને બહુ ચડાવ્યા, એટલે હવે દેશાટન કરશે!

કવિ : એ બાઈ કેવાં છે?

વકીલ : કેમ કવિરાજ! કલ્પના બહુ દોડવા લાગી? બાઈને જોશો તો ઝંખવાઈ જશો. ભલભલાંને પાણી ભરાવે એમ છે!

કવિ : ત્યારે તો આપ પણ બેડાં લઈને નીકળી પડતાં હશો! આપણું યે નામ ઉમેદવારમાં દાખલ કરી દેજો! પારકી બૈરીઓનાં પાણી ભરવાને અડચણ નથી; ઘરમાં નામોશી લાગે!

વકીલ : તમે પણ વેદિયા ઢોર જ લાગો છો. ચાલો, હવે તમારું નક્કી કરી દઈએ.

[ જાય છે. ]

## પ્રવેશ પાંચમો

સ્થળ : ચંદ્રિકાનો ઓરડો.

સમય : બપોર.

પાત્ર : ચંદ્રિકા, એક સખી, વકીલ અને કવિ.

ચંદ્રિકા : (ચિદ્દ્ઘનની છબી જોતી જોતી)

**૧ ખેંચી તીર મારો ના! ન ભોળું જિગર ભેદીએ!**
**શ્યામ નયન વારો ના! શું આશ આમ છેદીએ?**
**કનકનો ભરેલો જામ! અધર પર કરે આરામ!**
**ઝૂંટવીએ ન આમ હો!**
**ન ભોળું જિગર ભેદીએ!**

દિલ લૂંટાવી રહીએ દૂર! જીવનચંદ્ર ઢાંકે નૂર!
**એવા શાને ક્રૂર હો?**
**ન ભોળું જિગર ભેદીએ!**

અરે, હું કોની છબી લઈ ઘેલી બનું છું? મને એ મુખ કેમ ગમે છે? શા માટે તેનું સ્મરણ મને રોમાંચ ઉપજાવે છે? એના જીવનમાં, એના હૃદયમાં મને સ્થાન નથી; સ્થાન હતું ત્યાંથી મને હડસેલી નાખી દીધી. તો પછી હું પણ એને મારા હૃદયમાંથી ધક્કો મારું અને ફેંકી દઉં!...ધક્કો મારું? ફેંકી દઉં? ના ના. કેવું

---

૧ લય—ઊંડા સંચાં જાગો રે

કોમળ શરીર છે! ફેંકી દઉં તો વાગે નહિ? મારા પ્રાણ! અંતરમાં શું વિરાગ જાગ્યો? કે આંખમાં વિલાસનાં અંજન અંજાયાં?...વિલાસ! હા હા, વિલાસ જ મારા માર્ગમાં વચ્ચે આવે છે! એની વાંકી ભ્રૂકુટિમાંથી તેજનાં શર નીકળે છે અને તે ગમે તેના હૃદયને વીંધી નાખે છે. એના મુખ ઉપર સ્મિત ફેલાય છે, અને સામું હૃદય જાળમાં બંધાય છે. મને એવાં લટુડાં કરતાં નથી આવડતું! (સહજ હસીને) શું પુરુષો વગર સ્ત્રીઓને ચાલે જ નહિ? પરણ્યા સિવાય સ્ત્રીથી જિવાય જ નહિ? મારાં માતાપિતાએ અખૂટ ધન મારે માટે મૂક્યું છે. શા માટે હું ચિદ્ઘનને પરણવા મથતી હતી? પરણીને પરતંત્રતા સ્વીકારવા?

[એક સખી આવે છે.]

સખી : કેમ બહેન! આ ઝાબીઓ લઈ કેમ ફરો છો? બહુ ભણ્યાં માટે બહુ ઘેલાઈ કાઢતાં, કેમ?

ચંદ્રિકા : હું છબી લઈએ વિચારું છું કે સ્ત્રીઓ શા માટે પુરુષોને ખોળે છે? સુંદર સ્ત્રી અને કદરૂપા પુરુષ! લલિત અંગના અને કઠોર નર! સ્ત્રીજાત કેમ ભ્રમમાં પડી છે? શા માટે તે પુરુષના જીવનમાં સમાઈ જાય છે? તું તો પરણી છે; તું જણાવીશ કે લગ્નમાં શું સુખ છે?

સખી : લગ્ન કર્યા પછી જ તું એ જાણી શકે!

ચંદ્રિકા : જેમણે લગ્ન કર્યાં છે તેમને તો હું જોઉં છું. પુરુષના સામું જોઈ ચાલવું; તેની પૂતળી કે ચાકરડી બનવું; બાળકોની જેટલી જંજાળ તે ઊભી કરે એટલી માથે વહોરવી; અને અંતે 'તમે બીજી પરણજો' કહી મરવું! આ સિવાય લગ્નમાં બીજું શું સુખ છે તે તું મને બતાવીશ?

સખી : ચિદ્ઘનને લગ્નની ના પાડી માટે તારા વિચારો ફરી ગયા, ખરું? ચિદ્ઘન નહિ તો બીજો કોઈ!

ચંદ્રિકા : ગાંડી થઈ શું? જેની આશા તેણે જ નિરાશ કર્યાં, તો હવે હું બીજાને ખોળીશ? એવું શું નથી ચાલતું પુરુષ વગર? મારે તો ચિદ્દઘન; નહિ તો બીજું કોઈ જ નહિ.

સખી : જો જો, પેલું કોણ આવે છે?

ચંદ્રિકા : લોકોને કઈ વખતે આવવું તે પણ આવડતું નથી.

[વકીલ અને કવિ આવે છે.]

વકીલ : બાનુ! આપના પાસે ચિદ્દઘને આવવાનું એમને કહ્યાથી અમે આવ્યા છીએ. (નવીન ઢબે ઓળખાણ કરાવતાં) આ કવિરાજ! આ ચંદ્રિકા!

ચંદ્રિકા : આપ જાણો છો કે મારા મનની સ્થિતિ સહુ સારી નથી.

કવિ : પ્રેમી અને દર્દી, એ બેનાં મનની સ્થિતિ સારી નથી.

સખી : (સ્વગત) આ ચાંપલો વળી કોણ છે?

વકીલ : ત્યારે આ કવિનું નાટક આપ નહિ વાંચી શકો?

ચંદ્રિકા : નહિ જી. આપ સર્વને પસંદ પડે તો ભજવવું.

વકીલ : પસંદ તો સર્વને પડ્યું છે. માત્ર આપની જ પસંદગી ઉપર બાકી હતું.

કવિ : પ્રાચીન તેમ જ અર્વાચીન સર્વ પ્રયોગો એમાં ઉતાર્યાં છે. છેક નવીન શૈલીનું ડોલન પણ તેમાં છે. એક પ્રસંગ સંભળાવું :

પુષ્પો હસતાં હતાં!
બોલતાં'તાં બુલબુલો!
રડતાં ચકવો અને ચકવી
સરવરિયાની બે પાળ્યે!
પુરદ્વારની કમાનો શી
નમેલી ભમ્મરે,
ટમ ટમ ટમકતાં નયને
આત્માનાં અજવાળાં રેડતી,
સાળુડો સંકોરતી,

ચમકંતી ટીલડીભર્યો
પાલવડો પ્રસારતી,
હતી એ કોણ નવયૌવના ?
જાણે ચંદ્રીએ આકાશગંગાની
ઓઢણી ઓઢી !

સખી : આ નાટક છે ? સમજાતું તો છે જ નહિ.
કવિ : આ લોકોત્તર કાવ્ય છે, સભારંજની શૈલી નથી.
ચંદ્રિકા : મારી પસંદગી માની લેજો.
વકીલ : અમે ત્યારે રજા લઈએ !
ચંદ્રિકા : જી હા ! પધારજો. (સ્વગત) પાપ ગયું.
વકીલ : (પાછાં ફરી) હું બહુ દિલગીર છું. પરંતુ આપનો અને મારો સંબંધ જોતાં આપને એક સલાહ આપવા હિંમત કરું છું. (સખીને) બહેન ! જરા પાંચ મિનિટ અંદર બેસશો ? કવિરાજ જરા દૂર ઊભા રહો ને—

[સખી જાય છે; કવિ જતાં જતાં]

કવિ : દૂર, દૂર, સુદૂર !
વકીલ : ચંદ્રિકા ! ચિદ્દઘને તમારું ભયંકર અપમાન કર્યું છે.
ચંદ્રિકા : એ મારી ખાનગી કે અંગત બાબત છે.
વકીલ : એટલા માટે જ હું આપને ખાનગી રીતે કહું છું કે આપ એ અપમાનનો બદલો સારી રીતે લઈ શકશો.
ચંદ્રિકા : કેવી રીતે ?
વકીલ : નુકસાનીનો બદલો માગી તમે ચિદ્દઘનને અદાલતમાં ઘસડી શકશો. હું તમારો વકીલ થઈશ.
ચંદ્રિકા : ચિદ્દઘન, મને નુકશાની ? અપાવી શકશો ?
વકીલ : તે જુદી વાત છે. પૈસા મળી શકશે.
ચંદ્રિકા : તેની મારે ખોટ નથી. આપનો તો ચિદ્દઘન; નહિ તો બીજું કાંઈ નહિ.

વકીલ : એક ધૃષ્ટતા કરું ?

ચંદ્રિકા : શી છે ?

વકીલ : ચિદ્‌ઘનને ના કેમ પાડી તે જાણો છો ?

ચંદ્રિકા : હું કાંઈ જ જાણતી નથી.

વકીલ : કહેવું ખોટું, પરંતુ વિલાસિની અને ચિદ્‌ઘન બે જુદાં પડવાં જોઈએ.

ચંદ્રિકા : (સ્વગત) આ લોકો પણ મારી માફક વહેમાય છે. (પ્રકાશ) એ બાબત જે તે જાણે. મારે કાંઈ પણ જાણવાની જરૂરી નથી.

વકીલ : ચિદ્‌ઘનને ના પાડી એટલે હવે આપે આગળનો વિચાર તો કર્યો જ હશે.

ચંદ્રિકા : આપે કાંઈ પણ પૂછવાની જરૂર નથી. મારે કામ છે. આપ હવે પધારો. (વકીલ સહજ દૂર જાય છે.) શિકાર અને શિકારીની ભાવના હજી પુરુષ અને સ્ત્રીના સંબંધમાંથી ગઈ નથી. હું જો ઈશ્વર હોઉં તો એક ક્ષણમાં દુનિયાને પુરુષ વગરની બનાવું. ફક્ત એક ચિદ્‌ઘનને છેલ્લી વાર જોતી આવું.

[ અંદર જાય છે. ]

કવિ : કેમ, વકીલસાહેબ ! તમાચો ખાધા જેવું મુખ કેમ લાગે છે?

વકીલ : કાંઈ નહિ, ભાઈ ! સાક્ષી ફરી જાય છે અને દાવો માર્યો જાય છે.

કવિ : અરે, એમાં હરકત શી ? ક્યાં એક દાવા ઉપર બેઠા છે ?

વકીલ : મારો દેખાવ શું ખોટો છે ?

કવિ : કોઈની મગદૂર છે કે ખોટો કહે ? તુમુલ યુદ્ધ થાય, તુમુલ યુદ્ધ !

વકીલ : તો પછી આ ચંદ્રિકા મને કેમ પાસે ઊભો રહેવા દેતી નથી ?

કવિ : બાઈસાહેબ ! મોટી ઉંમરે પરણવું હોય તો આ દશા જ થાય. એ બાબતમાં બાળલગ્નના ઘણા ફાયદા છે ! પ્રભુ !

માબાપનું કલ્યાણ કરજો કે નાનપણથી ગોરી મેળવી આપી નહિ તો આપણાં રૂપગુણ ઉપર મોહી પડત ? આવાં હવા-તિયામાંથી તો બચી ગયા છીએ.

વકીલ : ચાલો ચાલો, હવે !

[ જાય છે. ]

# છઠ્ઠો પ્રવેશ

સ્થળ : કુંજનું દીવાનખાનું — બહાર ફૂલવેલથી ભરેલી અગાશી અને સહજ નીચાણમાં બગીચો.

સમય : રાત્રિ

પાત્ર : ચિદ્દઘન, કુંજ, વિલાસિની, ચંદ્રિકા.

ચિદ્દઘન : સુખદુ:ખના આ મહાન પ્રશ્નો નથી પૂરા સમજાતા. એ સમજવા કાજે બુદ્ધ અને ગોપીચંદ જેવા રાજપાટના વૈભવ, પિતામાતાનાં વાત્સલ્ય, અને પત્નીઓના જાદુભર્યા વિલાસથી મુખ ફેરવી ચાલ્યા ! શું સત્ય રસ્તો એ જ છે? શંકરાચાર્યે સંસાર કેમ ન સ્વીકાર્યો ? ત્યારે કૃષ્ણે સ્વીકાર્યો શું કામ ?

[ એકાંતમાં કોઈ ન દેખે એમ વિચારગ્રસ્ત બેસે છે. વિલાસ અને કુંજ સ્નેહભર્યાં ગીત ગાતાં આવે છે. )

વિલાસ :

[1] **છોડો મારી બૈયાં, એ આવી મારી સૈયાં !**
**આવી મારી સૈયાં, ઘડચાં આ શાનાં હૈયાં ?—છોડો.**
**જલભરેલ ઝારી ઢોળાવી – હું તો હારી !**
**જાઓ ને રીત ના મને ગમે તમારી.—છોડો.**

કુંજ : [2] **જલનાં સિંચન, સુંદરી ! માગે કુમળાં ફૂલ:**
**હૈયું મુજ માગી રહ્યું, સિંચન પ્રણય અમૂલ.**

૧. ઢાળ : નંદજીનો છેલો, જાદુનો ભરેલો. ૨. સાખી.

વિલાસ : અલકલટ વિખૂટી, હું તો ય શે ન છૂટી !
નાસતાં સોનાની કટિમેખલા આ તૂટી.—છોડો.

કુંજ : ૧ વિખરી લટમાં જો સખિ બંધાયો હું અજાણ !
છો તૂટી કટિમેખલા, કરબંધન લે પ્રાણ !

વિલાસ : બ્હાવરી બનાવી, મઝા કહો શું આવી ?
ઘેલછા આ દીજે મનની મનમાં શમાવી !—છોડો.

કુંજ : ૧ શ્યામા શ્યામલ નયનથી ઝેર ચડયું મુજ અંગ;
સંતાડયો સખિ ! આંખમાં, કહે કો શ્યામ ભુજંગ

વિલાસ : થાકે ઊભી ડોલું, હૈયું કો પાસ ખોલું !
જાઓ ને પ્રાણ, હું હવે કદી ન બોલું—છોડો.

કુંજ : ૧ રસભીનાં ડોલન પ્રિયે જોઈ રહું અનિમિષ.
૨ અબોલ પણ રસના ભર્યાં, રસભીની તુજ રીસ.

વિલાસ : જાઓ ને પ્રાણ હું હવે કદી ન બોલું—છોડો.

[ કુંજ ભેટીને ચુંબન લે છે. ]

ચિદ્દઘન : ( સ્વગત ) આ શૃંગારનો નિયામક તે શયતાન કે ફિરસ્તો ?

કુંજ : વિલાસ ! તું બહુ મીઠી લાગે છે !

વિલાસ : હા, હું સાકરની બનેલી છું. પણ તમારી સાથે તે કોણ બોલે ?

કુંજ : એ વળી કયા ગુનાની શિક્ષા ?

વિલાસ : તમે મને બહુ પજવો છો ! ચિદ્દઘન જેવા સાધુવૃત્તિવાળા થાઓ ને ?

---

૧ સામી. ૨ અબોલા.

ચિદ્દઘન : (સ્વગત) આ વિહારના સમયમાં પણ ચિદ્દઘનની સાધુવૃત્તિ સાંભરે છે ખરી!

કુંજ : વિલાસ! આ નયનોને હજી ચંદ્રની ચાંદની ગમે છે; મોગરાના પરિમલથી મને રોમાંચ થાય છે; બુલબુલનું ગાન સાંભળતાં હું આખી રાત જાગી જાઉં છું; પેલાં કમળ અને ગુલાબ હું આંખે ધરું છું તો તેમની મોહક કુમાશ ખસતી નથી અને એ સર્વસૌંદર્ય અને માધુર્યની ભરી વિલાસને હૃદય પર રાખતાં હજી આત્મા થાક્યો નથી. આ સઘળી જો સાધુવૃત્તિ ન હોય તો મારે તે ન જોઈએ. પ્રેમીઓનાં નયનનર્તન જોતાં મને ચિદ્દઘન સરખું ઘેલું, ફિક્કું, વૃદ્ધ હાસ્ય હજી આવતું નથી.

વિલાસ : એની ઘેલછા શું સુંદર નથી? મને ઘેલાં થવું ઘણું જ ગમે છે. એક સુંદર વહાલસોયી બાલિકા આવી વળગે, અને તેને દૂર કરવી એ કેટલું અદ્દભુત! કેવું રોમાંચ ઉત્પન્ન કરનાર! આકાશની તારકસેરો લાવી આપ, ગળે પહેરાવો, અને તે હું તોડી વેરી નાખું! ઇન્દ્રધનુષ્ય લાવી મારી સાડીએ ચોડો, અને એ રંગો હું ભૂંસી નાખું! કેવો અદ્દભુત રસ! કેવો કંપાવનારો અનુભવ!

કુંજ : જા જા, હવે પાછી તરંગે ચડીશ નહિ. વિલાસ! તું પૂર્વજન્મે કોઈ જાદુગરિણી હતી, ખરું?

વિલાસ : હંઅં; અને આપને જ પંખી બનાવી પિંજરામાં પૂર્યા હતા!

કુંજ : હજી પંખી પિંજરામાં જ છે! પણ કહે, વિલાસ! તારી ઇચ્છા છે તો હું તને અને આ સર્વ સંપત્તિને છોડી તપસ્વી બની જાઉં તો?

વિલાસ : તો હું ભીલડી થઈ તમારું તપ ચળાવું. કેવો અદ્દભુત રસ! મને તો શિવની ભીલડી થવું ઘણું જ ગમે.

કુંજ : તપ ચળાવવાની તારી શક્તિમાં મને સંપૂર્ણ વિશ્વાસ છે! હું

મારી જાતે તો તપસ્વી નહિ બનું. પણ જો હવે તું જ મને તપસ્વી બનાવી દે તો હું જાણું કે વિલાસમાં અદ્‌ભુત રસનો અવધિ છે.

વિલાસ : ઓ હો! તમને તપસ્વી બનાવવા એમાં કાંઈ મોટી વાત નથી. જુઓ, પેલો હીંચકો છે ને? તેના ઉપર સુવાડી ઘડીભર મને ઝુલાવો, એટલે આપ વસિષ્ઠ અને યાજ્ઞવલ્ક્ય બની જશો.

કુંજ : વાહ! તપસિદ્ધિનાં સાધન તો સારાં બતાવ્યાં, મારાં યોગિની! પધારો.

[ મૃદુતાથી તેને હીંચકા પાસે લઈ જઈ ]

યોગાસને આરૂઢ થાઓ, એટલે આ ભક્ત આપનું ધ્યાન ધરી, સમાધિલીન થઈ, પૂર્ણાનંદનો સાક્ષાત્કાર કરે.

( હીંચકે વિલાસને સુવાડી ઝુલાવે છે. વિલાસ સૂતાં સૂતાં ગાય છે : ]

૧ મારી મદભર આંખ ઘેરાણી,
 ઝુલાવો ધીમે હજી ધીમે, પ્રાણ!
નીંદતીર્યાં અમ પાસે પ્રિયતમ!
 રાખીએ ચિત્ત ચકોર!
જોજો, સલૂણા! ફાટે નહિ, મારા
 નવરંગ સાળુની કોર—ઝુલાવો.
ફૂણી ફૂણી ચૂંટી મેંદી, મૂકચો મેં
 પાનીએ કુમકુમ રંગ;
આછો ઉઘાડ, ઝુલાવતાં બળથી
 ઊડશે લહરી સંગ—ઝુલાવો૦

૧ માઢ

૧ વેગળાં લ્યો જરી નયનો; બીતાં
નાસતાં ખંજન લોલ!
કીકી તણો પડછાય પડી, મારાં
કાળાં થાય કપોલ—ઝુલાવો૦
નીંદ ઝઝૂમી ઝુમે પ્રિયતમ,
નયનો નવ બિડાય;
આઘા રહો અલબેલડા, મારી
કુમળી કમર લચકાય—ઝુલાવો૦

કુંજ : (વિલાસને ચુંબન કરી) વિલાસ! વિલાસ! મારા હૃદયના ક્યા ભાગમાં તું નથી? આકાશમાં વસતો ચંદ્ર જગત સમસ્તને પ્રકાશથી ભરી દે છે. સમગ્ર જીવનને તેજની ભરતીઓથી ઉભરાવની ઓ ચંદ્રા! નિશ્ચિંત નિદ્રા લે!

[જાય છે.]

ચિદ્ઘન : (સ્વગત) ઓ કુસુમો! તમારી સૌરભને પાછી ખેંચી લ્યો! ઓ ચંદ્ર! કૃપા કરી એક બુરખો ઓઢી લે! અને શીતલ અગ્નિ પ્રેરતા ઓ સમીર! ઘડીભર થંભી જા!... મારું હૃદય વહી જાય છે. એ વહન હું નથી રોકી શકતો!...

[વિલાસ પાસે ધીમે ધીમે જાય છે.]

સૃષ્ટિસૌન્દર્યના અધિષ્ઠાન! મારા સંકલ્પો ડોલી ગયા; મારી લૂખી વાસનાઓ રસપૂરમાં ડૂબી ગઈ! શું આજ કામ?... સમજ, સમજ ઓ નાદાન! ક્યાં જાય છે? શું કરે છે? કોની સ્ત્રી તરફ દૃષ્ટિ ફેંકે છે? જગતને સ્વર્ગ બનાવવા માટે જાગ્રત રહેનાર ઓ વિરાગી! જોજે, ભગવો રંગ ઊતરી ન જાય!...પણ...પણ...જગતનું આ સ્વર્ગ એક ક્ષણભર જોઈ

૧ પ્રિયતમના અકાર્ય થયલી નજરથી પોતાના શરમાતી, અસ્થિર બનતી ચપલ આંખો, જાણે ખંજનપક્ષી બીકથી નાસતું હોય એવી જણાય છે.

લઉં તો?...પછી અનંત કાળ સુધી તપ તપીશ અને મારી ભાવના સિદ્ધ કરીશ!...પરંતુ આટલી ક્ષણ...આટલી જ...

[ઉન્માદાવસ્થામાં આવી જઈ સૂતેલી વિલાસને એક ચુંબન કરે છે.]

વિલાસ : (નિદ્રાવસ્થામાં)...ઓ વહાલા! (ગળે હાથ નાખે છે.)

[કુંજ અને ચંદ્રિકા બે બાજુએથી આવે છે.]

કુંજ–ચંદ્રિકા : (એક સામટાં બોલી ઊઠે છે.)

**यां चिंतयामि सततं मयि सा विरक्त।**

# અંક બીજો

## પહેલો પ્રવેશ

સ્થળ : નદીનો એકાંત કિનારો.

સમય : પાછલી રાત.

પાત્ર : ચિદ્દ્ઘન, વનદેવીઓ, ગુરુ.

[ અસહ્ય શરમ અને પશ્ચાત્તાપથી વસી એકાંત ખોળતો ચિદ્દ્ઘન થાકથી સૂઈ જઈ સ્વપ્ન જુએ છે. એક પછી એક ચાર વનદેવીઓ કમળમાંથી ફૂટી નીકળી, ચિદ્દ્ઘનને ઉદ્દેશી, ઉપાલંભ-ગીત ગાય છે. ]

વનદેવીઓ :

[1] અહ સંતજી ! પગ પાવડી પરથી જુઓ આ ખસી ગયો !
તમ પુણ્યભર પગને જુઓ જરી ધૂળ અડકી અહો !
—અરે લપસી ગયો પગ હો !

હતી અડગ મેરુસમી, સમાધિ આજ સુધી ભાળી
એ અચલતા બદલાઈ, કયમ ગયું ધ્યાન તમ હાલી ?
—સમાધિ શું તમે ટાળી ?

---

૧ ઢાળ : 'હું તો પ્રેમની જોગણ પિયુને શોધવા ચાલી.'

અગ્નિતણી ચિનગારી નહોતી તમ હૃદય દીઠી !
અણધારી જ્વાલામુખી તણી જ્વાલા ભભૂકી ઊઠી :
—જગતને લાગતી જૂઠી ?

વૈરાગ્યશોભન વલ્કલો પર શું રહ્યું ઝબકે ?
સોના રૂપાના તાર ? એ ક્યાંથી દિલ ચમકે ?
—વિલાસો કાં રમે પલકે ?

આશ્રમ તમારો આજદિન સુધી જાણતાં સૂનો :
ક્યાંથી પડે પડછાય ચારુ સુંદરી તનનો ?
—ખરું સહુ ? કે બધાં સ્વપ્નો ?

ઋષિજી કમંડલુ આપનું ઢોળાતું આ રઝળે !
પાણી પીશો કયમ ?—રૂપલા બેડલું પડે નજરે ?
—કઈ ગુલબદન વારિ ભરે ?

તમ ભવ્ય ભાલ થકી ભુંસાઈ ભસ્મ ગઈ સઘળી !
ખૂટી ભસ્મ ? કે કુમકુમ તણા લેપનની વૃત્તિ થઈ ?
—ગયું મન સિદ્ધિમાં શું વહી ?

[ દેવીઓ અદશ્ય થાય છે. ચિદ્દઘન બેઠા થઈ જાય છે. ]

ચિદ્દઘન : ઓ દેવીઓ ! મને મહેણાં મારવાં બસ કરો ! હું ચૂક્યો. મારું તપોબલ નષ્ટ થયું...અરે ! આ શું ? મને સ્વપ્ન આવ્યું, ખરું ? પાપ નિદ્રાવસ્થામાં પણ પાપીનો પીછો લે છે. મારું સમગ્ર જીવન આવાં ભયભર સ્વપ્નોથી ઊભરાઈ જશે શું ? અરે ! એક ક્ષણનું પાપ ! એક ક્ષણની નિર્બળતા ! તેનો કાળો ડાઘ મૃત્યુ સુધી નહિ ભુંસાય !...મૃત્યુના નામ સાથે કેમ કમકમાં આવે છે ? શું હું મૃત્યુથી ડરું છું ? મારી ભાવના સિદ્ધ કરવા હું મૃત્યુને પણ ભેટું એવો મને ગર્વ હતો. એ ભાવના તો સિદ્ધ ન થઈ, અને મૃત્યુથી બીતો એક પામર મનુષ્ય હું, એક મહાપાપ કરી એ પાપથી નાસી છૂટવા નિર્જન

સ્થળોમાં ભટકું છું. પરંતુ પાપ તો પડછાયો છે. તે મને કેમ છોડે? આકાશના આ તારાઓ મને જોઈ ફિક્કા પડે છે. નીચે વહન કરતી નદી મારી સામે ઘૂઘવે છે. જગતની આંખો તો ક્યારની અગ્નિમય લાગતી હતી...ત્યારે મને પેલું કોણ બોલાવે છે? હું કંપી ઊઠું છું! મૃત્યુ? (સહજ હસે છે) મિત્રદ્રોહીની મૈત્રી બીજું કોણ કરે? ઓ દુર્બલ દેહ! કેમ કંપે છે? પાપ કરતાં કંપ ન થયો અને મૃત્યુ સામે જોતાં થરથરી જાય છે?...પરંતુ આત્મઘાત એ શું ભીરુપણું નથી. ? (સહજ હસીને) જીવવાની ઇચ્છા કરતું મન કેવાં બહાનાં ખોળે છે? શું હું એટલો બધો અધમ થઈ ગયો કે મરતાં પણ ડરીશ? આકાશના આ અમર તારકો! તમે સાક્ષી છો. આ પાપમય દેહને હું અનંત કાળનું સ્નાન કરાવું છું!

[નદીમાં પડતું મૂકવા જાય છે. પાછળથી કોઈ સુંદરી આવી તેનો હાથ પકડી અટકાવે છે.]

પાપનું પ્રાયશ્ચિત કરતાં અટકાવનાર, ઓ સુંદરી! તમે કોણ છો?

વનસુંદરી :

[1]પાપભર જગતથી દૂર વસતાં અમો!
વિપુલ વનરાજ્ય કરતાં;
પુષ્પ પરિમલ સહે, સમીરની લહરશું
સરિતસરતરલ શું રાસ રમતાં
ગહન આકાશમાં ચંદ્ર હસી એકલો,
સૃષ્ટિ દિપાવવા જ્યોત ફેલે,
ચંદ્રનો ચંદ્ર પ્રભુ જીવન દિપાવવા
મુજ સમી ચંદ્રિકા જગત રેલે!

ચિદ્ઘન : આપ વનદેવી છો? આપે મને સ્વપ્ન આપ્યું?

1 (પ્રભાત)

વનસુંદરી :

દેવી વનની અને જીવનની હું બનું,
ચંડ વિકરાલ ધરી રૂપ ખેલું,
સ્વપ્નલીલા મહીં રાખું જગજીવનને,
કદી કદી નયનથી આંસુ રેલું!
વિવિધ રૂપે વસું જગત વિલસાવતી!
સૃષ્ટિક્રમ નિયમતી મોહ–માયા!
અનુસરી ભાવના રંગ બદલ્યા કરું,
વિશ્વમાં ગૂંથતી તેજછાયા!

ચિદ્‌ઘન : વિલાસના ગાનની ફિલસૂફીના ભણકારા! હું જાગું છું? દેવી! મને કહે, હું સ્વપ્નમાં તો નથી?

વનસુંદરી : તું સ્વપ્નમાં જ છે; આખી આલમ સ્વપ્નમાં છે.

ચિદ્‌ઘન : સ્વપ્નના ઓથારમાંથી ક્યારે જાગીશ? દેવી! બધી માયા આવરી લે અને મને જાગૃત થવા દે.

વનસુંદરી : જાગૃત થઈને શું કરીશ?

ચિદ્‌ઘન : પાપનું પ્રાયશ્ચિત્ત કરીશ.

વનસુંદરી : આપઘાત કરીને?

ચિદ્‌ઘન : એ વિના બીજો માર્ગ નથી.

વનસુંદરી : હત્, ભીરુ માનવી! આપઘાતમાં જ પાપનો બદલો ખોળે છે? તે નહિ મળે. અમારા ઉપવનમાં આત્મહિંસા થતી જ નથી. માટે જાગ અને જીવનભર પાપનો ડંખ સહી લે!

[ દૃશ્ય ઊડી જાય છે. પગે સર્પદંશ થાય છે. ]

ચિદ્‌ઘન : ( જાગીને ) ડંખ! અરેરે, મને ઘણો ડંખ લાગ્યો. મને અપાર વેદના થાય છે. મારાથી બેસાતું કેમ નથી? મન મૂર્છિત થાય છે.

[ નાગ પગે ડસે છે; ડસેલો નાગ પાછો ફરતાં તેની નજરે પડે છે. ]

નાગ ડસે છે? કે મારું પાપ? ભલે, ભલે મને ડસે! હું સ્મૃતિવિહીન થતો જાઉં છું. પેલી કોણ દેવીએ મને બચાવ્યો હતો?...નાગનું મધુર ઝેર સ્વપ્ન લાવ્યું લાગે છે...કુંજને દુઃખી કરનાર...ચંદ્રિકાને તરછોડનાર...એ મારા આદર્શો... એ ચંદ્રિકા...

[ ઝેર ચડતાં મૂર્છા ખાઈ પડે છે. એકાએક ગુરુ આવી તેના પગનું ઝેર ચૂસે છે. ]

## બીજો પ્રવેશ

સ્થળ : કુંજવિહારીનું દવાખાનું.

સમય : મોડી સવાર.

પાત્ર : વકીલ, કુંજ, ડૉક્ટર, કવિ.

વકીલ : સાહેબ ! આ કામની આજે મુદ્દત છે.

કુંજ : આજે કેમ મુદ્દત રાખી ?

વકીલ : એ તો ન્યાયાધીશની મરજી ઉપર છે.

કુંજ : ન્યાયાધીશ ? ન્યાયની તુલા સ્થિર રાખી શકે છે ? ન્યાય-અન્યાય પારખી શકે છે ?

વકીલ : કાયદાનું સારું જ્ઞાન ધરાવે છે; પ્રામાણિક છે.

કુંજ : જગતમાં કાં તો બેવકૂફ કે કાં તો બીકણ, એ બે જ પ્રામાણિક હોઈ શકે ! તમારો ન્યાયાધીશ બેવકૂફ છે કે બીકણ ?

વકીલ : એમ કાંઈ છેક કહેવાય ? કાયદાને બાજુએ મૂકી શકાય ?

કુંજ : કાયદો ! ગુનો કરવો પણ સપડાવું નહિ એનું જ નામ કાયદો; નહિ ? હું તમારા ત્રણેનું ખૂન કરું તો મને સજા થશે ? અહીં કોઈ જ દેખતું નથી.

કવિ : નહિ નહિ સાહેબ ! માણસને મારતી વખતે તો ઈશ્વરનો ડર રાખવો ! બીજી વખત નહિ રાખો તો ચાલશે. અને ન્યાયાધીશના ન્યાય કરતાં કવિતાનો ન્યાય – Poetic-justice બહુ

કડક છે. તે આધારે, કોઈએ દીઠું ન હોય છતાં, કવિતામાં ખૂન પકડાઈ આવે છે. બીજું બધું કરો. પરંતુ ખૂન નહિ. ખૂન ! હિંસાને ઉત્તેજન મળે છે એથી.

ડૉકટર : હિંસા સિવાય દુનિયામાં ચાલે જ નહિ. કંઈક દેડકાંને કાપીએ છીએ ત્યારે વૈદકનું જ્ઞાન થાય છે.

કવિ : દેડકાંને માટે હરકત નહિ ! મારી તકરાર માણસ મારવા બાબતની છે. અને તેમાં યે ખાસ કરીને મારા ખૂનની હું બહુ જ વિરુદ્ધ મત ધરાવું છું !

વકીલ : વળી, સાહેબ ! આપણા એન્જિનિયર અને મેનેજર એ બંનેને સૂચના બજાવવી પડશે.

કુંજ : જગતના એન્જિનિયર અને માનવજાતના મેનેજરને પણ સૂચના બજાવવા જેવી છે.

કવિ : તે આ વકીલસાહેબ કરી શકશે – જો સ્વર્ગે જાય તો. ડૉકટર સાહેબ એમને દેડકું ગણી વાઢકાપનો પ્રયોગ આદરે તો એમના હાથમાં સૂચના પધરાવી દઈએ.

વકીલ : બહુ જ ઉતાવળનું કામ છે. આજની મુદતનો વિચાર કરવાનો છે. અને સૂચના આપવાની તજવીજ કરવાની છે.

કુંજ : આપ જ સઘળો વિચાર અને તજવીજ કરો તો ?

વકીલ : મારી ના નથી. પરંતુ આપે મને કુલમુખત્યાર નીમવો જોઈએ. તે સિવાય બને નહિ.

કુંજ : હું તમને કુલમુખત્યાર નીમું છું.

વકીલ : લેખી મુખત્યારપત્ર સિવાય એ મંજૂર શી રીતે થાય ?

કુંજ : એટલે ? બોલની કિંમત જ નહિ ? જબાનને જૂઠી જ માનવાની ? એ જ, એ જ ! તમારી પ્રામાણિક દુનિયામાં બધે જ અવિશ્વાસ. લાવો મુખત્યારપત્ર, અને હું સહી કરી આપું. પછી મને એક મહિના સુધી કોઈએ મળવું જ નહિ.

વકીલ : ( સ્વગત ) આ ઠીક બાજી હાથ આવી. ( પ્રકાશ ) સાહેબ !

એ તો હજી લખવું પડશે. આપ આ કાગળ ઉપર સહી કરી આપો તો પછી હું લખી લઈશ.

કુંજ : સારું લાવો કાગળ.

[ કાગળ લઈ સહી કરે છે. ]

ડૉક્ટર : સાહેબ ! આપની તબિયત તપાસવી પડશે.

કુંજ : તમને લોકોને સહી કહી આપી છતાં હજી પણ મન છોડશો નહિ? હું તમને કુલ સત્તા આપું છું. મારી મિલકતની તમે વ્યવસ્થા કરો. મને પૂછશો જ નહિ, અને એક માસ સુધી મને મળશો પણ નહિ.

ડૉક્ટર : સાહેબ ! સહી મને કરી આપી નથી.

કુંજ : લાવો કાગળ.

[ સહી કરી આપે છે. ]

કવિ ( સ્વગત ) આપણે પણ સહી લેવામાં શા માટે પાછા પડવું ? ( પ્રકાશ ) સાહેબ ! મને પણ સહી આપી નથી.

કુંજ : લાવો. તમે તો કવિ ને? જુઓ, સારી કવિતાઓ લખજો, અને આપણા અનાથાશ્રમોમાં ગવરાવજો. હું અનાથ બાળકો નો પિતા છું.

[ સહી કરી આપે છે. ]

કવિ : ( સ્વગત ) પોતાનાં છોકરાં ન હોય ત્યાં સુધી એ સંતોષ રાખવો સારો છે. ( પ્રકાશ ) અડચણ નહિ. હું પણ અનાથ બાળકોનો પિતા છું. ( સ્વગત ) ફક્ત તેમને અનાથશ્રમમાં મોકલ્યાં નથી, એટલું જ.

કુંજ : હું કોઈને પણ મળીશ નહિ. માટે...મેં શું કહ્યું મને એકલો જ રહેવા દેવો. જરા પણ ખલેલ કરવી નહિ. જરૂર લાગશે તો હું જ બોલાવીશ. શું કહું છું ?

ડૉક્ટર : બરાબર ધ્યાનમાં આવ્યું. સાહેબ ! ચિદ્દઘનનો કાંઈ પત્તો...

કુંજ : પેલો કાગળ પાછો લાવો. મેં શું કહ્યું હતું ? મને કો પણ જાતની વાત ન કરશો. જાઓ.

[ વકીલ, કવિ તથા ડૉકટર જાય છે. દીવાનખાના માંથી જતાં જતાં કુંજ વિચારને વમળે ચડે છે ]

ચિદ્‌ઘન !...ચિદ્‌ઘનનો પત્તો...?...જગત જૂઠું છે મનનો વંશ નિમકહરામ છે ! સૂર્ય અગ્નિ વરસે છે; આપણે ભૂલથી અજવાળું કહીએ છીએ ! ચંદ્રમા શીતળ કેફભર્યું ઝેર વર્ષે છે; મૂર્ખ માનવી તેને ચાંદની કહી તેમાં રાસ માંડે છે ! અને એ રાસ ? એ તે ચમકતી તલવારોની હીંચ, કે કાળા નાગ અને કાળી નાગણોની ગૂંથણી ?...ઓ ભયંકર માનવી ! તું લીલોતરી નીચે સંતાયલો જ્વાળામુખી છે ! તારા સ્મિતની પાછળ આકાશનું ઊંડાણ છે, તારા આંસુથી પાછળ જીવન હરતી વીજળી ઝબૂકે છે, અને તારા બોલની પાછળ પ્રલયના મેઘનાદ ગર્જે છે ! કુદરતના એકએક અણુમાં પર્વતનો ભાર થઈ જાય, અને તે સઘળાં અણુઓ નીચે તું દટાય તો જ તારી કુટિલતાનો અંત આવે !...હું !...આંગણામાં વડનું વૃક્ષ વાવ્યું. શીતળ છાયા આપવી તો દૂર રહી, ઊલટું મારા ઘરનું છાપરું તોડી પાડે છે ! અરે, એટલું જ નહિ; મને ખબર પણ ન પડે એમ પોતાનાં મૂળ ફેલાવી, મારા ઘરના પાયાને છિન્નભિન્ન કરી નાખે છે ? વડને છેદું કે ઘરને ભાંગું ? વડને કાપીશ તો યે ઘર બચશે નહિ; ઘરને ભાંગીશ તો યે ઘર બચશે નહિ. હા... હા...કોનું ઘર અને કોનો વડ ?... પોતાને આશ્રય આપતી, ઉછેરતી ભૂમિ તરફ હાથ લંબાવ્યા કરતાં ઓ વૃક્ષરાજ ! તારાં પાનેપાન જીભ બની કેમ પોકારી ઊઠતાં નથી કે જગતમાં મિત્રો મારા જેવા છે ! આશ્રિતો મારા જેવા છે !

[ દીવાનખાનાની પાછળના ઓરડમાં જાય છે.

## ત્રીજો પ્રવેશ

સ્થળ : ગુરુના આશ્રમનો એક ભાગ.

સમય : સંધ્યા.

પાત્ર : ચિદ્દ્ઘન અને ગુરુ.

[ ચિદ્દ્ઘન દેખી શકતો નથી. માર્ગ ખોળતો, ગાતો ગાતો પ્રવેશ કરે છે. ]

ચિદ્દ્ઘન :

**[1] આંખે પડદા પડે! હો પડે!**
**ઘોર ઘટા ઘન મેઘની છાઈ,**
**તિમિર અમાસ અડે! હો અડે!**
**—આંખે પડદા પડે! હો પડે!**
**વીજલડી પણ જાય રિસાઈ!**
**બુરખો ઓઢી રડે! હો રડે!**
**—આંખે પડદા પડે! હો પડે!**
**પંથી આજ રહ્યો અટવાઇ!**
**મારગ તો ન જડે! હો જડે!**
**—આંખે પડદા પડે! હો પડે!**

હું ક્યાં છું? મને કોઈ કહેશો? મારી આંખનાં તેજ ઓસરી ગયાં છે!

[ પ્રશ્ન સાંભળી ચિંતાતુર મુખે ગુરુ પ્રવેશ કરે છે. ]

ગુરુ : બેટા! તું મારા આશ્રમમાં છે; ગભરાઈશ નહિ. સર્પદંશની અસર તારી આંખ પર ઊતરી છે; હું મટાડી દઈશ.

---

૧. માલકોશ રાગ.

ચિદ્દઘન : ભલે, ભલે સર્પદંશ થયો ! મારા નયનમાંથી તેજ ભલે નીચોવાઈ ગયાં. જગત સાથે મને જોડતા એ પાપી તેજના પૂલ ભલે તૂટી ગયા ! મારા પાપી હૃદયને દોડવાનો માર્ગ ભલે ભાંગી પડયો ! અન્યની પત્નીઓ તરફ દષ્ટિ ફેંકનાર સર્વની આંખો ફૂટી જવી જોઈએ એમ હું નિત્ય બોધ કરતો ! પરંતુ એ બોધવાક્ય પૂરું કરતા પહેલાં તો...અરે...અરે...મારી આંખ ક્યાં વળતી ? કુંજનું જીવન ઝેર કરનાર ઓ પાપી મિત્ર ! તારાં નેત્રોને અંધકારમાં ડૂબેલાં જ રાખ. મહાત્મા ! મારી આંખને સારી ન કરશો.

ગુરુ : (સ્વગત) એ જ ! મારાં વિષવૃક્ષ વધ્યે જાય છે ! (પ્રકાશ) ભાઈ ! ભૂલથી જગત ઉત્પન્ન થયું છે, તે ભૂલ કર્યે જાય છે.

ચિદ્દઘન : ભૂલ ક્ષમાને પાત્ર છે; પરંતુ પાપને માટે તો સાંડસા અને ચીમટા જ બઝાડવા જોઈએ ! યમપુરીની માત્ર કલ્પના નથી. હું પાપી છું, ભૂલમાં પડેલો ગમાર નથી.

ગુરુ : જગતમાં કોણ પાપી નથી ?

ચિદ્દઘન : બધા જ પાપી હોય માટે મારાં પાપને હું હસતે ચહેરે જોઈ રહું ? નહિ, નહિ, ગુરુદેવ ! મને કડક સજા થવી જોઈએ. વિલાસ કે કુંજ જો મારી ખાલ ઉતારી નાખે, નિભાંગી ચંદ્રિકા જો મને શૂળી પર પરોવી ચકર ચકર ફેરવે તો જ મારા હૃદયને સજાનો કાંઈક સંતોષ વળે ! મને લાગે છે કે મારી જન્મોતરી વાંચતાં જ મારું ભાવિ જણાયું હશે, અને તેથી જ મારી માતા વહેલી મરી ગઈ, અને મારા પિતા મને છોડી ચાલ્યા ગયા !

ગુરુ : (સ્વગત) માતા વહેલી મરી ગઈ ? પિતા છોડી ચાલ્યા ગયા ? મારા શાંત હૃદયસાગરમાં પથરા ફેંકી, આ છોકરાએ વિચારના વર્તુલથી તેને હલાવી નાખ્યો છે !

ચિદ્દઘન : ગુરુદેવ ! આપ કેમ બોલતા નથી ? હું આપને દેખતો નથી. આપ જરૂર હસતા હશો ! પરંતુ જગતનો ઉદ્ધાર

કરવાનું પણ લેનાર મહાત્મા ભૂલી ગયો હતો કે મિત્રની પત્નીની એક મીઠી નજરનું ફળ મેળવવા તે ભગીરથ પ્રયત્ન આદરતો હતો. જગદુદ્ધારનું એ ફળ હતું. તેની મીઠી નજર મળી ? નહિ. તે જ આખી એકાંતમાં મળી, અને જગતનો ઉદ્ધાર સદા ય મુલતવી રહ્યો ! હું મહાત્મા પડ્યો, પટકાયો, અને ચાર જિંદગીઓને ધૂળમાં મેળવી દીધી ! એક શખ્સનું ખૂન કરતાં ફાંસી મળે છે : મેં ચાર ખૂન કર્યાં; મને કોઈ કેમ હજી ફાંસીએ ચડાવતું નથી ? મારી જવાબદારી...હા, હા ! એ આંખ ! તું બંધ થઈ સુખી થઈ ગઈ ! પણ સાથે ધીકતા તવા ઉપર તરફડતું આ હૃદય કેમ બંધ કરતી ન ગઈ ?

ગુરુ : (સ્વગત) 'મારી જવાબદારી !' અરે એ કોની જવાબદારી ? તારી કે મારી ? આ...આ ! પેલું ભૂત પણે ઊતરે છે !

[ધીમા પ્રકાશમાં આકાશથી એક સ્ત્રી ઊતરતી ગુરુને જણાય છે.]

તું હજી મારી પાછળ ભટકે છે ? મૃત્યુ પછી જિંદગીનો અંત કેમ નહિ આવતો હોય ? છોડ, મારો પીછો છોડ !...હાં !... પેલું કોણ બીજું અંધકારમાંથી ફૂટી નીકળ્યું ?

[આછા પ્રકાશમાં જમીનમાંથી એક પુરુષ પ્રગટી નીકળે છે.]

નહિ, નહિ ! હું તને ઓળખવા નથી માગતો ! ભૂતકાળ ! એ ભયંકર ભૂત ! તું વિસરાઈ જા ! તારા ઉપર ભગવા રંગનો પડદો પાડ્યો; વિરાગીનો વેષ ધરી તારો સંબંધ તોડ્યો; તો યે તું એ પડદો ચીરી મને જકડી રાખવા માગે છે ? નહિ, મને કોઈ ન કહેશો એ કોણ છે તે !

[ભયાનક અવાજ થાય છે.]

અરે! કોણ આટલો ભયાનક અવાજ કરે છે? આકાશ! પાતાળ! પૃથ્વી! દિગ્પાળ! પવન! ઓ: ઓ જડ સત્ત્વો! તમે મૂર્તરૂપ ધરી શાની ચીસો પાડો છો?

[ નેપથ્યમાંથી એક સામટો અવાજ થાય છે. ]

કાનના પડદા તૂટી જાઓ! ફૂટી જાઓ! ન સાંભળશો એ નામોચ્ચાર! હું એ પુરુષને નથી ઓળખતો. તેનું નામ નથી જાણતો. તેનું નામ મને કોઈ ન સુણાવશો!

[ નેપથ્યમાંથી અવાજ આવે છે: "એ તો તું જ! ચિદ્દ્યનનો પિતા! તારું જ સ્વરૂપ!" ]

મારું સ્વરૂપ? જીવતા પ્રાણીનું ભૂત? અરે, આખી સૃષ્ટિ મારું નામ ગુંજી રહી છે! એ જ હું!

[ આછા પ્રકાશમાં એક ત્રીજું પુરુષનું સ્વરૂપ પ્રગટ થાય છે. અને છુપાઈને પેલાં બે સ્વરૂપોની ચેષ્ટા નિહાળે છે; ]

અરે, આ કોણ મારો ઇતિહાસ ચીતરે છે? મનુષ્યની કરણી આમ આકાશમાં ચીતરાઈ રહે છે કે શું!

[ પ્રથમ પ્રગટેલો પુરુષ સ્મિતભર્યો સ્ત્રીની પાસે જાય છે. ]

અરે, પેલો દુષ્ટ પોતાના મિત્રની સ્ત્રીને લલચાવે છે! એ શ્યામહૃદયી શયતાન! જરા થોભ સ્ત્રીનો પ્રેમ સાર્વજનિક નથી કે તેના ઉપર તું આટલો હક કરતો જાય છે.

[ સ્ત્રીની પાસે આવી પ્રથમ પ્રગટેલો પુરુષ ચુંબન કરે છે. ]

ઓ નફ્ફટ કામાંધ! ચુંબન કરતાં તું તારી આંખ કેમ બંધ કરે છે? જરાક આંખ તો ઉઘાડ! અને જો કે આ લૂંટાતા પ્રેમનો માલિક પાસે જ ઊભો છે!

[ સંતાયેલો પુરુષ આગળ આવી, બન્નેની સમક્ષ ઊભો રહે છે. બન્ને જણ છૂટાં પડી જાય છે, અને આશ્ચર્યથી સ્તબ્ધ બની ઊભાં રહે છે. ]

ઓ આંખ! તારો ધર્મ ભૂલી જા! મારાથી નથી દેખાતું! નથી ખમાતું!...મારા મિત્ર! હું જ પાપી છું!

[ પ્રગટ થયેલો પુરુષ છરો કાઢે છે. ]

છરો ભોંકવો હોય તો મને ભોંક! એ કુમળા પુષ્પને મા છૂંદીશ

[ ગુરુ આંખો બંધ કરે છે. સંતાયેલો પુરુષ સ્ત્રીનું ગળું દાબે છે. ભયંકર ચીસ પાડી તે સ્ત્રી જમીન ઉપર ઢળી પડે છે. ચુંબન કરનાર પુરુષ પાછો હઠે છે, અને દૃશ્ય સમેટાઈ જાય છે. નેપથ્યમાંથી પોકાર થાય છે. "એ જ તું" ]

એ જ હું! ભૂત ખોટું નથી. જગતમાં કાંઈ પણ ખરું હોય તો તે ભૂતકાળ જ છે. એ જ વર્તમાનને ઘડે છે, અને ભવિષ્યની સીમાઓ દોરે છે. મારા પાપનો પડઘો હજી શમ્યો નથી ...અને...અને...આ ચિદ્‌ઘન! અંધત્વની એના મુખ ઉપર ઊભેલો ચિદ્‌ઘન! મારો પુત્ર!...જગતમાં જો બાળકોને કાંઈ પણ વારસો મળતો હોય તો તે માબાપનાં પાપનો જ છે! મેં કર્યું તે જ મારા પુત્રે કર્યું. કોની જવાબદારી? જગતને સુધારનારા એ સાધુઓ! પ્રથમ પિતાઓને સુધારો, માતાઓને સુધારો! બાળકના પાપનો ધોધ પિતાઓની વાસનામાંથી વહે છે; બાળકોના દોષનો ડુંગર માતાઓની છાતી ઉપર રચાય છે. અનિષ્ટ વાસનાની એક ફૂંકથી પિતાઓ પોતાની પેઢીઓને બાળી રાખે છે. માતાનો એક અશુદ્ધ અણુ આખા પરિવારને રોગની ભયંકર દાઢ નીચે કચરાવી નાખે છે. કોની જવાબદારી? કોઈ કહેશો, એ કોની જવાબદારી?

ચિદ્‌ઘન : ગુરુદેવ! આંખની સાથે હૃદયનું અજવાળું કેમ બંધ ન થાય?

## પ્રવેશ ચોથો

સ્થળ : કુંજના મકાનનો આગળનો ઓરડો.

સમય : બપોર

પાત્રો : વકીલ, ડૉક્ટર, કવિ.

વકીલ : મગજ ફરી ગયું; સાહેબનું મગજ ફરી ગયું.

કવિ : એકદમ ફરી ગયું ! જોયું નહિ ? ચકરચકર ફરતું હતું તે ?

ડૉક્ટર : લોકો વાતો કરે છે એમાં ખોટું નહિ.

કવિ : લોકો વાતો કરે એ કદી ખોટી હોય જ નહિ. લોકો જો એમ કહે કે મુરઘીના ઈંડામાંથી ઘોડો જન્મ્યો, અગર મંગળના તારામાંથી નિસરણી મૂકી એક માણસ નીચે ઊતરી આવ્યો, અથવા આફ્રિકામાં આઠ પગવાળું ખચ્ચર જન્મી આપણા જેવું બોલવા લાગ્યું તોપણ તમારે ખરું જ માનવું જોઈએ. 'પંચ' બોલ્યા ત્યાં પરમેશ્વરની લીલાનો કાંઈ પાર છે ? 'લીલા અપરંપાર, અહોહો ! લીલા અપરંપાર !'

વકીલ : તમારું યે મન હાથમાં રહેતું નથી, કવિ !

કવિ : **નહિ જી, ઝોલે ચઢી જાય છે.**

**'ઝોલે ચડ્યું મારા હૈયાનું હોડલું.'**

કલ્પનાનો કનકવો આકાશમાં ચગ્યો જ રહે છે ! ચગો, ચગો, ચગે ! જોજો, ગિન્નાગો નહિ કે ગોથાં ખાઓ નહિ !

વકીલ : કવિ ! તમારામાં સામાન્ય સમજ ઘણી ઓછી છે. અર્થ વગરની, અસંબદ્ધ, ઢંગધડા વગરની વાત કર્યે જ જાઓ છો !

કવિ : કવિ થવામાં સામાન્ય સમજ ચાલે જ નહિ, મારા મહેરબાન ! અસામાન્ય સમજ જોઈએ, જેને પ્રતિભા કહે છે, મેધા કહે છે. સામાન્ય સમજ હોત તો હું વકીલ કે ડૉકટર થયો ન હોત ?

વકીલ : વકીલ એટલે શું તે જાણો છો ?

ડૉકટર : ડૉકટર એટલે શું તે સમજો છો ?

કવિ : જી હા; હા બરાબર જાણું છું. વકીલ એટલે ધનચુંબક ! ડૉક્ટર એટલે ધનચુંબક ! આ નવીન જમાનામાં લોહચુંબક જેવી એક એ ખનીજ નીકળી છે.

વકીલ : હવે આપણે ચાલુ વાત ઉપર આવો.

ડૉકટર : મુદ્દાની વાત ઉપર આવો.

કવિ : અને કરો વાટા–ઘાટ.

વકીલ : હમણાં કુંજવિહારીથી કોઈ પણ જાતની વ્યવસ્થા થઈ શકે એમ નથી.

ડૉકટર : ન જ થાય. મન સ્થિર નથી. આરામની દવા લેવી જોઈએ : Rest Cure !

કવિ : એ ખરી દવા ! નવીન શોધાયલી લાગે છે ! એ દેખાડવાની ફી લ્યો છો ખરા કે ?

વકીલ : અલબત્ત ! ડૉકટરો અને વકીલોના બોલમાંથી પૈસા ખરે છે ! મારું કહેવું એમ છે કે સઘળી વ્યવસ્થા હવે આપણે હાથમાં લેવી. મુખત્યારપત્ર મને આપ્યું છે એટલે હાલમાં તો હું ધારીશ તે કરીશ.

ડૉકટર : એ તો મને પણ આપ્યું છે.

કવિ : આપણી પાસે પણ સહીવાળો કોરો કાગળ છે. આખી મિલકતનું બક્ષિસપત્ર બનાવીએ તો યે હરકત નથી.

વકીલ : (સ્વગત) આ બહુ મુશ્કેલી ઊભી થઈ. હાથ બંધાયલા

રહેશે. (પ્રકાશ) એવા એકલી સહીવાળા કાગળોથી શું થાય? એના ઉપર તો સાક્ષી જોઈએ. કાયદાની ભાષા પ્રમાણે લખાણ થવું જોઈએ.

કવિ : કાયદાની ભાષા જુદી હોય છે? હા હા! ઇસમ, અસીલ, ઓરત, અરજદાર, ઇબાદત એવા એવા અર્થસૂચક પ્રયોગો એમાં હોય છે.

ડૉક્ટર : તે કાયદાની ભાષા પ્રમાણે કોઈ વકીલ પાસે લખાવી લઈશું.

વકીલ : તો હું શું વકીલ નથી? જુઓ, આપણે ત્રણે જણ સંપીને કામ કરીશું તો ઘણો ફાયદો છે.

કવિ : હું કબૂલ કરું છું; સંપના ઘણા ફાયદા છે. ડોસો અને તેના દીકરાની વાત વાંચો! (સ્વગત) સંપ ન હોય તો લૂંટારાની ટોળીઓ લૂંટ શી રીતે કરી શકે?

ડૉક્ટર : તે હું પણ કબૂલ કરું છું. આપણ ત્રણે જણનો સ્વાર્થ એકમતથી કામ કરવામાં છે. આપણે ત્રણે જણ મિત્ર છીએ અને મિત્ર તરીકે ચાલુ રહેવું જોઈએ.

કવિ : ના ના, ભાઈ! હું કોઈનો મિત્ર નથી અને કોઈને મારો મિત્ર કરવા માગતો નથી. એ ભયાનક ધર્મસંકટમાં મને નાખશો જ નહિ.

વકીલ : વાહ વાહ! એમ કેમ બોલો છો? તમે કવિ થઈને મૈત્રી જેવા ઉચ્ચ ભાવને પોષણ આપવા ના પાડો છો?

કવિ : મિત્રોથી હું ચીસ ખાઈ ગયો છું, ભાઈ!

ડૉક્ટર : કારણ?

કવિ : આ કુંજ અને ચિદ્‌ઘનની દશા જોઈને? એક ગાંડો થયો ને બીજો નાસી ગયો. અત્યાર સુધી તો ગળે હાથ નાખીને ફરતા હતા!

'ડાર ગલે બૈયાં મેં રોયે રોયે જાનિયાં.'

વકીલ : એમાં તો જુદા ભેદ હતા. ચિદ્‌ઘનને જોતાં વિલાસની આંખ જ ઘેલી થઈ જતી હતી! એમાં તો વૈરનો સવાલ હતો.

કવિ : મને પણ એ જ ડર લાગ્યા કરે છે ! શ્રી ઈષ્ટની પરમ કૃપાથી હું બૈરી તો પામ્યો છું, પણ તેથી મૈત્રીના અનુભવો બહુ જ ચાખ્યા છે, અને હૃદય મિત્રોથી ડરતું રહે છે. કેટલીક વખત તો હું જીવ ઉપર આવી જાઉં છું કે કાં તો બૈરી નહિ ને કાં તો મિત્રો નહિ. બૈરીને ખસેડવાનું મન થતું નથી, પણ એને ખસેડ્યા વગર મિત્રો ખસતા નથી. બૈરીને લઈને બજારમાં નીકળું તો મિત્રોનો રાફડો ફાટી નીકળે છે; ચારે પાસથી સલામો ! રાજામહારાજાઓને પણ એટલું માન મળતું નહિ હોય ! મારા બાપના ઓળખીતા, દાદાના ઓળખીતા, કાકાના ઓળખીતા, એમ કોઈ કોઈ નીકળી આવે છે ! ભણેલા અને અભણ, સંસ્કારી અને લફંગા, વંઠેલ અને વિનયી— સઘળાંને અચાનક ખ્યાલ આવે છે કે હું એક ધ્યાન આપવા લાયક પ્રાણી છું. અને જો બૈરી સાથમાં ન હોય તો સમસમાકાર ! ભરચક વસ્તીમાં હું એકલો, અટૂલો, નિરાધાર બની જાઉં છું ! મિત્રોને માટે ત્યાં સુધી હું હરકત ગણતો નથી. પરંતુ જ્યારે તેમનાં પાવન પગલાં મારા ઘર તરફ લંબાય છે ત્યારે તો મારું માથું એકદમ ધમધમી ઊઠે છે ! અને કદાચ મારી ગેરહાજરીનો લાગ ખાસ જોઈ, મારી જ ખબર પૂછવા માટે આતુર બનેલા મિત્ર ઘેર આવી, ગપ્પાં હાંકતા પકડાય ત્યારે તો મિત્રની આખી કોમને જડમૂળથી ઉખાડી નાખવા હું હાથમાં પાણી લઉં છું ! પ્રભુ, દોસ્તોથી બચાવ !

વકીલ : આ કવિ કાંઈ સમજતો નથી; નાહક લવારો કર્યા કરે છે. અત્યારે આપણે શું કરવું તેનો જ વિચાર કરવાનો છે.

કવિ : અત્યારે રાત પડી હોય તો સૂઈ જાઓ; સવાર પડ્યું હોય તો જાગો; સંધ્યાકાળ હોય તો ફરવા જાઓ.

ડૉક્ટર (વકીલને) એની વાત જવા દો. જુઓ પાંચ મિલો છે, દસ દવાખાનાં છે, અને દસ આશ્રમો છે. એ સઘળાંની વ્યવસ્થા બરાબર થવી જોઈએ.

કવિ : જુઓ, મને ગાંડો ન ગણી કાઢશો. મારું અને તમારું શેમાં ભલું થવાનું છે તે ઈશ્વરને માલૂમ છે. કદાચ એને પણ ખબર નહિ હોય. આપણે બનતું કરવું. આજ વેપારમાં તદ્દન મંદી છે. શેરના ભાવ ગગડી ગયા છે. બજારમાં માલનો ઉપાડ નથી. તો પછી મિલો કરો બંધ! દવાખાનાંમાંથી અડધું દૂધ મંગાવી લ્યો આપણે ઘેર! એને અનાથાશ્રમનાં બાળકોને બહુ મજબૂત બનાવવાની જરૂર છે? બહુ જોર હોય તો યુદ્ધ કરવાનું મન થાય, અને તે દુનિયાના સુખને માટે સારું નથી! માટે તેમનું સીધું નીમેનીમ કરી નાખો!

વકીલ : વિચાર છેક ખોટો નથી. અમે પણ એ જ બાજુ તરફ ઊતરતા હતા.

કવિ : એ બાજુએ ઢોળાવ ઘણો છે ને, એટલે જલદી ઊભરાય એવું છે. પરંતુ ખરો પૈસો કમાવો હોય તો એક જ રોજગાર છે.

ડૉક્ટર : કયો?

કવિ : નાટક કંપની કાઢો. હમણાં એના ભાવ બઢચે જાય છે. અને એમાં એક બીજો ફાયદો છે. તમારે ધ્યાન રાખવા જેવું છે.

વકીલ : કેમ?

કવિ : હું...જુઓ ને, હમણાં તો નટીઓ પણ મળી શકે છે.

ડૉક્ટર : ઠીક, ઠીક. ચાલો આપણે એક રીતસરની યોજના ઘડી કાઢીએ.

## પાંચમો પ્રવેશ

સ્થળ : ચંદ્રિકાનું દીવાનખાનું.

સમય : ત્રીજો પ્રહર.

પાત્ર : ચંદ્રિકા, કવિ, સખી, ડૉક્ટર.

ચંદ્રિકા : કવિરાજ! હવે તમારું કામ નથી. મારું ચિત્ત અસ્થિર છે. મહેરબાની કરો. કવિતા પછી સંભળાવજો.

કવિ : પણ બહેન! આ તો આજની સભામાં ગાવાનું ગીત છે. એમાં પુરુષોની નિંદા અને સ્ત્રીઓની સ્તુતિ કરી છે. સાંભળો :

જય જય સ્ત્રીસામ્રાજ્ય!
પુરુષનું તેમાં શું છે કાજ?—અહોહો!
જય જય ત્રિયારાજ!
ધ્વજ પર ફરકે કસબી કોરો
વિજય-રંગ-અંકિત!
પાવન પગલે નરને ચાંપી,
ધપતી શક્તિ અમિત!
ડૂબે હવે નર-નાવિકનાં ઝાઝ!
અહો હો! જય જય ત્રિયારાજ!

ચંદ્રિકા : આ શું ગાંડું ગાંડું બકો છો? આ કવિતા સભામાં ગાવાની છે? આજે સભામાં જાહેર કરો કે હું આવી શકીશ નહિ.

કવિ : બહેન ! એમ તે ચાલે ? આજે તો કેટલા ઠરાવો સભામાં થવાના છે ! લગ્નબંધનાનિબંધ, સમાનહક્કસ્થાપન, પુરુષતંત્રછેદન, નરમાન-મર્દન, વગેરે વગેરે. પ્રમુખસ્થાન આપનું છે...

ચંદ્રિકા : નહિ નહિ, મારાથી કાંઈ જ બનશે નહિ. મારા જીવને ઘણી જ બેચેની છે. તમે જાઓ.

કવિ : (જતાં જતાં) શું અપમાન અને હારગજરા મળ્યે જાય છે ! દુનિયાના ઓ કવિવરો ! તમે કુદરતની કવિતાઓ લખવી મૂકી ગાંધીને ત્યાં ગુમાસ્તા રહી જાઓ !...ત્યાં યે આપણને તો ન રાખે. ચોપડામાં જમાઉધારને બદલે ડોલન ભરેલી કવિતા લખાઈ જાય ! લાવો ડૉકટરને અહીં મોકલું. બન્નેને ઠીક પડશે.

[જાય છે.]

ચંદ્રિકા : મને પુરુષોનાં મોં જોવાં ગમતાં નથી. જે સ્વાર્થી, નફ્ફટ અને દગાખોર જાત જગતનું સુકાન હાથમાં લઈને બેઠી છે તેના હાથમાંથી સુકાન છીનવવા માટે આવી સભાઓ શું પૂરતી છે ? પુરુષે સર્વજીવન ઉપર જાળી પાથરી દીધી છે ! સ્ત્રીને એ જાળની બહાર ઊભા રહેવાની પણ જગા નથી. લગ્ન, નીતિ, ન્યાય, રાજ્ય, શાસન અને કુટુંબ : એ સર્વ વ્યવસ્થામાં સ્ત્રીઓને ગુલામીમાં જકડી રાખી છે. એ જાળ શું મારાથી નહિ તૂટે ? ભલે ન તૂટે. મારા પ્રયત્નમાં જ મારો વિજય સમાયો છે.

[સખી આવે છે.]

સખી : બહેન ! આજે આમ બાવરી કેમ લાગે છે ?

ચંદ્રિકા : તું કેમ વગર બોલાવ્યે આવી ? જા અહીંથી; મને એકલીને બેસી રહેવા દે.

સખી : બહેન ! આ તો ખોટું થાય છે. તું પરણી જા, એટલે બધી બેચેની ટળી જશે. ચિદ્‌ઘનને ના પાડી તો બીજો કોઈ ક્યાં નથી મળતો ?

ચંદ્રિકા : તું જાય છે કે નહિ? હું ધક્કો મારીને બહાર કાઢીશ.

સખી : (હસતી હસતી) આ ચાલી, બાઈ! પણ એટલું યાદ રાખજે કે કોઈનું ઘર માંડ્યા વગર સ્ત્રીજાતનો ઉદ્ધાર નથી.

[ સખી જાય છે. ]

ચંદ્રિકા : ગુલામીમાં ઊછરેલી! તને ગુલામગીરી સિવાય બીજો ઉદ્ધારનો કયો રસ્તો જડે? હું જો એક ક્ષણભર રાજ્ય મેળવું તો સઘળા પુરુષોને બંદીખાને પૂરું, પત્નીઓનાં લગ્ન રદ કરું, લગ્ન કરવા ઇચ્છતી બાળાઓને ફટકાની સજા ફરમાવું, ને પુરુષોએ મેળવેલી મિલકત સ્ત્રીઓમાં લૂંટાવી દઉં!

[ ડૉકટર પ્રવેશ કરે છે. ]

ડૉકટર : નમસ્તે, ચંદ્રિકા!

ચંદ્રિકા : આપે અંદર આવતાં પહેલાં મને પુછાવવું જોઈતું હતું. મારી પ્રકૃતિ આજે એવી છે કે હું કોઈને મળી શકું એમ નથી.

ડૉકટર : એવે જ સ્થળે ડૉકટરોનું કામ! આપ ન બોલાવો તોપણ અમારે તો આવવું જ જોઈએ. દર્દ હોય ત્યાં અમે ન જઈએ તો અમારા ધંધાને બટ્ટો લાગે! કવિએ મને કહ્યું ત્યારથી મારો તો જીવ ઊડી જ ગયો છે.

ચંદ્રિકા : કવિએ તમને મોકલ્યા?

ડૉકટર : આપની તબિયતના સમાચાર કહ્યા, પછી મારો જીવ કેમ રહે? આપને બિલકુલ આરામની જરૂર છે.

ચંદ્રિકા : જ્યાં સુધી લોકો મારી મુલાકાત લીધા કરશે ત્યાં સુધી મને આરામ કેમ મળશે?

ડૉકટર : હું એકદમ નીચે સૂચના આપું છું કે ઘરમાં કોઈને આવવા જ ન દે! લાવો, હું પેલું બારણું બંધ કરું. આપ આરામ લ્યો; હું બેઠો છું.

ચંદ્રિકા : મારી ઓરડીમાં કોઈ બેઠું હોય તો મને ઊંઘ આવતી નથી. આપ હમણાં જશો ?

ડૉકટર : ( સ્વગત ) બહાદુરીથી પાછા હઠો ! આપણી દવાનો અહીં બહુ ઉપયોગ થાય એમ લાગતું નથી. ( પ્રકાશ ) હા જી તેની કાંઈ હરકત નહિ. હું ફરી આવીશ.

[ ડૉકટર જાય છે. ]

ચંદ્રિકા : સ્ત્રીઓની પાછળ દોડતા એ શિકારીઓ ! હવે તમારાં હથિયાર નિરર્થક થાય છે. હું તેનો ઇલાજ ખોળતી બેઠી છું... સબળા પુરુષોનાં ખૂન કરવામાં આવે તો ? તે સિવાય તેમની સત્તા તોડવાનો બીજો કયો ઈલાજ સ્ત્રીઓ પાસે છે ?...એ જ, એ જ ! જગતમાંથી સર્વ પુરુષોનું નિકંદન કાઢી નાખવાની યોજના હું રચું છું ! પરશુરામે પૃથ્વી નક્ષત્રી કરી; હું પુરુષ રહિત પૃથ્વી કરીશ ! ચારે પાસ પુરુષો, જ્યાં નજર નાખીએ ત્યાં પુરુષો !

[ ઓરડીમાં લટકાવેલી છબીઓ પર દૃષ્ટિ પડે છે. ]

મારી ઓરડીમાં જ કેટલા પુરુષો મેં ખીચોખીચ ભર્યા છે ! શા માટે મારે તેમને સંઘરી રાખવા ?

[ એક પછી એક છબી લે છે ]

આ મારો મિત્ર થઈને ફરે છે ! મારે શી જરૂર છે એની ? જાઓ !

[ છબી ફોડી નાખે છે. ]

આ મારી સખીનો વર. એટલે તેના મનનો અને દેહનો માલિક. ગુલામોના માલિકોને હું ઘરમાં રાખતી નથી.

[ છબી પટકે છે. ]

આ વકીલ અને આ ડૉકટર. જગતમાં રોગ, કલહ અને કલેશનો પ્રચાર કરનાર સ્વાર્થી બુદ્ધિમાનો ! સ્ત્રીઓ તરફની

તમારી નજર સુધરવાની નથી. બિચારાઓ જાણે છે કે ચંદ્રિકા હવે તેમના તરફ ખેંચાશે. જુઓ, તમારું ખેંચાણ આમ થાય છે.

[ છબી ભોંય પર પછાડે છે. ]

અને આ છબી તો પિતાજીની!...આપ હસો છો? ખરે, આપનામાં પુરુષોની કઠોરતા નથી! વાત્સલ્યના ધોધ નયનોમાંથી વહ્યા જાય છે. મુખ ઉપર ક્ષમાની રેખાઓ તરી આવે છે. આપની છબી ભલે રહી? જગતમાં પિતાઓ ભલે જીવતા રહે!...અને ચિદ્‌ઘન! તારી છબી શા માટે અહીં સ્થાન પામે?

[ છબી હાથમાં લે છે. ]

એક વખત હતો જ્યારે આ નિર્જીવ વસ્તુમાંથી હું મારું ચેતન મેળવતી હતી. મારાં દુઃખોનો હિમાલય આ જડ રમકડાં પાસે પીગળી જતો! આ અવાચક કાગળના ટુકડા પાસે જતાં હું ગુંજી ઊઠતી. ક્ષણભરમાં ચૂરો થઈ જાય એવા આ કાચને હું છાતીએ ચાંપતી ત્યારે ગુલાબ અને મોગરાના પુંજ ઉપર બેઠી હોઉં એમ જાગૃત સ્વપ્ન આવતું! એ કાચ ભલે ચૂરો થઈ જાય, એ કાગળનો ટુકડો ભલે ફાટી જાય!

[ છબી પછાડવા જાય છે. ]

પુરુષોનાં ખૂન કરવા તત્પર થતા ઓ હાથ! કેમ કાંપે છે? ...આટલી છબી રહેવા દઉં તો?...(હસીને) ગુલામોને-ગુલામગીરીનો શોખ મટતો જ નથી. પુરુષનું સ્વામિત્વ સ્વીકારવા તૈયાર થયેલું હૃદય હાથને અટકાવે છે. સ્ત્રીઓના અધઃપાતને સ્વીકારવા લલચાતી હૃદયની દુર્બળ લાગણીના સ્મરણચિહ્ન તરીકે આ છબીને સંઘરી રાખું તો?...હં...બુદ્ધિને બહાનાની ક્યાં ખોટ છે? કમળ ઉપર મરી ફીટનાર ઓ ભ્રમર! તું દીવાનાને ક્યાં ખબર છે કે એ કમળ તો લાખો ગાઉ દૂર વસતા પેલા સૂર્યને ખોળે છે? તું એ કમળમાં

લુબ્ધ થાય છે, તેના પાશમાં સપડાય છે; અરે, તેના પ્રેમમાં તું ગૂંગળાઈ તારો જીવ આપે છે! કમળને તેની ખબર પણ નથી! ખબર હશે તો તેની પરવા નથી! સૂર્યને ફરી જોતાં ખૂલી જાય છે, અને કુરબાન થયેલા તને ટકોરો મારી પાણીમાં પધરાવી દે છે...હું ભ્રમર હોઉં તો એવા કમળને કોરી નાખું!...બસ...ચિદ્દઘનની છબી મારી નજર બહાર જવી જ જોઈએ!...બેવફા પ્રેમી! જા, હૃદયથી બહાર જા! મિટ્ટી સાથે મળી જા!

[ છબીને જમીન પર પટકી ફોડી નાખે છે. ]

...અરે, અરે, મારાં જીવનનીર ઓસરી જાય છે! મારું હૃદય ખાલી ખાલી થઈ જાય છે! અતાગ ઊંડાણમાં એકલી ઊતર્યે જાઉં છું! કોઈ આવો, મને ઝાલી લો!

## છઠ્ઠો પ્રવેશ

સ્થળ : કવિનું ઘર.

સમય : મધ્યરાત્રી.

પાત્ર : કવિપત્ની અને કવિ.

[ કવિપત્ની ગાતાં ગાતાં પ્રવેશ કરે છે. ]

કવિપત્ની :

મોરા ઝાંઝર ઝમકે
ઝમક ઝમક પિયુ આજ !
મોરી ઘૂઘર છમકે
છમક છમક, આવે લાજ !
નહિ નહિ રે બોલું,
શાને રાત જાગો રસરાજ ?—મોરા ઝાંઝર.
ઝીણા ઝીણા ઘૂંઘટે મુખ શે સંતાય ?
મારા રઢિયાળા રાજ !
નયનોનાં બાણથી બચાય ના
રસભીના રાજ !
પાલવડો પકડ્યાનું શું છે કાજ—મોરા ઝાંઝર.

બળ્યું, આ તે ગીત છે ? આવાં આવાં ગીત શું બનાવતા હશે ? મને સમજાતે છે કે આ તો ભજન છે ! જાણે મને કશી

ખબર જ ન હોય! શું કરે બિચારા? રાતદિવસ મહેનત કરે છે, પણ મનભર પૈસો મળતો નથી. હવે શું કરવો છે પૈસો? ક્લેશકંકાસનું તો નામ જ નહિ; આખો યે દહાડો હસવું અને હસાવવું પછી બીજા સુખને શું કરવું છે?... આજ કાલ તો બહુ જ મોડા આવે છે...કહેતા નથી કે શું કામ કરે છે! આમ શરીર શી રીતે પહોંચશે? આજ તો ખૂબ લડીશ! જલદી બારણું ઉઘાડીશ જ નહિ ને! જીવસાટે મારે પૈસો ન જોઈએ! આછું પાતળું જે હશે તેનાથી ચલાવીશ, પણ આમ દુઃખ વેઠવા નહિ દઉં.

[ અંદર જાય છે. બહાર કવિ આવે છે. ]

કવિ : (સ્વગત) આજ તો ખૂબ મોડું થઈ ગયું! રાતના પગ લાંબા થયા હોય એમ લાગે છે! નહિ તો આવાં ડગલાં ભરે? અકર્મીની જાત, બીજું શું?...બારણું બંધ થઈ ગયું છે. બિચારી થાકી સૂતી હશે! સુખ દેખતી નથી તો યે સંતોષી છે. પરણવું તો પૈસાદારને જ! ભિખારીએ પરણવાના ભસકા ન કરવા જોઈએ!...અરે, યાર! પણ એ કાંઈ ચાલે? હવે બારણું ઉઘડાવવું જ પડશે. પાડો બૂમ! (બૂમ પાડે છે) એ! પડોશી જાગતા ન હોય તો પ્રિયા! નહિ તો, એ!...કોઈ બોલતું નથી. શારીરિક કસરતના ફાયદા પૂરા જણાય છે. ઊંઘ તો બરાબર આવે છે. ઓ રાતભર તમાશામાં તરવરતા તવંગરો! જુઓ! હાથ કરડો? તમારી દવાઓ ઢોળી! તમારા ડૉક્ટરને બદલે મને પૈસા આપો! ઊંઘની ઔષધી ખોળવી હોય તો આવો મારા ઘરમાં!...અરે! પણ મને જ ઘરમાં જવાનાં ફાંફાં છે તો તવંગરોને ક્યાં બોલાવું? અરે, આ ટાઢમાં મારું કવિત્વ થીજી જાય છે, ઠરી જાય છે! વેપારીઓ, તેના ભાવ સોંઘા કરો!... એ! ખોલો ખોલો!...શાંતાકારં ભુજગશયનં। આ ઠંડીમાં બંને જડબાંએ શા વેગ ધારણ કર્યો છે? શા કડકડાટ ચાલે

છે ? તારમાસ્તરોને પ્રેકિટસ આપી શકું એમ છું !...અરે, ઘરમાંથી, પાડોશમાંથી કોઈક તો જાગો ! એ તો હું કવિ ! મહાકવિ ! શીઘ્રકવિ ! થરથરતો કવિ !...અત્યારે મારી કલ્પના કુદરતમાંથી ઊડી જઈ ઘરમાં ભરાઈ છે, અને મારાં સ્ફુરણોમાં ગોદડાંનું ગાન આવે છે !

[ અંદરથી પ્રશ્ન થાય છે : 'કોણ એ ?' ]

હજી તો કોણ એ ! કવિરાજ, જીવતા રહેવું હોય તો થોડી બેઠક ખેંચી કાઢો, નહિ તો શરીરમાં એક બીજો હિમાલય ફૂટી નીકળશે !

[ ફરી પ્રશ્ન થાય છે : 'કોણ હશે ?' ]

હવે આવી રહ્યા ! બૂમ પડાય એમ નથી !

**[1]નથી જોર, બૂમો કયમ પાડું સખી ?**
**નથી ચોર હું કે ઘર ફાડું સખી !**
**નથી કૂંચી; શી વિધ્ય ઉઘાડું સખી ?**
**નથી આદર, ને કયમ આવું સખી ?**
**નથી પાંખ, શી વિધ્ય ઉડાય સખી ?**
**નથી કંઠ, પછી શું ગવાય સખી ?**
**નથી ચેતન, કેમ લવાય સખી ?**
**ઘર ખોલ્યું નથી શું અવાય સખી ?**
**ઘર ખોલ સખી !**
**કંઈ બોલ સખી !**

[ બારણું ખૂલે છે. ]

બસ, બસ ! કવિતાદેવી ! તું અલોપ થઈ જા. અને ગૃહદેવી ! મને અંતઃપુરમાં અલોપ કરી દે ! ગૃહદેવી, ગૃહલક્ષ્મી !

[ કવિપત્ની આવે છે. ]

---

૧. તોટક.

પત્ની : આપ કોણ છો? કોને બોલાવો છો? ભૂલા પડ્યા લાગો છો!

'જાઓ, જાઓ, જ્યહાં રાત ગુજારી,
ભૂલી પડી મદભર તુજ નયનાં!
ચરણ ચલિત, તંબોલ અધર પર,
લાલ છૂપે નહિ છલબલ ચૈનાં!—જાઓ.
હારચુમ્બિત હૈયું ક્યમ ઢાંકો?
કંકણવેલી ક્યહાં ચિતરાવી?
અંજનડાઘથી ઓપે કપોલ!
બધી રજની ક્યમ ત્યાં ન વિતાવી?—જાઓ.

કવિ : નાયિકાભેદના મારા જ ઘરમાં દૃષ્ટાંત? મારું કાવ્ય મારી જ સામે? હું હસું કે રડું?

પત્ની : બેમાંથી એક!

કવિ : બન્ને વચ્ચે હૃદય વહેંચાઈ ગયું છે. માટે અડધો હસું છું અને અડધો રડું છું.

પત્ની : એમ કેમ?

કવિ : જો; હસું છું એટલા માટે કે તેં આપેલા માનને હું બિલકુલ લાયક નથી, છતાં તું મને કૃષ્ણકનૈયા જેવો દક્ષિણ માને છે! અને રડું છું એટલા માટે કે તારી તીવ્ર ઇચ્છા છતાં તે માનને લાયક બની શક્યો નથી! રાત ક્યાં ગુજારી તે મારું મન જાણે છે. પ્રભુ! વકીલ કે ડૉકટરનું સ્વપ્નું પણ રાતમાં ન હજો! પગ તો ટાઢમાં થથરી ઊઠ્યા હતા અને હોઠ ફાટીને લાલ બન્યા છે. બીજું કાંઈ જ નથી. તંબોલ તો કોઈ ખવરાવે એમ નથી; પણ જો, આજે તો હું ભારેમાં ભારે ખુશખબર લાવ્યો છું!

પત્ની : કવિતા લખી? કે કાંઈ ભાષણ આપ્યું?

કવિ : શી કવિઓની આબરૂ હોય છે? ધાર, એ સિવાય બીજું કાંઈ!

પત્ની : ચિદ્‌ઘનનો પત્તો લાગ્યો હશે!

કવિ : આ સંસાર એવો અંધારો કૂવો છે કે તેમાં કોઈનો પત્તો જ ન લાગે!

પત્ની : નોકરીમાંથી તમને કાઢી મૂક્યા હશે!

કવિ : સ્ત્રીઓથી કોઈ દિવસ રાજ્ય ચલાવાનું નથી તેની આ ઉપરથી ખાતરી આપું છું. જો, આમ આવ; વાત કહું!

પત્ની : પાસે આવવાની શી જરૂર છે? જ્યાં છો ત્યાંથી જ વાત કરો ને?

કવિ : અરે, તું ગભરાઈશ નહિ. અત્યારે હું પ્રેમના પંઝામાં સપડાયો નથી. પાસે આવવામાં જરા પણ સંકોચ ન લાવીશ. (પાસે આવે છે.) હાં. એમ. જો, આજ તો હું હજારો રૂપિયાનો માલિક બન્યો છું.

પત્ની : હજારો?

કવિ : લાખ!

પત્ની : લાખ રૂપિયા?

કવિ : અરે લાખ શું? કરોડ!

પત્ની : કરોડ?

કવિ : તેથી યે વધારે; અબજ!

પત્ની : અબજ? અરે વાહ!

કવિ : ખર્વ!

પત્ની : ખર?

કવિ : આ અભણ બૈરાનું મહા દુઃખ છે! કયે વખતે ખર્વના ખર બનાવશે એ કહેવાતું નથી!

પત્ની : મારાં મનમાં કે ગુણ ભરાય એટલા પૈસાને 'ખર' કહેતા હશે!

કવિ : તારું કહેવું ખરું છે! કોઈ વૈયાકરણીને વ્યુત્પત્તિમાં ઉપયોગી

---

૧. ઝંઝાટી

થઈ પડશે ! આ રીતે તો તું શબ્દાર્થની એકાદ ચોપડી પણ બહાર પાડી શકશે ! અસ્તુ. કરોડ, અબજ અને ખર્વની વાત તો નહિ, પણ લાખોની લાલચ તો છે જ.

પત્ની : ક્યાંઈથી ચોરી લાવ્યા કે લૂંટ કરી?

કવિ : થોડી ચોરી અને થોડી લૂંટ ! પણ કશો ગુનો નથી કર્યો, હો !

પત્ની : ચોરી અને લૂંટ બન્નેમાંથી એકે ગુનો નથી, ખરું ?

કવિ : આ બાઈ બિલકુલ જૂના જમાનાની છે ! બારમા સૈકામાં જન્મી લાગે છે ! ગુનો ક્યારે થાય એ ખબર છે ?

પત્ની : ગુનો કરે ત્યારે !

કવિ : એ જ મોટી ભૂલ છે ! ગુનો કરે ત્યારે નહિ, પણ પોલીસ પકડે ત્યારે ગુનો બને છે ! અમારા વકીલમિત્રને પૂછી જોજે. જો તારા કહેવા પ્રમાણે ફક્ત ગુનો કરવાથી જ ગુનેગાર થવાતું હોત તો બસ. આખી દુનિયાને કેદખાનામાં રહેવું પડત !

પત્ની : પણ એ કોના પૈસા ?

કવિ : કુંજવિહારીની મિલકત અમે ત્રણે જણ વહેંચી લેવાના છીએ ! જોજે, કોઈને વાત કરતી !

પત્ની : તમને દત્તક લીધા કે શું ?

કવિ : આપણી તો બહુ એ ઇચ્છા છે કે કોઈ માલદાર આપણને દત્તક લે ! પણ એ તો હાલમાં બને એવું નથી. વૃદ્ધાવસ્થામાં કોઈ નીકળી આવે તો જુદી વાત છે. પણ હાલમાં તો કુંજ-વિહારીનો બધો કારભાર અમારે ત્રણ જણને કરવાનો છે; વકીલ ડૉકટર અને હું ! પૈસા મારી લેવાની પેરવીઓ થયે જાય છે.

પત્ની : તમે પણ એ પેરવીઓમાં સામેલ છો કે ?

કવિ : મારા વગર ચાલે ? પણ એ પૈસાનો મને એક જ ડર લાગે છે.

પત્ની : શો ડર ?

કવિ : મારા હાથમાં ટકશે નહિ, અને બીજી ઉપાધિ સાથે આવે એ જુદી ! એટલે હું તારી સલાહ માગું છું.

પત્ની : એવો પરાયો પૈસો મારે ન જોઈએ ! આપણે શી ખોટ છે ?

કવિ : ખરી વાત; આપણે શી ખોટ છે? પણ જોજે, આ પૈસો જવા દઈશું તો પછી છોકરાને ગાડી નહિ મળે, તને ઘરેણાં નહિ મળે, અને મને શું નહિ મળે એ ખબર નથી. ચોરી કે લૂંટ સિવાય પૈસો મળતો નથી એ ધ્યાનમાં રાખજે.

પત્ની : એવા પૈસા વગર ચલાવીશું! એમ લલચાશો નહિ; નહિ તો પછી મને તમે ગમશો નહિ!

કવિ : નહિ, નહિ, નહિ! એવા પૈસાને લાત મારું છું! તને ના ગમું તો પછી પૈસાને લઈ શું કરું? (સ્વગત) ગરીબો! સદા ય ગરીબ રહેજો!

## સાતમો પ્રવેશ

સ્થળ : કુંજની અગાશી—નીચે નદી વહે છે.

સમય : રાત્રિનો ત્રીજો પ્રહર.

પાત્ર : કુંજ, નોકર, વિલાસ.

[ એક નાના મેજ પાસે ઊભો ઊભો કુંજ વિચાર કરે છે. ]

કુંજ : ભૂતકાળ ભૂલવાની હું દવા ખોળું છું! મારા મનને કોઈ સ્થિરતા નહિ આપે? કોઈ હકીમ, કોઈ ઇલ્મી, કોઈ માંત્રિક! અરે, હું મારી લાખોની મિલકત તેને ચરણે ધરું, જો તે ઘડીભર મારા મનને જૂઠું પાડી દે તો!

[ નોકર આવે છે. ]

નોકર : બાપજી! તબિયત બહુ બગડી લાગે છે!

કુંજ : હરામખોર! તું કેમ અહીં ઊભો છે? અત્યારે કોઈ મારી પાસે આવશો નહિ. ચાલ, જલદી કર.

નોકર : સાહેબ, આ તો—

કુંજ : બસ કર. મારે કોઈનું મોં જોવું નથી. જાય છે કે નહિ?

નોકર : ( જતાં જતાં ) જરૂર કાંઈક વળગાડ છે, નહિ તો આ ડાહ્યા દેવ જેવા અમારા સાહેબ આમ બોલે?

[ જાય છે.

કુંજ : ચિદ્‌ઘન અને વિલાસ! પેલો હીંચકો અને બાગ! અરે કોણ છે અહીં? હીંચકાને બાળી દો અને બગીચાને ઉજાડી દો! જગતમાં પ્રેમ નથી; પશુતા છે! ઓ ફિલસૂફો અને કવિઓ! જગતને ભુલભુલામણીમાં ભટકાવનારા ઓ જાદુગરો! રડતા પ્રેમીઓ આગળ જાહેર કરો કે પ્રેમ તો માત્ર તમારી કલ્પનામાં વસે છે! એ ભૂતના ભડકાનું અસ્તિત્વ જ નથી, અને જે છે તે માત્ર પશુતા જ છે!

[ વિલાસ અંદરથી ગાય છે. ]

[1]કાજળકાળી રાતલડીમાં અંધકાર ઊભરાય!

કુંજ : શું કંઠમાધુર્ય છે! સૌંદર્ય સર્વદા મધુર છે!...( સહજ હસતાં) વાસનાથી પીગળતા ઓ હૃદય! સ્થૂલ સૌંદર્યનું ખેંચાણ હજી અટક્યું નથી, ખરું? કોનું સૌંદર્ય? અને કોને માટે? મૂર્ખ પ્રેમી! કેમ ભ્રમણામાં ભૂલે છે? તને જે ખેંચે છે તે તારું છે? પેલો અભાગી ચંદ્ર પૃથ્વીની આસપાસ હસતો અને રડતો ફાંફાં માર્યા કરે છે! પરંતુ તે બેવકૂફ ભૂલી જાય છે કે એ પૃથ્વી તો પેલા બળતા અને બાળતા સૂર્યની પ્રદક્ષિણા કરે છે!...ક્યાં છે પ્રેમ? કોણે જોયો? કોણે અનુભવ્યો? મને કોઈ પ્રેમની મૂર્તિ બતાવો એટલે તે મૂર્તિના હું ચૂરા કરી જગતને કઠોર સત્ય જોવા તૈયાર કરું!

[ બાલસ્વરૂપની એક પ્રેમમૂર્તિ પ્રગટ થાય છે. ઘડીભર સુંદર વાંસળી વગાડે છે અને અદૃશ્ય થાય છે.

[ વિલાસ ગાતી ગાતી આવે છે. ]

વિલાસ : હું તે ઝબકીને જાગી આજ!
મુરલી ક્યાંથી વાગી?

---

૧ સારંગ

મુજ સઘન કુંજ સોહાગી આજ !
લગની સ્વર શું લાગી !—
અણુ અણુ તનનાં મારાં
મુરલીના તાને રાચે;
હૈયું થન થનગન નાચે આજ
મુરલી ક્યાંથી વાગી ?—
ઘેલી હું શોધતી એ
રસને કોણે રેલાવ્યો ?
સલૂણો એ ક્યાં સંતાયો ? આજ
મુરલી ક્યાંથી વાગી ?—

કુંજ : વિલાસ ! હું પણ એને જ ખોળું છું. એ મુરલી વગાડનાર ખોવાઈ ગયો ! જડતો નથી. કદાચ જગતમાં હશે જ નહિ.

વિલાસ : એ શું ? વાંસળી તમે જ વગાડી ને ?

કુંજ : ના, મેં નહિ.

લિલાસ : ત્યારે કોણે વગાડી ?

કુંજ : મને ખબર નથી.

વિલાસ : ( સહજ વિચારમાં પડીને ) તમે શું કરો છો અત્યારે ?

કુંજ : ભૂતકાળને ભૂલવાની દવા ખોળું છું.

વિલાસ : ( સ્વગત ) જીવનમાં નવો જ ફેરફાર !

[ મેજ પર પડેલી શીશી જુએ છે. ]

આ શાની શીશી છે ?

કુંજ : એ મદિરા છે ! દુઃખીનો વિસામો ! દર્દીનો આરામ !

વિલાસ : અને આ પ્યાલો શાનો ?

કુંજ : એમાં ઝેર ભર્યું છે. એની વાસ લેતાં મન મૂર્છિત થઈ જાય. અને એક બિંદુ જીભે અડતાં સદાની શાન્તિ પ્રાપ્ત થાય !

વિલાસ : અને આ શા માટે અહીં ?

કુંજ : એ તમંચો છે. જો આમ માથે ધરી તેની સહાય લઈએ

તો દુષ્ટ દુનિયાની પાર વીજળીને વેગે જઈ શકાય. એ સર્વ ભૂતકાળને ભૂલવાની દવાઓ છે.

વિલાસ : અરે, અરે......ઓ વહાલા! તમને શું થાય છે?

[ કુંજને વળગી પડે છે.]

કુંજ : મને એમ થાય છે કે જગતમાં કોઈ મારું નથી.

વિલાસ : હું તમારી જ છું.

કુંજ : વિલાસ! સૌન્દર્ય ખોટું પણ હોય, ખરું? મીઠાશ કડવી પણ હોય, નહિ? અને સ્નેહી બેવફા પણ હોય, ખરું ને?

વિલાસ : (હસીને) પણ તેમાં તમારે શું?

કુંજ : ખરી વાત છે! તેમાં મારે શું? (સ્વગત) જગતને બાળતી ઓ ભયંકર સૌન્દર્યજ્વાલા! હું તને હોલાવી નાખું તો?

વિલાસ : પ્રાણ! કોઈ ભયંકર સ્વપ્ન આવ્યું લાગે છે. મને પણ એમ જ થયું અને હું લવી ઊઠી; પરંતુ પછીથી કોઈ આપના સરખી પ્રેમમૂર્તિએ વાંસળી વગાડી અને હું જાગી, દોડી આવી!

કુંજ : તું મારી પાસે કેમ આવી? તે મૂર્તિ પાછળ જવું હતું! તું ખોળે છે એ પ્રતિમા તને મારામાં નહિ દેખાય! જા, વિલાસ! જા એ મૂર્તિની પાછળ! કેમ અહીં ઊભી રહે છે? તારે અને કુંજને શો સંબંધ છે?...(વિલાસ રડે છે). વિલાસ! મધુરી વિલાસ! તું રડે છે? તારું રુદન હું નહિ ખમી શકું! તારા મુખ ઉપર મેં સર્વદા હાસ્યનાં અજવાળાં જ નિહાળ્યાં છે! મને ભય લાગે છે કે તારું રુદન તને પાછી મારી બનાવી દેશે.

વિલાસ :

[1] કાજળકાળી રાતલડીમાં
અંધકાર ઊભરાય!

---

૧. સારંગ.

અંધકાર ઊભરાય,
એમાં જગત તણાયું જાય—કાજળ.
ચમકે પેલી તારકમાલા;
કે શું દેવ ઉગામે ભાલા ?
હૃદય સદા ય ઘવાય !
જો ને અંધકાર ઊભરાય !—કાજળ.
વહેતી નયને આંસુધારા,
કે શું અગ્નિતણા ચમકારા ?
જીવન સદા ય દઝાય !
જો ને અંધકાર ઊભરાય !—કાજળ.

કુંજ : મા રડીશ, વિલાસ ! મેં તને સદા ય હસતી જ જોઈ છે. જરાક મુખ હસતું કર ને ?

વિલાસ : ( હસીને ) તમે આજે શું માંડયું છે ? ચિદ્‌ઘન અદૃશ્ય થયા પછી ઘેલા જેવા થઈ ગયા છો !

કુંજ : ચિદ્‌ઘન ? નામ દેતાં તને કેવું હસવું આવે છે ?

વિલાસ : ( હસતાં ) આજે ડૉકટરને બોલાવીશું ? હસવા જેવું કેમ બોલો છો ?

કુંજ : વિલાસ ! તું જૂઠી છે : કહે, હું તને મારી નાખું તો ? તારું ગળું મને ઘણું ગમે છે. મને દબાવવા દઈશ ?

વિલાસ : ( હસતાં ) જરૂર; લાવો તમારો હાથ.

[ હાથ લઈ ગળે નાખે છે. ]

કુંજ : ચિદ્‌ઘનનો હાથ પણ આમ જ ગળે ભરવ્યો હતો, ખરું ? ઓ, ઓ વિલાસ ! મારી આંખથી દૂર થા !

[ ધક્કો મારી નદીમાં નાખી દે છે; ચંદ્રનો પ્રકાશ પડે છે. ]

વિલાસ : ( નદીમાંથી ) ઓ કુંજ ! વહાલા ! મને મગર પકડે છે. નહિ છોડાવો ?

કુંજ : અરે, અરે ! મારી વિલાસ ક્યાં જતી રહી ? મને બૂમ પાડે છે ? ( નદીમાં જોઈ ) મગરમચ્છ વિલાસને ગળી જશે ? ઓ પેલો દેખાય ? હરામખોર ! ( હાથમાં તમંચો લઈ ) મારી વિલાસની સાથે આ રમત ! ( તમંચો ફોડે છે. ) મેં મગરને માર્યો કે વિલાસને મારી ? વિલાસ વગર મારાથી જિવાશે ? વહાલી ! હું તારી પાછળ જ આવું છું !

[ નદીમાં કૂદી પડે છે. ]

# અંક ત્રીજો

## પ્રવેશ પહેલો

સ્થળ : કુંજવિહારીનું મકાન.

સમય : રાત.

પાત્રો : વકીલ, કવિ, ડૉક્ટર, ચોર.

વકીલ : ડૉક્ટર! હવે ગભરાઈશ નહિ. કુંજ પણ નથી, અને વિલાસ પણ નથી. હાજરીનો ભય પણ ટળી ગયો. હવે આપણે ત્રણે જણ મનમાનતી મઝા કરી શકીશું.

ડૉક્ટર : મઝા કરવાને તો ઈશ્વરે જન્મ આપ્યો છે!

કવિ : ડૉક્ટર થઈને ઈશ્વરમાં માનો છો? કોઈ આદમીને ચીરતાં માંહેથી ઈશ્વર જડી આવ્યો 'તો?

ડૉક્ટર : તો શું તમે ઈશ્વરને નથી માનતા?

કવિ : નહિ જેવું જ. સગવડ પ્રમાણે માનીએ. આ વકીલ-સાહેબ માને છે એવું.

વકીલ : શું હું ઈશ્વરને નથી માનતો?

કવિ : આપ સમજ્યા નહિ; ઈશ્વર એ એક એવું પ્રાણી છે કે જેનો યોગ્ય વખતે જ ઉપયોગ થાય. દરેક વખતે ઈશ્વરે વચમાં ડખલ નહિ કરવી જોઈએ. કહેવાની મતલબ એ કે ઈશ્વર એ એક ઉપયોગી ચીજ છે; વખત બેવખત કામ લાગે!

ડૉકટર : આના કરતાં ઈશ્વરને ન જ માનવો એ વધારે સારું. નાસ્તિક બનો, નાસ્તિક !

વકીલ : છેક ઈશ્વરને ન માનવો એ તો બરાબર નથી. કંઈક છે તો ખરું !

કવિ : અલબત્ત ! અંધારામાં જવું હોય ત્યારે તરત ઈશ્વર દેખાઈ આવે છે ! માંદા પડ્યા હોઈએ ત્યારે પણ ઈશ્વર પોતાનું ડોકું ઊંચું કરી બેસે છે ! કોઈને રામશરણ પહોંચાડ્યા પછી પણ કંઈક છે તો ખરું !

ડૉકટર : બીકણ મનના એ વહેમ ! ન સમજાય તે ઈશ્વર ! બીજું શું ?

કવિ : એ પણ ખરું ! માથા ઉપર જાણે તરવાર ટીંગાવી હોય એવો ઈશ્વર હોય તો યે શા કામનો ?

વકીલ : વાદવિવાદ કરવો હોય તો મને કહો. ફિલસૂફીનો વિષય ખાસ મારો હતો. ઈશ્વરની માન્યતાના વિકાસનો ઇતિહાસ હું તમને સમજાવીશ ત્યારે ખબર પડશે કે ઈશ્વરની ભાવના પાછળ શું શું રહેલું છે.

કવિ : આપનું કહેવું બરાબર છે. ઈશ્વરની પાછળ ઘણું ઘણું રહેલું છે, બહુ ચીજો એણે સંતાડી મૂકી છે. બડો બખીલ છે. એનું નામ જવા દો !

ડૉકટર : ઇતિહાસ એટલે અવ્યવસ્થિત વાતને જરા ગોઠવી કાઢવી. બાકી ઈશ્વરની ભાવનામાં કાંઈ ઢંગધડો છે ? જેને જેમ ફાવ્યું એવું માન્યું.

કવિ : ડૉકટરનું કહેવું ખરું છે. ઈશ્વરમાં શો ઢંગધડો છે ? ખ્રિસ્તીઓનો બાપ થાય છે ! શક્તિનો મા થાય છે ! અમારા પ્રેમલક્ષણા ભક્તિવાળા સખીભક્તોનો પ્રેમી થાય છે !

'બાંકી છેલ અલબેલો રે સહેજે મોહ લાગે.'

અને પેલા મોજી, સાકીના હાથે શરાબનો જામ પીનારા સૂફી-ઓની તે માશુક અને સનમ બને છે!

'યારી ગુલામી શું કરું, તારી સનમ ?
ગાલે ચૂમું કે પાનીએ, તુંને સનમ ?'

અરે ડૉક્ટર સાહેબ! તપાસ કરો ને? શાનો ખડખડાટ થયો?

ડૉક્ટર : અંદર જઈને જુઓ. ગભરાઓ છો કેમ?

કવિ : નહિ, ભાઈ! કદાચ ઈશ્વર જ મળવા આવ્યો હોય! મારે હમણાં નથી મળવું એને. વકીલસાહેબ! મુદત પડાવો.

વકીલ : કોઈક છે! બૂમ પાડું?

[ કેટલાક ચોર આવે છે. ]

ચોર : પકડો એમને. જો બૂમ પાડી તો અહીં મુડદું જ પડશે!

કવિ : અરે ભાઈ! એવું તેવું નહિ કરતો! આ ટાઢમાં ઊંચકી જવાનું ભારે પડશે!

ચોર : ચૂપ! લાવો પેલી તિજોરીની કૂંચી. કોની પાસે છે?

કવિ : પેલા બંને મારા માલિકો છે! સાહેબો છે! હું તો તેમનો નોકર છું. (સ્વગત) મારથી બચવા માટે હું ગમે તેનો નોકર થવા તૈયાર છું.

ચોર : આ બંને જ ખરાં પાજી માણસો છે! અમને રોટલામાંથી રઝળાવ્યા, અમારી રોજી લઈ લીધી અને અમને ભૂખે માર્યા! હવે જ તેમને ખબર પડશે!

વકીલ : તમે શું કારખાનાનાં માણસો છો?

ચોર : તેં કાઢી મૂક્યાં ત્યાં સુધી તો હતાં; હવે નહિ.

વકીલ : અરે ભાઈ! તું કહે તો તારે માટે એક નવી મિલ ખોલું. તમને તો અમે ભૂલથી કાઢી મૂકેલા.

ડૉક્ટર : તદ્દન ભૂલથી જ! તમારો ઇરાદો હોય તો અત્યારથી જ તમારો પગાર ચડતો! અરે, પચાસ ટકા વધારો!

ચોર : દવા આપતાં જીભ સખણી નહોતી રહેતી. અમારાં મેલાં કપડાં જોઈ અમને ધક્કા મરાવતો. હવે પારકી મિલકત ઉપર પચાસ ટકા વધારો ! હું કોઈને છોડવાનો જ નથી. લાવો, કૂંચી લાવો ! ખિસ્સાં તપાસો.

વકીલ : અરે ભાઈ ! ખિસ્સામાં તો કાંઈ નથી; કાગળિયાં છે. કાગળિયાંને શું કરશો ?

ચોર : આ રાજ્ય કાગળિયાંનું છે.

કવિ : ખરી વાત છે ! કઢાવો કાગળિયાં, અને ફેંકાવી દો બારીમાંથી !

ચોર : કેમ એમ ? તું કોણ છે ?...હા, હા, પેલાં ભજનો ગાતો, અને 'દારૂ ના પીશો, ચોરી ના કરશો.' એવું એવું કહેતો તે ! ખરું કે ? બ્રાહ્મણિયા આદમી છે ! જવા દો એને. જો, પણે છાનોમાનો ઊભો રહે.

[ ચોર ખિસ્સાં તપાસે છે. ]

ડૉકટર : અરે ભાઈ ! આમાં તો મારી દવાઓ લખી છે. દવા નહિ હોય તો દર્દી મરી જશે.

ચોર : દવા હોય છે તો યે દર્દીઓ ક્યાં નથી મરતા ? કાઢ, ખિસ્સામાં શું ભર્યું છે ? કૂંચી લાવ.

[ ખિસ્સાં તપાસી કાગળિયાં કાઢી દૂર ફેંકે છે. કવિ તે ઉપાડી લે છે. ]

બીજો ચોર : (કવિને) કેમ, સખણો ઊભો નથી રહેતો કે ?

કવિ : એ તો મારાં ભજનો મેં આ લોકોને લખી આપ્યાં હતાં તે પાછાં લઉં છું.

[ ડૉકટરના ખિસ્સામાંથી કૂંચી મળે છે. ]

ચોર : જો અહીંથી ખસ્યા તો આવી બન્યું જ માનજો.

[ એક ચોર કૂંચી લઈ જાય છે. બીજા ચોર વકીલ તથા ડૉકટરને પકડી ઊભા રહે છે. થોડી ક્ષણોમાં પૈસાની નાની પેટી ઉપાડી પ્રથમનો ચોર આવી, બીજા ચોરોને બોલાવી ચાલ્યો જાય છે. ]

વકીલ : કવિ !

કવિ : હું કોઈનું સાંભળવા માગતો નથી ! બ્રાહ્મણિયા !

ડૉકટર : અરે કવિ ! ઠીક થયું, કાગળો તેં ઉપાડી લીધા તે. ચોર ગયા જણાય એટલે પાછા આપજે !

કવિ : 'બ્રાહ્મણિયા આદમી ?' મારો વીરરસ ઊછળી રહ્યો છે ? મારું ક્ષત્રિયત્વ ઝળકઝળક થઈ રહ્યું છે ! શું હું 'બ્રાહ્મણિયા' ? અને તે હું સાંભળી રહ્યો ? ધિક્કાર છે ! મને નહિ, પેલા ચોર લોકોને ! જો મારી પાસે એકાદ ચપ્પુ જેવું હથિયાર હોત તો હું શું પરાક્રમ કરી બતાવત તેની એક ધમકભરી કવિતા લખી નાખું છું ! આવી જાઓ !

ડૉકટર : ઘેલો ન થઈ જાય !

કવિ : આવી જાઓ !

વકીલ : અરે કાગળિયાં પાછાં આપ.

કવિ : આવી જાઓ !

ડૉકટર : અરે બદમાશ ! પેલા ચોરને તો બહુ જ થોડું મળ્યું છે. પણ તું તો અમને સમૂળ લૂંટવા બેઠો છે !

કવિ : આવી જાઓ !

વકીલ : નહિ નહિ, કવિ તો પ્રામાણિક માણસ છે. આપણે જ એને નોકરી અપાવી હતી. આપણને દગો કરે જ નહિ ને—

કવિ : આવી જાઓ ! (સ્વગત) હાથમાં આવે તેને નિચોવી જ નાખવો એ વકીલ અને ડૉકટરનો ધંધો ! પોતાના માલિકને પણ ન છોડનાર આ ગૃહસ્થોને હવે હું પણ નિચોવી નાખીશ ! ...અને મિલકતને બચાવીશ.

## બીજો પ્રવેશ

સ્થળ : નદીને કિનારે આવેલું જંગલ

સમય : સંધ્યા,

પાત્ર : કુંજવિહારી અને ચોર.

[ કુંજ નદીમાંથી બહાર નીકળે છે. ]

કુંજ : વિલાસ! ઓ વિલાસ! મારાં વસ્ત્રમાંથી નીર ટપક્યા કરે છે! એમ જ મારા અણુઅણુમાંથી તારા નામના પુકારો ઊઠ્યા કરે છે! તું બહુ દિવસ સંતાઈ! આ નીરભરી સરિતા મને હસે છે! તે ખડખડાટ હસે છે! કેમ ન હસે? વિલાસને તારા હૈયામાં સંતાડી રાખી છે, નહિ? ત્યાંથી પણ વિલાસ તારા દેહને હસાવી રહી છે. એ જ. એના વિના આવાં હાસ્યનાં મોજાં તરવરી રહે જ નહિ. વિલાસ મારા હૈયામાં સમાતી ત્યારે હું પણ તારા કરતાં વધારે હસી શકતો હતો. આજે એ હૃદય ખંડેર થઈ ગયું છે! મને મારી વિલાસ પાછી નહિ આપે? કેંક દિવસોથી હું તારી પરિક્રમા કરું છું! તારા જલમાં હું ડૂબેલો જ રહું છું! મને તેનું ફળ નહિ આપે? તું દેવી મનાય છે. આ જીવન એક જ આશા ઉપર ઊભું છે! તું ના કહે; હું એકદમ આ વિલાસ વિરહી દેહને અહીં ને અહીં પટકી ચાલ્યો જઈશ!... હસે છે? આંખના પલકારા મારે

છે? વિલાસે એ નેત્રપલ્લવી શીખવી, ખરું?...જવાબ નહિ આપે? ઓ, ઓ સરિતા! બલરામે યમુનાને ખેંચી હતી તે યાદ છે? રામ સમુદ્ર શોષવા તૈયાર થયા હતા એ તું ભૂલી જાય છે?...પણ હું કોણ ધમકી આપનાર? સીતાની પાછળ પોતાની જાત હોમનાર રામને હું સંભારું છું? રાવણના અંતઃપુરમાં રહેતી સીતાને માટે સમુદ્ર તરનાર રામનું નામ, ઓ કુંજ! તું કયા મુખે લે છે? એક ક્ષણની ચેષ્ટા નીરખી એટલામાં...અરે...ઓ શંકિત હૃદય! તું કેમ ધબકી શકે છે? પાણી બની પીગળી જા, વરાળ બની ઊડી જા! વિલાસને માટે મરવા માગતા ઓ કુંજ! તારું હૃદય સંભાળ! શંકાનું એક બિંદુ ફેલાયું. અને મારા સમગ્ર જીવનઆકાશને ઘોર પ્રલયના મેઘથી છાઈ દીધું! શું સત્ય હશે?...અરે, તારે સત્યનો ખપ છે કે વિલાસનો?

[ ચોર આવે છે. ]

પહેલો ચોર : પેલો કોણ પણે રખડ્યા કરે છે?

બીજો ચોર : કોઈ ગાંડો હોય એમ લાગે છે. કહે છે કે કેટલાક દિવસથી આમ બબડતો ચિત્તભ્રમ જેવો ફરે છે.

ત્રીજો ચોર : ગાંડો હોય કે ડાહ્યો! આપણે શું? પણ, પેલું એને હાથે ચમકે છે એ જોયું? હીરાની વીંટી લાગે છે.

પહેલો ચોર : ખરી તારી નજર પહોંચી! હીરાને કોણ પારખે? કાં તો ઝવેરી કે કાં તો ચોર!

બીજો ચોર : થોડા દહાડામાં એની ઠીક નજર બેસી ગઈ.

ત્રીજો ચોર : અરે, એ તો અસલનો આપણો બાપદાદાનો ધંધો! લોહીની સાથે જ બંધાયલી આવડત કાંઈ જતી રહે? એ તો ઠીક છે કે પોલીસનો ત્રાસ બહુ લાગ્યો, અને પેલા બિચારા શેઠના કારખાનામાં રોજી મળી ગઈ. બાકી ખરો ધંધો તો આપણો આ જ!

પહેલો ચોર : ચાલો ચાલો, પેલો નાસી જશે. આપણને જોયા લાગે છે.

[ કુંજની પાસે જાય છે. ]

એ ! કોણ તું ? ક્યાં જાય છે ?

કુંજ : ઓ વિકરાલ દેખાતા ગામડિયા ! તારું હૃદય તારા મુખ જેવું વિકરાલ નહિ હોય. હું કોણ છું તે જાણે છે ? સંસ્કાર અને સભ્યતાના ઓપથી ઝળકતા મૃદુ મુખની પાછળ શયતાનને પણ લજાવે એવા ભયાનક હૃદયવાળો હું એક નગરવાસી છું ! ઓ ગ્રામવાસીઓ ! શહેરીને ન છેડશો.

બીજો ચોર : શું બોલે છે, આ ઘેલો ? અમે કોણ છીએ તે તું જાણે છે ?

કુંજ : ઘેલો ? હા હા. ખરું કહેવાની હિંમત ધરનાર, ભાઈ ! તું જ મને પહેલો મળ્યો. તમે કોણ છો ?

[ ચોર લોકો હથિયાર કાઢી બતાવે છે. ]

પહેલો ચોર : અમે કોણ છીએ તે જોયું ?

કુંજ : એ હથિયારથી કોનું રક્ષણ કરો છો ?

પહેલો ચોર : રક્ષણ કેવું ? અમે તો ચોર છીએ ?

કુંજ : બસ ! (હસીને) તમે ચોર હશો; પણ હું કોણ છું તે તમે જાણો છો ?

બીજો ચોર : (સ્વગત) અલ્યા, આને તો કાંઈ જોયો લાગે છે.

કુંજ : હું ખૂની છું.

પહેલો ચોર : અરે ભલે ને તું ખૂની હોય ? ધરી દે પેલી તારી વીંટી. નહિ તો માર્યો જઈશ.

કુંજ : વીંટી ? હજી રહી છે, ખરું ? વિલાસના ઓ અવશેષ ! તું યે જઈશ ? વિલાસની મૂર્તિ ખડી કરી દેતી ઓ જાદુઈ અંગૂઠી ! નહિ જવા દઉં તને.

પહેલો ચોર : (સ્વગત) અરે, ઓળખ્યા ! આ તો આપણા માલિક !

કુંજ : ભાઈ ! ચોર ! જગતમાં તારું નામ વિના કારણ હલકું પડી

ગયું છે. જગતમાં કોણ ચોર નથી ? ચોરીની જાળમાં આખું જગત ગૂંથાઈ ગયું છે. તારે પૈસો જોઈએ છે, ખરું ? આવી સેંકડો અંગૂઠી તું ખરીદે એટલું ધન તને આપું તો ?

ત્રીજો ચોર : હાથમાં આવેલી ચીજ કોઈ જવા દેતું હશે ? પહેલી વીંટી મૂક, પછી બીજી વાત કર !

કુંજ : ઉફ઼ ! નાદાન ! તું મારી વીંટી લેશે ? જો વીંટી સામી નજર કરી છે, તો યાદ રાખ, એક ક્ષણમાં તને હું ચોળી નાખીશ ! ભાઈ ! જો પેલા તારા સોબતીને જીવતો રાખવો હોય તો એને અહીંથી દૂર કર ! હટાવ ! હજી આંખ વીંટી ઉપરથી ખસતી નથી, ખરું ? ઓ, ઓ, બદમાશ !

[ બીજા ચોરનું ગળું પકડે છે. ]

પહેલો ચોર : બાપજી, બાપજી ! ભૂલ થઈ અમારી ! આપને ન ઓળખ્યા ! અમે તો આપના નોકર છીએ; આપનું લૂણ ખાધું છે; આપના અન્નથી તો આ દેહ બંધાયો છે. ( ચોરોને ) પાછા ખસો બધા યે ! મારી સાથે તમારી બધાંની યે આંખો ફૂટી ગઈ ? જેનાં સવારમાં ઊઠી રોજ દર્શન કરતા તેમને જ ભૂલી ગયા ? ફિટકાર છે ! ( કુંજને ) બાપજી ! આ શું થઈ ગયું ?

કુંજ : મને ખબર નથી કે શું થઈ ગયું. તું મને ઓળખતો લાગે છે. તું કેમ ચોરી કરવા નીકળ્યો ?...હાં હાં, હું સમજ્યો. તારે ખાવાને અન્ન નહિ હોય ! તારી સ્ત્રીને ટાઢથી બચાવવા તું વસ્ત્ર નહિ મેળવી શક્યો હોય ! ભૂખથી રડીરડાીને સૂઈ ગયેલાં તારાં બાળકોએ તારા જિગરને પીંખી નાખ્યું હશે ! તું ચોરી ન કરે તો બીજું શું કરે ? હું તને ઓળખું છું. અરે, અરે, તું તો મારા કારખાનામાં હતો !

પહેલો ચોર : હા, બાપજી ! ત્યાંથી તો અમને બધાંને કાઢી મૂક્યાં. પહેલાં તો આપે બધું કામ જોતું મૂક્યું. પછી આપનો

પત્તો ન લાગ્યો. પેલા વકીલે તો બધું ઊંધું જ માર્યું છે, અને હજારો કારીગરોને ઘેર બેસાડી દીધા છે.

કુંજ : કયો વકીલ? મારાં બચ્ચાંને ભૂખે મારનાર એ કોણ રાક્ષસ છે? બચ્ચાંઓ? જાઓ, મારું નામ દેજો, અને જો તમને કામ ન આપે તો તેને લાત મારી ભોંયભેગો કરી નાખજો. જાઓ, જો તમને કશી પણ હરકત કરે તો મારી કુલ સત્તા સોંપ્યાના કાગળો તમે ચીરી નાખજો. જગતમાં એક પણ માનવીને ભૂખ્યા સૂવું પડે તો સઘળા ધનવાનોના ધનને લૂંટાવી દેવું જોઈએ!

પહેલો ચોર : અમારું તો હવે થઈ રહેશે. પણ ઓ સાહેબ! આ ભીનાં કપડાં હજી ઊતર્યાં નથી; મોં સુકાઈને ઓળખાય નહિ એવું થઈ ગયું છે; અને આંખ ઊંડી પેસી ગઈ છે. જરા અમારી ઝૂંપડીઓમાં પધારો, અને થોડો આરામ લ્યો!

કુંજ : તમારી ઝૂંપડીમાં વિલાસ છે?

પહેલો ચોર : બાઈસાહેબની વાત કરો છો? આપણે શોધી કાઢીશું.

કુંજ : નહિ નહિ, વિલાસ વગર હું કોઈ પણ ઘરમાં પ્રવેશ કરી શકીશ નહિ. એના વગર આ આકાશનો ઘુમ્મટ પણ મને સાંકડો પડે છે. ભાઈ! કહે, કહે મને. તેં મારી વિલાસને જોઈ છે?

પહેલો ચોર : બાપજી! બે દિવસમાં ઢૂંઢી કાઢીશું. હમણાં ચાલો.

કુંજ : બે દિવસ? તમને ગમારોને સમયની કિંમત જ નથી. બોલ, વિલાસ ક્યાં છે? મને ક્યારે મળશે? વિલાસ, ઓ વિલાસ! તારા નામથી આખું આકાશ મેં ભરી દીધું છે. મારા પોકારનાં મોજાંથી તું ગૂંગળાઈ જવી જોઈએ. એક બોલ નહિ બોલો?

ચોર : (અંદર અંદર) આ પાસે ગુફા છે. તેમાંથી હમણાંનું કોઈ રોજ રાતે ગાય છે; બધાં તો ભૂત કહે છે. ત્યાં તો કોઈ નહિ સંતાયું હોય?

બીજો ચોર : છાનો મર ! અક્કલ છે કે નહિ ?

કુંજ : તું શું બોલ્યો ભાઈ? પાસે ગુફા છે? રાત્રે વિલાસ ત્યાં ગાય છે ?

પહેલો ચોર : ના ના, બાપજી ! એ તો ભૂતાવળ છે. આ જંગલમાં એવું એવું ઘણું હોય. આપ ચાલો.

કુંજ : ભૂતાવળ ? હા...એ લોકોને દિવ્યચક્ષુ હોય છે. એ મને કહેશે કે મારી વિલાસ ક્યાં છે! વિલાસ, વિલાસ ! હવે હું તને પકડી પાડું છું. હવે નહિ નસાય, નહિ ખસાય !

[ ડુંગર તરફ દોડે છે. ]

# ત્રીજો પ્રવેશ

સ્થળ : ગુરુના આશ્રમનું એક એકાંત સ્થળ.

સમય : ત્રીજો પ્રહર.

પાત્ર : ચિદ્દ્ઘન, ચંદ્રિકા, આશ્રમનાં બાળકબાળકી, યુવતી, વગેરે.

[ ચંદ્રિકા પ્રવેશ કરે છે. ]

છંદ્રકા : જ્યાં જાઉં ત્યાં પુરુષ! પુરુષ વગરનું જગત ઈશ્વર કેમ રચતો નહિ હોય? પણ પુરુષ વગરનું હૃદય ખાલી લાગે છે એમ કેમ? પેલી છબી ફોડી અને મને લાગ્યું કે જગતમાં જીવવા સરખું કશું જ નથી! છબી ફૂટી અને મારા નિશ્ચયો પણ તૂટી ગયા! પુરુષવિહીન સૃષ્ટિ બનાવી દેવાની મારી યોજના ભાંગી પડી અને લાખો રૂપિયાની મિલકત છતાં હું ગરીબ બની ગઈ. મારી માણસોથી ભરેલી મહેલાતમાં મને નિર્જન ખંડેરોની જીર્ણતા જણાઈ, અને મારું સુખી જીવન આંસુની નહેર જેવું બની ગયું! ચિદ્દ્ઘન અલોપ થઈ ગયો, કુંજવિહારી નદીમાં તણાયા અને વિલાસનું શું થયું તે પ્રભુ જાણે! હૃદય ઠારવાનાં ત્રણે ઠામ ઉપર પ્રલય ફરી વળ્યો. જીવનમાંથી રસ ફીટી ગયો, રંગ ફટકી ગયો! માત્ર એક આ ઉપવનમાં ગુરુનો આશ્રય ગ્રહી જોઉં, જો શાંતિ મળે તો. એકલાં તો નહિ જ રહેવાય.

[ ચિદ્‌ઘન લાકડી ટેકતો આવે છે. ]

ચિદ્‌ઘન : અરે, હું ગૂંચવાઈ ગયો! મને માર્ગ મળતો નથી. હું ક્યાં છું? આશ્રમવાસીઓ ક્યાં જતા રહ્યા?

[ એક છોકરો ત્યાંથી જાય છે. ]

એ કોણ જાય છે?

છોકરો : ( સ્વગત ) બાપ તારો! આની પીડામાં કોણ પડે? 'અહીં લઈ જાઓ અને ત્યાં લઈ જાઓ.' કરી મારો વખત ખોવડાવશે. થઈ જાઓ ચંપત!

[ છોકરો ચાલ્યો જાય છે. ]

ચિદ્‌ઘન : ભાઈ! કોઈ બોલો ને? હું દિશાશૂન્ય થયો છું! કઈ બાજુએ જવું તે ખબર પડતી નથી!

[ એક બાલિકા આવે છે. ]

કોણ હશે એ? સુમિત્રા? અહલ્યા?

બાલિકા : હા જી. એ તો હું અહલ્યા છું. કેમ?

ચિદ્‌ઘન : મને મારી ઓરડીમાં ન લઈ જાય? બહુ વારથી ભટકું છું; મને મારી ઓરડી જડતી નથી.

બાલિકા : ( સ્વગત ) થોડી વાર જરા વધારે ભટકો! ( પ્રકાશ ) ઊભા રહો જરા. હમણાં ઉતાવળ શી? હું મારી ભગવી કફની પહેરી આવું.

[બાલિકા જાય છે.]

ચિદ્‌ઘન : પહેરો પહેરો, બાઈ! ભગવી કફની પહેરો! દેહ ઉપર ભગવાં વસ્ત્રો લટકાવો! હૃદય ભગવું નહિ હોય તો ચાલશે!

[ આગળ ચાલતાં ચાલતાં સહેજ ઠોકરાય છે. ]

ઓ રે, મને કાંઈ વાગ્યું. આજે તો બહુ ઠોકરો વાગી હવે બેસી જાઉં; ચલાતું નથી.

[ એક યુવતી આવે છે. ]

ઓ વટમાર્ગુ!

યુવતી : ન હોય વટેમાર્ગુ !

ચિદ્દ્ઘન : એ આશ્રમવાસી !

યુવની : તે નામ ખબર નથી ?

ચિદ્દ્ઘન : નામ તો હું જલદી ભૂલી જાઉં છું. જે નામ હૃદયમાં કોરાયાં છે તે ભૂલવા મથું છું, અને નવાં નામ સંભારવાં મને ગમતાં નથી.

યુવતી : તે નામ સાંભરે તો જ બૂમ પાડીએ. અમસ્તું એ ને અલિ ને અરે, એવું કહીએ નહિ ! મારે તો વ્યાખ્યાન કરવા જવું છે.

[ જાય છે. ]

ચિદ્દ્ઘન : અરે બાઈ ! સાંભળ તો ખરી ? પારકી જીભે નામોચ્ચાર કરાવવા માગે છે, પણ તારું નામ સાંભરી રહે એવું એકાદ કામ તો કર ? એ પણ જતી રહી ! આશ્રમમાં ઠીક શિક્ષણ અપાતું લાગે છે. આ વિદુષી બાઈ વ્યાખ્યાન આપવા જાય છે. શા ઉપર વ્યાખ્યાન આપવા જાય છે ? કદાચ પરોપકાર, બંધુભાવ, જનદયા, વગેરે વિષયો તેણે પસંદ કર્યા હશે ! હં !

[1] જગમાં ભાવ જરા ન જડે !
મુખ પર મધુરી મોહન વાણી,
અંતર ના ઊઘડે !
—જગમાં ભાવ જરા ન જડે !
નેહ નયનમાં દેખું વહેતો !
હૈયાં ખાલી પડે !
—હો જગમાં ભાવ જરા ન જડે !
કોણ તણી આશામાં ભૂલી ?
મૂરખ તું આથડે ?
—જગમાં ભાવ જરા ન જડે !

---

૧. ભૈરવી.

મારું ગાન સાંભળી આશ્રમવાસીઓ ખેંચાઈ આવતા! પણ આજ તો કોઈ જ જણાતું નથી. મને તરસ લાગી છે. મારું ગળું શોષાય છે. કોઈ તો દયા કરો? અનાથોનું પાલન કરનાર હું આજે જાતે જ અનાથ બની ગયો છું!

[ એક પુરુષ આવે છે. ]

પુરુષ : અહીં ક્યાં રખડવાને આવ્યા હતા? આંખે તો દેખાતું નથી, અને નાહક આમતેમ ભચકાઓ છો! ચાલો.

[ ચિદ્‌ઘનને ઊભો કરી જોરથી દોરવા માંડે છે. ]

ચિદ્‌ઘન : ભાઈ, બાપુ! જરા ધીમે ધીમે દોરી જા; આમ તો પડી જઈશ.

પુરુષ : પડી શેણે જાઓ છો? સાથે છું ને?

ચિદ્‌ઘન : ભાઈ! તું સાથે તો છે, મારા હાથમાં તારો હાથ છે, તો યે તું મારાથી લાખો કોસ દૂર હોય એમ લાગે છે. અમારી સૃષ્ટિમાં સૂનકાર છે. જગત ઉપર કાળું ઢાંકણું વસાઈ ગયું છે. એક તસુનો ખાડો અમને મહાસાગર સરખો ઊંડો લાગે છે! અને એક વહેંત ઊંચો ટેકરો અમને હિમાલય જેવો દુર્ઘટ ભાસે છે, ભાઈ! જરા ધીમે; આમ તો નથી ચલાતું!

પુરુષ : નથી ચલાતું તો બેસી રહો!

[ હાથ છોડાવી નાખે છે. ]

કોણ જાણે ક્યાંથી આવાં પાપ અહીં આવી વસે છે? આંધળાં માણસને ભટકવું શું!

[ જાય છે. ]

ચિદ્‌ઘન : ખરું છે ભાઈ! આંધળાને ભટકવું શું? પ્રભુ! અંધના પગ તું કેમ ભાંગતો નથી? આંધળાં માણસને પાંગળાં પણ બનાવવાં જોઈએ. નહિ તો આ દેખતાં મનુષ્યોને અમારા તરફથી કેટલી તકલીફ વેઠવી પડે છે? ડગલે અને પગલે દેખતાં

માણસોને પાપરૂપ થઈ નડતાં આંધળાંને હલાલ કરી નાખવાં જોઈએ...(હસે છે.) આ માનવીઓનાં દુઃખ દૂર કરવા હું મથતો હતો! જગતનો ઉદ્ધાર! અરે એ બેવકૂફ ચિદ્દઘન! તને કેમ યાદ ન આવ્યું કે તારામાં જગતનો ઉદ્ધાર કરવાની તાકાત નથી? તને બીજાઓ સરખી જ ઠંડી લાગે છે, બીજાઓની માફક જ તું તાપથી અકળાઈ જાય છે. શીત અને ઉષ્ણની સત્તાના એ રમકડાં! તેં ગણુતરી જ ખોટી માંડી.

ચંદ્રિકા : પેલો બિચારો કોઈ આમતેમ ફાંફાં માર્યા કરે છે. ગુરુ આશ્રમમાં નથી એમ કહે છે. લાવ પૂછી જોઉં—ગુરુનો આશ્રમ તો આ જ ને?

ચિદ્દઘન : કોણ હશે બાઈ? જેવો કંઠ મધુર છે તેવો દેહ પણ મધુર હશે. હૃદય એટલું જ મધુર રાખો છો?

ચંદ્રિકા : હું નથી જાણતી. (સ્વગત) વિચિત્ર માણસ લાગે છે? (પ્રકાશ) મારે તો ગુરુનું કામ છે. તેઓ ક્યારે મળશે?

ચિદ્દઘન : હું નથી જાણતો. કહે છે કે ગુરુએ મૌનવ્રત લીધું છે. મારી સાથે તેઓ બોલતા નથી. અને હું દેખતો નથી એટલે ગુરુ છે કે નહિ તેની પણ ખબર નથી. બાઈ! હું અંધ એક ભીખ માગું?

ચંદ્રિકા : (સ્વગત) અરે અંધ? (પાસે આવતાં) જરૂર બિચારાને સહાય કરવી જ જોઈએ. અરે આ કોણ? ચિદ્દઘન! આંખો ક્યાં ગઈ? મારી પાસે ભીખ માગે છે? જેને એક વખત મારી પાસેથી સર્વસ્વ માગવાનો અધિકાર હતો તે મારી પાસે હાથ ધરી ભીખ માગે છે? (પ્રકાશ) નહિ નહિ, આપ ભીખ ન માગો. આપને શું જોઈએ?

ચિદ્દઘન : બાઈ! આપનો ઉચ્ચાર મને પરિચિત લાગે છે. મને કોઈ વખત જોયો છે?

ચંદ્રિકા : (સ્વગત) શું કહું?

ચિદ્‌ઘન : બોલો ને? કદાચ અંધનું ઓળખાણ કાઢવું નહિ ગમતું હોય, ખરું?

ચંદ્રિકા : નહિ જી. હું યાદ કરતી હતી, પણ કાંઈ સાંભરતું નથી. આપને શું જોઈએ?

ચિદ્‌ઘન : હું તો એક ભિક્ષા માગું છું.

ચંદ્રિકા : એમ ના બોલો, મારું હૃદય દુઃખાય છે!

ચિદ્‌ઘન : અંધને ભીખ માગવાનો જ અધિકાર છે. બીજાની દયા ઉપર જીવનારને તો તમે ભિખારી જ કહેશો ને?

[ ચંદ્રિકા આંખ લૂછી ડૂસકું ખાય છે. ]

બાઈ! તું રડે છે? નહિ રડાશું હવે. જગમાં રુદન ક્યાં થોડું છે? પૃથ્વીની આસપાસ આંસુના જ મહાસાગરો વહે છે ને?

ચંદ્રિકા : આપને શું જોઈએ? કહો ને? હું અહીંની જાણીતી છું, આશ્રમની સેવિકા છું.

ચિદ્‌ઘન : મારે તો તારો હાથ જોઈએ. હું અતિશય તરસ્યો છું. મને મારી ઓરડીમાં લઈ જઈશ?

ચંદ્રિકા : (સ્વગત) હવે તો અહીં જ રહીશ. ચિદ્‌ઘન! મારી હૃદયમૂર્તિ! હવે હું છોડીને જઈશ? (પ્રકાશ) હા જી. બહુ દૂર નથી. લાવો હાથ.

ચિદ્‌ઘન : અંધના શબ્દકોશમાં 'પાસે' એ શબ્દ જ નથી. દૂર ન હોય એ પણ દૂર જ છે. (હાથ આપે છે) કેમ બાઈ! તારો હાથ કેમ ધ્રૂજે છે? અંધને દોરતાં શરમાતી તો નથી ને?

[ જાય છે. ]

## ચોથો પ્રવેશ

સ્થળ : જંગલ નજીક એક ગુફા.

સમય : પાછલી રાત.

પાત્રો : કુંજ અને વિલાસ.

કુંજ : વિલાસ! ઓ વિલાસ! તું ક્યાં છે? એક જ ક્ષણ! નહિ આવે? ઓ...ઓ...પેલી રહી (દોડી પકડવા જાય છે,) નથી! ચંદ્રનાં કિરણો ઝાલી તે આકાશમાં ચડી ગઈ! હતભાગી કુંજ! તું કોને ખોળે છે? જીવનકુંજને સ્મશાન બનાવનાર એ પિશાચ! તારે વિલાસનાં હાસ્ય જોવાં છે? એ સુંદરીને તારે ઉચ્છંગે લેવી છે? તેના કપોલ પર તારા કપોલ દાબવા છે? હવે જ તને તે મળશે! તારાથી જીવન ન ખમાયું તો હવે ભટક કબરસ્તાનોમાં! ચિતાઓના ભડકા જોઈ આનંદ કર! ખોપરીઓની માળા બનાવી દેહને શણગાર અને મઝા કર!...ઓ આ રહી વિલાસ!...અરે અરે...ઘડી થોભી જા!...ઊડી ગઈ...પવનની લહરી ઉપર બેસી તે ચાલી ગઈ!

[1] **નયનથી દૂર બની! ખાલી જીગર ખાલી!**<br>
ઊંડો ઊતરું હું કે ઊંડાણે રહો કો ઝાલી!<br>
જોઉં સહુ સ્થાનમાં ઇશારો અલબેલ તારો!<br>
લઉં હું ચૂમી ત્યાં તો જાય પ્રિયે ચાલી!—નયન૦

૧. ગઝલ : ક્યા કમાન અબ્રને એક તીર નઝરા મારા.

**સૂણું તુજ બોલના ભણકાર મધુર ધીમા,**
**ભટકું હું દિનરેન પ્રિયની ન મળે તાળી !—નયન૦**
**પ્રિય મુખ ક્યાં છુપાયું ? ગયું દેશાન્તરે કો ?**
**રમત કઈ રમું હાવે મોતને ઉછાળી !—નયન૦**

[ ઘડી સ્તબ્ધ બની ઊભો રહે છે. ગુફામાંથી ગાન સંભળાય છે : ' ઝૂલી રહી મતવાલી, આજે, સૂનો સૂનો બાગ ! ' ]

કોણ ગાય છે ? આ ગુફામાંથી સૂર આવે છે ! વિલાસનો જ કંઠ ! વિલાસ ! હું આવું છું !

[ ગુફા ઊઘડે છે. હીંચકા ઉપર બેસી વિલાસ ગાતી હોય છે.]

**[1] ઝૂલી રહી મતવાલી આજે !**
**સૂનો સૂનો બાગ !**
**હૈયે ભાવ રુંધાઈ રહે હા !**
**કંઠે ના'વે રાગ !—ઝૂલી રહી૦**
**છૂપી છૂપી તારલી ઘેલડી મટકે**
**હસી હસી ચંદ્રી નફટ બની અટકે !**
**અલિ શું મોહી લટકે !—હાં સૂનો૦**
**ઉછરી આશા અમર મરોડી,**
**કંપ ભરી મુજને તરછોડી,**
**જાય પ્રીતમ મુખ મચકોડી—હાં સૂનો૦**

કુંજ : વિલાસ ! હું આવું ? હવે મુખ નહિ મચકોડું !

વિલાસ : કોણ, કુંજ ? આવો, આવો ! મારા પ્રાણ ! ( કુંજ દોડીને તેની પાસે જાય છે. ) અરે બસ; એટલે જ. મને અડકશો નહિ.

---

૧. બિહાગ.

કુંજ : વિલાસ! એક જ વખત મને ભેટવા દે! આ દેહના રોમ રોમ ઉપર અંગારા ધીકે છે.

[ આગળ વધે છે. ]

વિલાસ : અરે, જોજો. મને અડશો તો હું ઊડી જઈશ! અલોપ થઈ જઈશ!

કુંજ : વિલાસ! તું શું બોલી? ઊડી જઈશ? અલોપ થઈ જઈશ? હું ઘેલો થયો છું. મને કાંઈ સમજાતું નથી. તું ઊડી જઈશ?

વિલાસ : હા, હું ઊડી જઈશ, જો મને અડશો તો! અમારા વરાળ સરખા વાસનાદેહમાં સ્પર્શેન્દ્રિયને સ્થાન જ નથી. આપ ક્યાં નથી જાણતા?

કુંજ : તું વિલાસ નથી?

વિલાસ : નહિ જ! હું તો વિલાસ પ્રેત છું.

કુંજ વિલાસ! તારું પ્રેત? તું પ્રેત હું ભૂતને માનતો જ નથી.

વિલાસ : આપની માન્યતા ઉપર સત્યનો ક્યાં આધાર છે? હું તો વાસનાદેહ ધરી ભટકું છું.

કુંજ : નહિ નહિ, વિલાસ! તારાં નાચતાં અને નચાવતાં નયનો હું ઓળખું છું. પૂર્વનાં દ્વાર ઉઘાડી ડોકિયું કરી જતી ઉષા તારા સ્મિતભર્યા અધર ઉપર આવીને હજી રમ્યા કરે છે! મિઠ્ઠી નીંદ પ્રેરતો તારી છાતીનો ધડકાર હું અહીંથી સાંભળું છું!

વિલાસ : (હસીને) તમે તો નવીન પ્રેમી બન્યા લાગો છો!

કુંજ : હું પ્રેમી મટયો જ નથી કે મારે નવીન પ્રેમની શરૂઆત કરવી પડે. ઓ વિલાસ! તું જાણે મારી ન હોય એમ કેમ દૂર રહે છે? તું કદી મને ભેટયા વગર રહી નથી. જો જો, હું તને બાથમાં લઈ કચરી નાખું છું! ઓ વિલાસ!

વિલાસ : દૂર, દૂર રહો ! એ બાથમાં આવે એવો હવે મારો દેહ રહ્યો નથી.

કુંજ : કાચમાં સંતાઈ રહેલી જ્વાલા પતંગની તરફ ભાળી હસ્યા કરે છે. ઓ કાચમાંથી ઝબકતી જ્યોત ! તારા કાચને ગાળી દે; અગર કાચમાંથી પ્રવેશ કરવાનો માર્ગ બતાવ !

વિલાસ : ઓ વહાલા ! આ શી વ્યાકુળતા ? આપ નથી જાણતા કે મારો કાચ તૂટી ગયો છે ? મને આ દેહે નહિ જ અડકાય ! જ્યોતિનો ખરો સ્પર્શ કરતાં પહેલાં પતંગને દેહ બાળવો પડે છે. દેહને બદલવો પડે છે ! આપ અહીં ક્યાં આવ્યા ? અગ્નિ સાથેની રમત મૂકો, અને મારા પતંગ ! બગીચાના ગુલાબ ઉપર બેસો ! મોગરાની સૌરભ લ્યો ! ચંપાથી દેહ ચીતરો ! જૂઈને ઝૂલે ઝૂલો ! મારા દીપકને તો બુઝાવી જ નાખો !

કુંજ : દીપકને બુઝાવું ? જે ઉષ્માથી હું જીવું છું તે ઉષ્માને હું ટાઢી પાડું ? તું બગીચો સંભારે છે ! ઓ બુલબુલ ! મારો બગીચો ફીટી ગયો ! સારું ગુલાબ પાછું બિડાઈ ગયું ! મારો મોગરો ધૂળમાં ખરી પડ્યો ! મારા ચંપકને રંગ ચડતો નથી ! તે ધોળો પડી ગયો ! અને જૂઈના ઝૂલા ઉપર તો હવે ઘુવડે વાસો કર્યો છે.

વિલાસ : ઓ નાથ ! આપની વ્યાકુળતા નથી જોવાતી, નથી ખમાતી ! કોઈક બીજી વિલાસ ખોળી કાઢો ! આપનાથી એકલા નહિ રહેવાય !

કુંજ : બીજી વિલાસ ? તું શું બોલી ? બીજી વિલાસ ? મારી એક જ વિલાસ છે ! જાદુભરી, મસ્તીભરી, ઓ મારી એકની એક વિલાસ ! દેહમાં પાણ એક છે ! હૃદયમાં પ્રેમ એક છે ! અને નયનમાં પ્રેમની એ એક જ પ્રતિમા ઊભી છે ! બીજી વિલાસની વાત કરે છે ? તું જ મારી પહેલી વિલાસ, તું જ મારી બીજી વિલાસ અને તું જ મારી ત્રીજી વિલાસ !

વિલાસ : (હસતાં) ચોથી ગણવી રહી ગઈ. એ વિલાસ મારી ખોટ પૂરશે.

કુંજ : આકાશમાંથી સૂર્ય હોલવાઈ જાય ! તું કહે છે કે એક ગોળ ભડકો પ્રગટાવો ! સૂર્યની ખોટ પુરાશે, મારી જ્યોત ?

વિલાસ : સૂર્યને કલંક લાગે. સૂર્યમાં ધાબાં દેખાય. તો પછી એવા સૂર્યને રાત્રિના અંધકારમાં દાટી જ દેવો જોઈએ. સૂર્ય વગર ચલાવો ! કલંકભર્યા, ઝંખવાતા, આંખો મટમટાવતા દૂષિત સૂર્યને લઈ શું કરશો ?

કુંજ : હેં વિલાસ ! કોઈક જન્મમાં મેં તને નદીમાં ડુબાડી હતી ?

વિલાસ : આપ એટલામાં ભૂલી ગયા ? મારા ગયા જન્મમાં અને આપના આ જન્મમાં.

કુંજ : હા હા, આ પાપી હાથે જ મેં તને હડસેલી દીધી ! હૃદયમાં શંકાનો કીટ ભરાયો, અને મારા હૃદયને મારા જીવનને તેણે કોરી નાખ્યું !

વિલાસ : શાની શંકા ? કોના ઉપર ? મને કહ્યું કેમ નહિ ?

કુંજ : તને કહું ? આંખે જોયું અને ઝેર ચડયું !

વિલાસ : તો એ ઝેરભરી આંખ મારી પાછળ હજી કેમ દોડે છે ? પ્રાણ ! એ નયનને પાછાં વાળો.

કુંજ : આંખનું ઝેર તારી ચીસ સાંભળી ઊતરી ગયું ! ઝેર ઊતરતાં આંખને તારા વગર જોવાનું બીજું શું રહે ?

વિલાસ : મારી ચીસ સાંભળીને ઊતરેલું ઝેર પાછું મને કોઈ સાથે હસતી જોઈને ચડે એમ છે ? મને તો ચિતા ઉપર સૂતાં સૂતાં પણ હસવું આવે !

કુંજ : આંખમાં જો ઝેર ચડશે તો હું આંખોને ફોડી નાખીશ. હૃદય તને હસતી જોઈને શંકાથી ધબકશે તો એ કુપાત્ર હૃદયને છાતી ચીરી બહાર કાઢી ઠોકરે ચડાવીશ. ઓ વિલાસ ! તું કદી દૂષિત હોય જ નહિ. તારા કુંદન શા રંગમાં પાપની શ્યામ લકીરને સ્થાન જ નથી. વિલાસ ! મારું છીછરું,

અણુકલું મન તારા હૃદયસાગરની ઊંડાઈ શી રીતે પરખે ? ભૂલ થઈ, પ્રિય ! મારો ઓરડો ઉજ્જડ બની ગયો છે; મારો બગીચો વેરાન થઈ ગયો છે; મારા હૃદયમાં સ્મશાનની ભયંકર શૂન્યતા છે ! તું પાછી મારી સાથે નહિ આવે ? આવો, આવો પ્રાણ ! હું મારા હાથનો ઝૂલો બનાવી તને હીંચોળતો લઈ ચાલીશ !

વિલાસ : એક સ્ત્રીને માટે આટલું કલ્પાંત ? આપ ભૂલો છો ! આપનું હૃદય પાપને અડતું નથી એટલે પાપને ઓળખતું નથી. નાથ ! કદાચ સોના કરતાં પિત્તળ વધારે પીળું હોય ! હીરા કરતાં પહેલ પાડેલો કાચ વધારે ચમકી ઊઠે ! આપ મારું મુખ જોઈને, મારો દેહ જોઈને કહો છો કે હું નિષ્પાપ છું ! પરંતુ સૌંદર્યની આસપાસ ફણીધરોનાં વિષનૃત્ય ચાલતાં હોય છે ! રૂપાળા દેહની આજુબાજુ વિષયનો દાવાનળ સળગેલો જ રહે છે ! અને આંખ ઠારતા અમારા હૃદયસાગરના ઊંડાણમાં કંઈ કંઈ મગરમચ્છો તરે છે. સ્ત્રીને સુંદર રંગોથી ઓપનાર ચિતારાનું નામ જાણો છો ?

કુંજ : પ્રેમ !

વિલાસ : નહિ, પાપ ! એ પાપે પોતાની છબી ચીતરી, તેને સ્ત્રીનું નામ આપ્યું. પોતાનો જાદુભર્યો હાથ ફેરવ્યો, અને તેમાં જીવ મૂકચો ! એ ચિત્રની પાછળ આપના કુમળા દેહને કેમ દોડાવો છો ?

કુંજ : વિલાસ ! ઘેલછાની એક ઊંડી, અંધારી પાતાળખો છે ! હું સદા ય તેનાથી ડરતો રહ્યો છું. મેં તને નદીમાં હડસેલી અને એમાં હું હડસેલાયો ! હું તને તો નદીમાંથી કાઢી ન શકચો, પણ તું, મારી વિલાસ ! કોઈક દોરથી મને પકડી રાખી ઊભી છે ! હું અધવચ લટકું છું ! એ દોર છોડી દે ! હું અનંત અંધકારમાં ગોથાં ખાતો તારું નામ પુકારતો ડૂબી જઈશ. એ દોરને ખેંચી લે ! હું તારા પગની કુમકુમરંગી

પાની ચૂમતો જીવન વિતાવીશ ! હું પુણ્ય નથી માગતો ! હું પવિત્રતા નથી માગતો ! એ ખાલી આકાશની નિર્મળતાનો મને શોખ રહ્યો નથી ! હું તો તને માગું છું. જલ વરસતી ઓ વાદળી ! તું ભલે શ્યામ હો. હું મારી વિલાસને માગું છું. અને એ કદી પાપની બાથમાં બિડાઈ હશે તો એ પાપને પણ મારો આવકાર છે. આવ, આવ, ઓ વિલાસ ! તારું મધુર નામ બોલતાં હું સદા ય નવું જીવન પામ્યો છું ! વિલાસ ! પાપભરી હો તો ય મારી વિલાસ ! હું વિલાસ-વિહીન પુણ્યનો બહિષ્કાર કરું છું. આવ, જેવી છે તેવી તું મારી છાતીમાં સમાઈ જા !

વિલાસ : ( આંસુ લૂછે છે. ) ઓ સ્નેહના મજનૂન ! ઓ પ્રેમના પાગલ !

**[1] સાન ભાન ભૂલી આજ, ભટક રહી !**
**મોત તણાં મૂકી રાજ્ય, ભટક રહી !**
**બાગે બહિશ્ત નહિ મહીં બુલબુલ !**
**કેમ ખીલે ત્યાં માશુકનું ગુલ !**
**આવી ઝમીન તુજ કાજ, ભટક રહી !**

આવ, આવ, ઓ મારા કુંજ ! એ તું નહિ, પણ હું તારી પાછળ ભમું છું ! ભૂત બનીને !

[ કુંજ દોડી ભેટવા જાય છે. ]

અરે, હાય ! આપ એટલે જ રહો ! મને નહિ અડકાય ! હું જ ભૂલી ગઈ ! હું ભૂત છું !

કુંજ : અરે ! પાછું તોફાન ? ઓ વિલાસ ! તું ભૂત હો તો યે મને ભેટવા દે !

વિલાસ : અરે, અરે, મને અડશો તો હું ઊડી જઈશ !

કુંજ : મારી આંખ તને દેખે છે ! મારા કાન તને સાંભળે છે !

---

૧. બાગેસરી.

તારામાંથી શું ખોવાયું છે કે તું મને અડકવાની ના પાડે છે?

વિલાસ : મારો દેહ ખોવાયો, મારો સ્પર્શ ખોવાયો! ન તું મને અડી શકે કે ન હું તને અડી શકું! તારી પાછળ ઘેલી બનેલી વિલાસની વાસના તેના દેહ સાથે ઓગળી ન ગઈ! ઊલટી તે ઘટ્ટ થઈ અને ભૂતરૂપે સૂક્ષ્મ દેહથી તારી આસપાસ ફર્યા કરે છે.

કુંજ : તો હું હવે શું કરું?

વિલાસ : મને જોઈને બેસી રહો!

કુંજ : તને હું અડી ન શકું? મારા દેહનો એકેએક અણુ તારા તરફ ખેંચાય છે. તું ના પાડીશ તો સઘળા અણુ તૂટી જશે અને તને વળગી પડશે.

વિલાસ : (હસીને) એમ થશે ત્યારે જ તમે મને ભેટી શકશો.

કુંજ : એટલે?

વિલાસ : આપ આ દેહ છોડી દઈ મારે માટે ભૂત બનશો ત્યારે જ આપણે એકબીજાંની સરસાં આવી શકીશું.

કુંજ : જેને માટે જીવું છું તેને માટે હું મરી નહિ શકું?

વિલાસ : (ગભરાઈને) હાં, હાં, રખે એવો વિચાર કરતા, પ્રાણ! હવે જાઓ! સૂર્ય હમણાં ઊગશે! દિવસના પ્રકાશમાં તો અમે પીગળી જઈએ છીએ. મારો વાસ અહીં જ છે. પણ દિવસે ન આવશો; રાત્રે હું રાહ જોતી બેસીશ! જલદી, જલદી કરો! મને પીગળતી આપ નહિ જોઈ શકો! (હસીને) પગ નથી ખસતો, ખરું? (દૂરથી ચુંબન કરી) નાથ! બીજો ઇલાજ નથી. હું રાત્રે જરૂર અહીં ઊભી રહીશ.

[ કૂકડો બોલે છે. ]

બસ, પ્રભાત થયું! આપ જશો, કે હું સમેટાઈ જાઉં?

કુંજ : હું જાઉં? હા, હા, જો રાત્રે નહિ મળે તો હું એવો પુકાર કરીશ કે આખી તમારી પ્રેતસૃષ્ટિ જાગી જશે. (જતાં જતાં) ભૂત? ન હોય!

# પાંચમો પ્રવેશ

સ્થળ : કુંજવિહારીનો એક વિશાળ ઓરડો.

સમય : રાત્રિની શરૂઆત.

પાત્ર : કવિ, વકીલ, ડૉક્ટર, નાટકમાં ભાગ લેવાની ઇચ્છા રાખતા ગૃહસ્થો, ગામડિયો વગેરે.

કવિ : આવી જાઓ !

વકીલ : કવિરાજ ! હવે બહુ દિવસ થયા. પેલા કાગળો અમારા છે તે અમને સોંપી દો, નહિ તો અદાલતને ઊંબરે ચડવું પડશે.

કવિ : અદાલતનો ઊંબરો ? અહો અદાલત ! તારા ઊંબર ઉપર ચડવામાં સહાય આપતા આ તારા પૂજકો અમને ન્યાયમૂર્તિઓનાં કેવાં દર્શન કરાવે છે ? બસ, પછી અદાલતની બહાર જવાનું મન જ થતું નથી. જાગતી જ્યોત જેવો દેવ જોવો હોય તો ન્યાયમૂર્તિ. કોઈકને ફટકા, કોઈકને દંડ, કોઈકને કેદ, કોઈની મિલકત કોઈકને અને કોઈકની બૈરી કોઈકને ! આ હા હા હા ! સાક્ષાત્ યમરાજની કલ્પના ખરી પડે છે ! અને આપ સરખા યમદૂતો—અરે દેવદૂતો ! બસ, ગરુડપુરાણને ગપ માનનાર સુધરેલાઓનાં મોં બંધ કરી નાખે છે. અહો અદાલત ! અહો તારો ઊંબરો !

ડૉક્ટર : બસ, બસ, આ બેવકૂફની સાથે વાત કરતાં પણ કંટાળો આવે છે. તદ્દન ચસકી ગયું છે, ભેજું ખસી ગયું છે.

કવિ : જી હા, એને માટે હું શાસ્ત્રવૈદકની સલાહ આપની પાસે જ લેવાનો છું.

વકીલ : એ સલાહ લેજો પછી; પણ પેલા અમારા કાગળોનું શું ?

કવિ : આવી જાઓ !

ડૉક્ટર : આ કવિ તો ગાંડો જ થઈ ગયો.

વકીલ : અરે ઢોંગ કરે છે. કાગળો પાછા ન આપવાની કરામતો હું ક્યારનો સમજી ગયો છું. પણ તું હજી અમને નથી ઓળખતો ! કાયદાની કઈ બારીકીમાં હું તને લાવી દઈશ તે તું હવે જ જોજે.

કવિ : ના, ના, ભાઈસાહેબ ! કાયદાને પુસ્તકની બહાર તો છોડી મૂકશો જ નહિ. સિંહવાઘનાં ટોળાં તો પાંજરામાં પૂરેલાં જ રાખો.

ડૉક્ટર : અરે, વકીલસાહેબ ! આને ગાંડો ઠરાવીએ. આપ સોગંદ-નામું કરો, અને હું સર્ટિફિકેટ આપું; થઈ રહ્યું. ભયંકર ગાંડા તરીકે મોકલો એને ગાંડાની ઇસ્પિતાલમાં. એ જ ઠીક છે. ખરો ગાંડો હશે તો આપણે આપણી ફરજ બજાવીએ છીએ; ખોટા ગાંડો હશે તો એના જૂઠાણાંનો એને બદલો મળશે.

વકીલ : હા, એ જ ઠીક છે. કેમ કવિ ! શો ઇરાદો છે ? ગાંડાની ઇસ્પિતાલમાં જવું છે કે કાગળો પાછા આપવા છે ?

કવિ : આવી જાઓ !

વકીલ : બસ, એ જ હવે !

કવિ : ભાઈસાહેબ ! તમારે તો મારી દયા ખાવી જોઈએ. આપ ડૉક્ટર છો, અને એટલું સમજી શકતા નથી કે ગાંડપણનો રોગ ચેપી હોય છે ? ફક્ત એક જ કાગળ કુંજની સહીઓ મારી પાસે હતો ત્યાં સુધી તો બહુ દાખવ્યું નહિ; પણ ત્રણ કાગળો ભેગા થતાં મારી પ્રકૃતિમાં ઘેલછાએ ઉછાળો માર્યો. કુંજની ઘેલછા એની સહીમાં પણ ઊતરી આવી. એ ઘેલછા તો હું જ જીરવી શકું. બીજા કોઈને અને તેમાં આપ જેવા દિલોજાન દોસ્તને એ કાગળો આપવાનું પાપ હું કદી કરવાનો નથી, આવી જાઓ—

[ પારસી ગૃહસ્થ પ્રવેશ કરે છે. ]

પારસી : અરે બાવા ! કાંય લરી મરો છ? મને કેઓ; સું તંતો છ? હું પતાવસ! (કવિને) એ ઉલ્લું! સું કરે છ?

કવિ : (સ્વગત) ઓ તારું ભલું થાય! ચાલ તારો પણ ઉપયોગ છે. તું આવ્યો તો હમણાં કોઈ પેલા કાગળને નહિ સંભારે. (પ્રકાશ) પધારો, ભાઈ! આપ કોણ છો?

પારસી : હું પોએત છેઉં.

કવિ : એ શું? કાંઈ જંતમંતર કરો છો? કે મદારીના ટોકરા ઊંચકો છો?

પારસી : ઇદીયત!......હું તો બેતબાજી કરું છ!

કવિ : એ નવી બાજી લાગે છે. આપણે તો નશાબાજી સાંભળી છે; બહુ બહુ તો રંગબાજી, અને એથી આગળ વધીએ તો બાવન પત્તી કોટ! પરંતુ આપના દેખાવ પરથી બેતબાજી કોઈ અજબ હોવી જોઈએ.

પારસી : સમજે નહિ ને ભસી મરે છ. બાપા! એ તો શાયરી, શાયરી!

કવિ : વિલાયતી ભાષા છે. હશે, ભાઈ! જે હશે તે; આપણે એ શાયરીની પાયરી ઉપર નથી ચડવું.

ડૅાક્ટર : કેમ કવિ! તમે ભૂલી ગયા? આજ તો નાટકને માટે મંડળી ભેગી કરવાની છે ને? આ તો જાણીતા પારસી કવિ અને નાટકના તખ્તા ઉપરના નામચીન ખેલાડી છે.

[પહેલા ગૃહસ્થ આવે છે.]

આવો, ભાઈ!

પહેલા ગૃહસ્થ : નાટકના સંબંધમાં આ જ સ્થળે વિચાર કરવાનો છે? (સ્વગત આછું આછું ગાય છે:)

ધીમા ધીમા ચાલો ને મારા પ્રાણ રે...

વકીલ : એટલા માટે તો જાહેરાત આપી હતી. આવો, પધારો. આપના ઉપર તો નાટકનો મોટો આધાર છે.

પહેલા ગૃહસ્થ : જી, એમ તો નહિ. પણ સ્ત્રીપાત્રનું કામ કરવું કઠણ તો છે જ. એ પાત્ર સારું જ મળવું જોઈએ.

કવિ : હું તમારું કહેવું કબૂલ કરું છું. સ્ત્રી તો સુપાત્ર જ જોઈએ. જો એ કુપાત્ર નીકળે તો બસ થઈ રહ્યું. કાં તો ખૂન, આપઘાત કે ભગવાં! બીજો રસ્તો જ નથી. જેમ સંસારમાં તેમ જ નાટકમાં. પ્રભુ, પ્રભુ! લાજ તારે હાથ છે! નિભાવી લેજે!

પારસી : નાટક સીરૂ થઈ ગિયું?

વકીલ : નહિ જી. (કવિને) કવિ! તમારે આપણું નાટક બગાડવું છે કે સુધારવું છે?

કવિ : આપણું નાટક તો હમણાં સુધરી ગયું છે. (ખિસ્સામાંથી કાગળો કાઢે છે.) નાટક આમાં લખ્યું છે.

પારસી : તન કાગજિયાં ઉપર નાતક છે? એવન પલે–રાઇત છે?

વકીલ : હા. એ અમારા કવિ છે. પણ વખત બેવખત ભેજું જરા ખસી જાય છે.

ડૉકટર : કવિઓના ભેજાં ઘણુંખરું ખસેલાં જ રહે છે.

પારસી : નહિ, સાહેબ! મુને મુઆફ કરસો. પન તે ગુજરાતી કવિઓનાં ભેજાં ખસેલાં હોસે; પારસી પોએતનાં નહિ.

વકીલ : (ડૉકટરને) અરે ડૉકટર! આ ઠીક લાગે છે. કવિને આમાંથી બિલકુલ ખસેડી નાખીએ તો? બીજું કાંઈ નહિ તો જરા તો આપીએ. નાટક લખ્યાની અડધી કિંમત તો મળી ગઈ છે અને અડધી ભજવાય ત્યારે મળવાની છે. એનું નાટક ભજવાય એવું જ નથી એમ ડર બતાવીએ તો? આ પારસી કવિ નાટકો લખે એવો લાગે છે.

ડૉકટર : હા હા; ડરાવો તો ખરા! ત્રણે કાગળો એની પાસે તો છે; પણ કાંઈ આપણે એમ સહેલાઈથી તો એને ફાવવા નહિ જ દઈએ.

વકીલ : (પારસીને) આપનું કહેવું તદ્દન ખરું છે, મિ. પોઈચાજી!

કવિ : (સ્વગત) પોઈચાજી! વાહ વાહ. કોઈ પણ નામ બનાવો, અને જો એનો માલિક દુનિયાભરમાં ન મળે તો પારસીવાડમાં પેસી જાઓ! જરૂર કોઈ ને કોઈ એ નામનો માલિક મળી આવશે! પોઈચાજી! નામ પણ શું કરવા કડક રાખીએ?

પારસી : જી!

વકીલ : આપ ઘણાં સારાં નાટકો લખો છો. ખરી વાત?

પારસી : એ હું સું કેઉં? થીએતર ગોઈંગ પબ્લિકને પૂછો. કંપનીના મેનેજરોને પૂછો. મારાં સો ને એક નાતક તો હાલ ભજવાય છ.

[બીજો ગૃહસ્થ પ્રવેશ કરે છે.]

બીજા ગૃહસ્થ : (અંદર જોરભર્યા આવીને) મકાન કુંજવિહારીનું તે આ જ કે બીજું? બોલો બોલો, ઓ બિરાદરો!

વકીલ : હા હા, આ જ મકાન. પણ શું કામ છે? આટલા બધા ગુસ્સામાં કેમ છો? કોઈએ નીચે અપમાન તો નથી કર્યું ને?

બીજા ગૃહસ્થ : અપમાન! તાકાત કોની છે કે આ સિંહનું અપમાન કરી જીવતો રહે?

કવિ : અહો, અહો, વનરાજ! અમો પામર માનવીઓ છીએ. અમને હથિયાર વાપરતાં ન આવડે, અને આપની ફાળ પહોંચે નહિ એટલે દૂર આકાશમાં અમે માંચડો ન બાંધીએ ત્યાં સુધી આપ વનમાં વિરાજ્યા રહો. અમે પછી આપને બોલાવીશું.

બીજા ગૃહસ્થ : બહુ દિલગીર છું. આપે મને ન ઓળખ્યો?

ડૉક્ટર : નહિ, આપને જોયા હોય એમ લાગતું નથી, કોઈ વખત દર્દી તરીકે આવ્યા લાગતા નથી.

વકીલ : મને પણ યાદ નથી. અસીલ તરીકે મારી સલાહ લેવાનો પ્રસંગ આપને હજી નહિ આવ્યો હોય.

બીજા ગૃહસ્થ : અરેરે, મને નથી ઓળખતા? અફસોસ! હા...

કવિ : મેં બરાબર ઓળખ્યા. દિલગીર ન થશો.

વકીલ : કોણ છે એ ભાઈ?

કવિ : હમણાં જ ઓળખાણ આપી તે ભૂલી ગયા ? પોતે જ કહ્યું ને કે તેઓ સિંહ છે ? વનમાં ફરે ત્યારે સિંહ; ઘરમાં ફરે ત્યારે ?...આપણા ડૉકટરે પ્રાણીવિદ્યાનો અભ્યાસ કર્યો છે. સિંહ અને બિલાડી એ બંને એકબીજાનાં નાનાં મોટાં રૂપાંતરો જ છે; જાતમાં ફેર નથી.

બીજા ગૃહસ્થ : વીરરસ, ભયાનકરસ અને રૌદ્રરસને હું જ રમાડી જાણું છું. મારા અવાજથી કંઈક શિવાલયોના ઘુંમટ તૂટી ગયા. નાટકના તખ્તા ઉપર જે દિવસે હું ઊતરું છું તે દિવસે ગામના સઘળા સુતારોને રોજી મળે છે. મારા હાથ અને પગના હલનચલનથી મારા સ્નાયુઓ એટલા વધી ગયા છે કે હવે હાથપગ હલાવવા એ બહુ ભારે થઈ પડ્યું છે. અને મારી તખ્તા પરની મુખાકૃતિ જોઈ કંઈક માણસોની ડાગળી ખસી ગઈ છે ! હું વીરરસનો ખેલાડી ! મારું નામ નથી જાણતા ? ઉફ઼ !

કવિ : આપ હિંદુ છો ?

બીજા ગૃહસ્થ : એ કેમ પૂછો છો ? અલબત્ત ! હું હિંદુ હતો, હું હિંદુ છું અને પ્રાણ જશે તોપણ હું હિંદુ જ રહેવાનો !

કવિ : અરેરેરેરે ! બહુ જ દયાજનક પ્રસંગ છે. હું રડવાની અણી ઉપર છું !

વકીલ : અરે, એમ કેમ ? શું લવો છો ?

કવિ : ખરી વાત છે. આપ હિંદુ ન હોત તો ઘણું જ સારું થાત.

બીજા ગૃહસ્થ : અરે, હું શું સાંભળું છું ?

કવિ : હિંદુઓમાં તલાકનો કાયદો નથી ! પૂછી જુઓ વકીલ સાહેબને. જો એ કાયદો હિંદુઓમાં હોત તો જરૂર આપનાં પત્ની તેનો લાભ લેત. આ મુખાકૃતિ સાથે આપને હંમેશ નિહાળતાં તેનું લોહી જરૂર સુકાઈ જતું હશે !

[ એક ગૃહસ્થ આલ્હું આલાપતા આવે છે. ]

ત્રીજા ગૃહસ્થ : આ...આ...આ...હા...ન...ન...ન...ન...

ડૉક્ટર : અરે, અરે! પેલાને શું થઈ ગયું? જુઓ, જુઓ. તેની જીભ ચાલતી નથી! તોતડાય છે, અને શું બોલવું છે તે કહેવાતું નથી!

વકીલ : હા હાં, એમ જ લાગે છે. એના હાથપગમાં પણ સ્થિરતા નથી. લાવો કાગળ! એનો મરણોન્મુખ જવાબ લઈ લઈએ!

[ ત્રીજા ગૃહસ્થને પકડે છે. ]

ત્રીજા ગૃહસ્થ : આ બધા તમે શું કરો છો?

કવિ : ભાઈ? ગભરાઓ નહિ. તમને સનેપાતનો ચાળો લાગ્યો. ડૉક્ટર છે; માત્રા આપશે.

ત્રીજા ગૃહસ્થ : શાનો સનેપાત? શાની માત્રા? તમે બધા ગમારો ક્યાંથી ભેગા થયા છો? નાટકની જાહેરાત તમે આપી હતી?

વકીલ : હા, અમે જ જાહેરાત આપી હતી. સારામાં સારા ખેલાડી-ઓએ અમને મળી જવું, અને પોતાની શક્તિનું પ્રદર્શન કરવું એ અમારી શરત છે.

ત્રીજા ગૃહસ્થ : તમારાથી નાટક થાય એમ લાગતું નથી...આ...આ...

ડૉક્ટર : પાછું શું થયું?

વકીલ : કેમ? અમારાથી કેમ નાટક નહિ થાય?

ત્રીજા ગૃહસ્થ : સંગીતનો કક્કો પણ આવડતો નથી કોઈને! તમે જાણો છો હું કેવો ભારે ઉસ્તાદ છું તે?

કવિ : હાં! આ તો ગવૈયા લાગે છે. જાઓ મારા ભાઈ! કહેવું તો હતું પહેલેથી! તમારી તો બહુ જરૂર છે. પણ નાટકમાં હવે સંગીતનો એકલો કક્કો ન કાઢશો. જોડે બારાખડીની પણ ખાસ જરૂર છે; નહિ તો તમારા "એકલ ન...ન...ન... માં તો અમે ગોથાં ખાધા કરીશું.

વકીલ : હવે બહુ વાર થાય છે. આ લોકોની આવડત આપણે જોઈ લેવી જોઈએ, અને પછી તેમને કામમાં રોકી લેવા જોઈએ.

મને હવે બહુ ફુરસદ મળે એમ લાગતું નથી. રાત બહુ ગઈ છે, અને સવારે વહેલા ઊઠી એક મુકદ્દમો વાંચવાનો છે.

ડૉક્ટર : નાટકમાં શૃંગાર તો પહેલો જ જોઈએ. જો કે નાટક બોધદાયક હોવું જોઈએ, શૃંગારની વિરુદ્ધનાં ભાષણો તેમાં આવવાં જોઈએ, તોપણ શૃંગાર અને તેના હાવભાવની જરૂર તો છે જ! નહિ તો લોકોને રસ પડશે નહિ, ઊંઘ આવશે અને નીતિનાં ભાષણોની અસર મારી જશે.

કવિ : હું આપના મતને ટેકો આપું છું. શૃંગારનો આશ્રય લીધા વગર નીતિની ખૂબી પૂરી સમજાતી નથી.

વકીલ : આ ગૃહસ્થ સ્ત્રીપાત્રમાં એક્કા છે એમ તેમનું કહેવું છે. તેમની આવડત આપણે પહેલી જોઈએ.

કવિ : બરાબર છે. પહેલાં પાયો મજબૂત કરો.

પહેલા ગૃહસ્થ : આપ કહો તે પ્રસંગ બતાવું. શૃંગારનો દરેક અભિનય મને સાધ્ય છે. (અભિનય કરતાં કરતાં) 'મારા તનમાં મનમાં ભર્યો છે ઠર્યો છે;' અગર 'મારા પગના ઝાંઝરની ખોલી' અથવા 'મારી રંગીલી દરજણ! છબીલી દરજણ' અથવા 'મને આવે છે ફેર' એમાંથી કહો તે બતાવું. કહો તો 'દૂધ લ્યો દિલરંગી' અથવા 'મારે અંતર બગીચે ખીલી પ્રેમકળી' અગર 'જાગોજી, જાગો વહાલા નિંદ્રા વિસારી દો' એમાંથી આપ સાહેબને પસંદ પડે એ ચીજ ભજવી બતાવું.

કવિ : આપણને તો એ બધા ય પ્રસંગો ગમે છે, અને એ બધી ય ચીજનો અભિનય પસંદ પડે છે. પેલી દરજણ દૂધ લાવે છે એ ઠીક છે.

પહેલા ગૃહસ્થ : અરે! શું તમે બે ચીજ ભેગી કરી નાખો છો:

કવિ : ત્યારે તમને ફાવે તે બોલો.

વકીલ<br>ડૉક્ટર<br>પારસી } : સાંભળો, સાંભળો!

પહેલા ગૃહસ્થ : (લલિત હાવભાવ સાથે દરેક વાક્યમાં રહેલા ભાવનો અભિનય કરતાં)

'સખી સ્વપ્નમહીં મનમોહન મેં
નિરખ્યા એકાંત વિષે શયને!
શરમાઈ રહી રતિનાથ અરે
મુખથી નવ કાંઈ બોલાય અરે—'

બધા : વાહ વાહ, શાબાશ!

બીજો ગૃહસ્થ : હં! હા!

કવિ : કેમ કેમ? આપ કેમ ઉશ્કેરાયા લાગો છો? વીરરસ ફાટી નીકળ્યો કે શું?

બીજા ગૃહસ્થ : ગુજરાતીઓ! ક્યારે બાયલા મટશો? આ તે અભિનય કહેવાય? ઓ...ઓ...! ઉફ્!

કવિ : તો આપ ભયાનક રસનું પૂર વહેવરાવી દો! ગુજરાતીઓનું બાયલાપણું-ભય પામી ભાગી જાય!

બીજા ગૃહસ્થ : એક બાજુએ શૃંગાર અને બીજી બાજુએ વીર. મારી ખાસ ખૂબી તો એ જ છે કે આને આ જ ગીતને હું વીરરસમાં ઉતારી શકું છું.

કવિ : ભલે ભલે, થવા દો!

બીજા ગૃહસ્થ : (પહેલા ગૃહસ્થને) તમારું ગીત ગાઓ.

પહેલા ગૃહસ્થ : (હાવભાવ સહ)

'સખિ! સ્વપ્નમહીં મનમોહન મેં
નિરખ્યા એકાંત વિષે શયને!
શરમાઈ રહી રતિનાથ અરે,
મુખથી નવ કાંઈ બોલાય અરે—'

બીજા ગૃહસ્થ : (બહુ ભારે અવાજથી અસરકારક રીતે, આંખને ભયાનક બનાવી વીરરસને ઉચિત અભિનય કરતાં કરતાં)

'સખિ ! સ્વપ્નમહીં મનમોહન મેં
નિરખ્યા એકાંત વિષે શયને !
શરમાઈ રહી રતિનાથ અરે !
મુખથી નવ કાંઈ બોલાય અરે—'

[ મુખ ઉપર હાથ મૂકી ભયંકર નાદથી છેવટના ચરણનો અભિનય કરે છે. ]

કવિ : ખરો, ખરો ! વીર શૃંગાર ? કે શૃંગાર વીર ? આ વીરરસની ભરેલી સુંદરીને જો મનમોહન સ્વપ્નમાં જુએ અને તેનું સ્વપ્ન ઊડી ન જાય તો હું કવિ નામ બદલી નાખું. મગદૂર છે કે પછી મુખથી બોલાય ? હાલનો પતિ આવો જ વીરરસ માગે છે !

પહેલા ગૃહસ્થ : ( મૃદુ હાવભાવથી )

'કર સાહી રસિક હૃદય વળગ્યા;
કરતાં બલ શેં ન થયા અળગા !
તૂટી હાર ગયો એ રકઝકમાં,
કસ કંચુકીની તૂટી જાય અરે !

બીજા ગૃહસ્થ : ( પહેલા ગૃહસ્થનો જોરથી હાથ પકડી )
'કર સાહી રસિક હૃદય વળગ્યા'

કવિ : હાં હાં હાં ! પેલાને બલા વળગી ! છોડાવો, છોડાવો !

[ પહેલા ગૃહસ્થને જોરથી ધક્કો મારી ]

બીજા ગૃહસ્થ : 'કરતાં બલ શેં ન થયા અળગા ?'

કવિ : અરે, અરે ! બિચારાને ગુલાંટ ખવડાવી દીધી. હવે થઈ ગયો અળગો. જવા દે, ભાઈ ! ફરીથી તારું નામ નહિ લે.

[ જાણે જબરદસ્ત દોરડું તોડવાનો પ્રયત્ન હોય તેમ. ]

બીજા ગૃહસ્થ : 'તૂટી હાર ગયો એ રકઝકમાં'

કવિ : પધરાવી દ્યો મનમોહનને. માથે પરોવી આપશે.

બીજા ગૃહસ્થ : ‘ કસ કંચુકીની તૂટી જાય અરે ! ’

કવિ : ભાઈ વીરરસરાવ ! ભયાનકપુરી ગોંસાઈ ! આપના વીરરસમાં હું તદ્દન માનું છું. ઈશ્વરમાંથી શ્રદ્ધા ઊડી ગઈ અને તમારા વીરરસમાં ચોંટી છે. હવે તો હું આપના વીરરસના જ સોગન ખાઈશ.

બીજા ગૃહસ્થ : કેમ ? મારા વીરરસનો અનુભવ થયો ? બોલો બોલો, ઓ બૂડતા બુડથલો ! બોલો.

કવિ : જરૂર. વીરરસનો સાક્ષાત્કાર થઈ ગયો ! નાટકમાં ભીમ અને હનુમાન નહિ હોય તો યે લાવવા પડશે. ચોર, ખૂની, જલ્લાદ તથા ડાકુ વગેરે સિવાય તો નાટક રચાય જ નહિ. ભાઈ ! તમારો પૂરો ખપ છે. કદાચ હિડિંબા કે શૂર્પણખાનું પાત્ર આવે તો તમારો ઉપયોગ જરૂર થાય.

પારસી : ગુજરાટી જબાનમાં નાત્તક કરવાની ઉમેદ મૂકી દેઓ. બાવા ! ઉરડુમાં જ ખરી ખૂબી જનાસે. સાંભલો !

‘ યહ પથરીલી ઝમીન ફટ જાય, સંગદિલ આકાશ ઉલટ જાય, સરબુલંદ પહાર જગહસેં હટ જાય, સમુંદર જલકે બદલ ખાકસે પટજાય તોભી ઓ સચ્ચાઈ, તેરી આન મેં બલ ન આય. ’

કવિ : ભાઈ ! વીરરસ બહુ વહેંચાયો; હવે એને થોડો રહેવા દ્યો !

વકીલ : નહિ નહિ, હવે એ લટ, પટ, હઠ, ફટ નહિ જોઈએ. આપણી માતૃભાષાને સમૃદ્ધ કરવી એવો અમારા માલિકનો ઉદ્દેશ હતો.

ડૉકટર : અને અમે તેને વળગી રહેવાના. કેમ કવિ ! ખરું ને ?

કવિ : ( સ્વગત ) આપણી ખુશામત શરૂ થઈ ગઈ છે. પણ પેલો આવે એટલી જ વાર છે ! આજ ઠીક લાગ છે. ( પ્રકાશ ) હા હા, જરૂર માતૃભાષામાં નાટક રચવાં જોઈએ.

[ એક ગામડિયો આવે છે. ]

વકીલ : અરે, પેલો કોણ આવે છે?

ગામડિયો : શા'બ ! હું તો સોર સું. ગામડિયો સું, નાટકમાં રે'વું સે. સોર થાશ.

ડૉકટર : દૂર દૂર, પણે ઊભો રહે, જા ! પડદા ખેંચવા રહેવું છે?

કવિ : અરે ઓ ગમાર ગામડિયા ! તારું સ્થાન પણે છે.

[ હાથ ઝાલી દૂર ખેંચી જાય છે. ]

જો, હું મારા કાગળો પેલા બન્નેને આપું તે વખતે તારે તેને ઝૂંટવીને ફાડી નાખવા. સમજ્યો ને ? આપણા માલિકના કહ્યા પ્રમાણે કરવું.

પારસી : તો હું ગુજરાતીમાં બી લખસ. આ ટમે સું જોઈને પસંદ કરો છ ?

કવિ : ગુજરાતીમાં કોઈ દહાડો લખ્યું છે ?

ડૉકટર : અલબત્ત, ઘણું જ લખ્યું હશે. કાંઈ તમે એકલા જ નાટક રચી જાણો છો ?

વકીલ : ખરું છે, મિ. પોઇચાજી ! આપના લેખ અને વાર્તાઓ પણ ઘણાં માસિકોમાં આવે છે. લો રિપોર્ટ્સમાં પણ તમારી વાર્તા મૂકવાની દરખાસ્ત હતી

પારસી : જી, જી, આપ કડર કરો છ ટે મહેરબાન છો. ગુજરાટીમાં બી ઘન્નું લખિયું છે. 'ભોલી ગુલ યાને ફુનિયાં ફુલ.' 'પકુરનો ભેડ યાને કાવસની કેડ ' એમ ઘન્નાં જ પુસ્ટકો રચિયાં છ. લીરિક બી ગુજરાટીમાં લખું છું. પેલા ગામરિયાને જોઈને મને એક મારું લીરિક યાડ આવે છે.

વકીલ : સંભળાવો, સંભાળાવો !

પારસી : ' ગામરેની ગોરી 'નું લીરિક છે.

કવિ : ગામરેની ગોરી ? ધમડાછાની હશે, સુરત નવસારીની નહિ. સંભળાવો તમારી ગામરેની ગોરી.

પારસી : સાંભલો :

પાસ હોય છે ખુરચી એક ઊંચી જરાક.
મરચાં મિસાલ આંખો ને પોપત મિસાલ નાક.

કવિ : આ ગામરેની ગોરી ખરી !

પારસી : સાંભલો યાર ! એ તો ઈન્ડિયન સિમિલી છે !

તૂટી લગામ જેવી સારીની કોર.
કાંડી ઉપર ચીટલ કરે છ બકોર.
એલ્યુમીનમનું બેઢું છે માઠ.
સૂરની ડોરીથી ડીપે છે હાઠ.
ઝીનું ઝીનું મલકે જાને ઝલકટો ચંડર.
હું કેમ પૂછું, સું હસે એના મનની અંડર ?
પાની ઢીમું તપકીને ભીંજવે છ ગાલ.
મ્યુનિસિપલ બંબાનો આપે છે ખ્યાલ.
ઠાકે જબાન ગની ડુકતીના ઢંગ.
જોઈને આ પોઈચાજી બનિયા છે ડંગ !

વકીલ : શાબાશ ! બહુ સારી કવિતા છે !

કવિ : મેં આજથી પણ લીધું છે કે હું હવે કવિતા લખવાનો નથી.

ડૉક્ટર : કવિના કરતાં સારું લખે છે. કવિના નાટક કરતાં આ પોઈચાજીનું નાટક ભજવીએ તો ?

વકીલ : વધારે સારું. કવિના કરતાં પોઈચાજી વધારે અનુભવી લાગે છે. કવિ ! તમારું નાટક નાપસંદ કરવામાં આવે છે.

કવિ : સાહેબ ! આ જાન જાય તો બહેતર, પણ નાટક મારું જ ભજવાવું જોઈએ.

ડૉક્ટર : પેલા કાગળો ભૂલી ગયા હશો, ખરું ને ?

કવિ : તે હું પાછા આપું છું.

[ કાગળ કાઢી ડૉક્ટર તથા વકીલને આપે છે. ]

ગામડિયો : એ...તમે બધા જ હાથ ઊંચા કરો, નહિ તો મરી જશો !

વકીલ : આ ગામડિયો કેમ ફાટચો લાગે છે ? ચાલ, બકવાસ નહિ કર !

કવિ : એની ગોરી ગામરે ગઈ લાગે છે! અલ્યા જવા દે.

ગામડિયો : હું ચોર છું. જો એક પણ હરફ બોલ્યા તો મર્યા જાણજો. ચાલ ! તારા ખિસ્સામાં શું છે ? અને તારા ખિસ્સામાં ?

[ ત્રણે જણાના ખિસ્સામાંથી કાગળો કાઢી ફાડી નાખે છે. ]

કવિ : અરે, પેલા સિંહ ક્યાં ગયા ?

બીજા ગૃહસ્થ : આ બડબડિયો ચૂપ મરતો નથી. એ તો સ્ટેજ ઉપરની વાત, મેદની ચિકાર હોય ત્યારે અમે સિંહ !

ગામડિયો : કેમ, સાહેબ ! હું ચાલી શકીશ ને ?

વકીલ : આ ગમાર ગામડિયાએ શું કર્યું ?

ડૉક્ટર : અલ્યા ! તું ખરો ચોર નથી ?

ગામડિયો : બાપજી ! ખરો ચોર હોઉં તો આવાં કાગળિયાં લઈને ફાડું ખરો ? ખિસ્સામાંના પૈસા મૂકીને ?

વકીલ : ઓ, ઓ, ગામડિયા ! તેં શું કર્યું તે તું જાણે છે ?

ડૉક્ટર : હરામખોરને પોલીસમાં પકડાવો !

ગામડિયો : આવું સારું કામ કર્યું; તમને ભૂલમાં નાખી દીધા; બધાએ મને ચોર માન્યો; તો યે મને પકડવાની વાત કરો છો ? ગુણ તો દુનિયામાં છે જ નહિ. તમારી નોકરી શી કરવી ? આ ચાલ્યા !

[ ગામડિયો જાય છે. ]

કવિ : વકીલસાહેબ ! ડૉક્ટરસાહેબ ! ગળે પાટિયાં લગાડી દો ! હવે બીજો રસ્તો નથી.

વકીલ ! હાથમાંથી બાજી તદ્દન ચાલી ગઈ.

કવિ :

'પાની ઢીમું તપકીને ભીંજવે છ ગાલ,'
મ્યુનિસિપલ બંબાનો આપે છે ખ્યાલ !

વકીલ : ડૉક્ટર ?

ડૉક્ટર : ગયું ! ચલાઓ ! નાટક બાટક કાંઈ કરવું નથી. જાઓ બધા ય.

વકીલ : પસંદ થયેલાઓને લેખી ખબર આપીશું; જાઓ.

[ બધા જાય છે. શોકાતુર ચહેરે વકીલ તથા ડૉક્ટર જાય છે. ]

કવિ : મિલકતના માલિક થતા તો અટકાવ્યા. સહી કરાવી લેવાનું સૂઝયું એ પણ ઠીક થયું. બધામાં આપણો હાથ રહ્યો. ભલું થજો પેલા ચોરનું કે કાગળિયાં આપણા હાથમાં આવવા દીધાં ! અને જોડે આપણું કાગળિયું ફડાવી નાખ્યું એ પણ ઠીક થયું. મનનો શો ભરોસો ? દાનત ક્યારે બગડે એ શું કહેવાય ?

**' ભલું થયું ભાંગી જંજાળ ! '**

ચાલો, હવે પેલા ગામડિયાએ બતાવેલો રસ્તો પકડીએ. કંઈ કરતાં કોઈ જડી આવે તો ! ભલા, એ બહાને કુદરતદેવીની જાત્રા પણ થશે.

## છઠ્ઠો પ્રવેશ

સ્થળ : ગુરુના આશ્રમનું એક ઉપવન.

સમય : સંધ્યા.

પાત્ર : ચિદ્દ્ઘન, ચંદ્રિકા, ગુરુ.

ચિદ્દ્ઘન : શશિકલા ! જો હું પાછો ભૂલો પડચો ! જ્યારે મારી આંખ હતી ત્યારે મારા પગમાં પૃથ્વીને પાતાલમાં ચાંપવાની શક્તિ હતી. તું નાહક દુઃખી થાય છે. મને આમ લઈને શા માટે ફરવા નીકળે છે ?

ચંદ્રિકા : મારે ખભેથી હાથ શું કામ ખસેડી લીધો ? હવે થોડું થોડું અજવાળું તો દેખાવા લાગ્યું છે ! ગુરુજી કહેતા હતા કે હવે અઠવાડિયામાં માણસને ઓળખતા થઈ જશો. પછી ભલે છૂટા ફરજો. હમણાં તો મને અડકચા સિવાય ફરશો જ નહિ; કદાચ તે દિવસ જેવું વાગી બેસે !

ચિદ્દ્ઘન : શશિકલા ! મને વાગે એમાં તું કેમ દુઃખી થાય છે ? તે દિવસે હું પડી ગયો ત્યારે તું ડૂસકે ભરાઈ ગઈ ! મને તો વાગવા દેવું જ જોઈએ. મને ઘા પડે છે ત્યારે શાંતિ વળે છે; મારા શરીરમાંથી લોહી વહે છે ત્યારે મને મારું પાપ ઢળી જતું હોય એમ લાગે છે. તું મારા સુખમાં કેમ વચ્ચે આવે છે ?

ચંદ્રિકા : મને તો બળ્યું સમજાતું યે નથી કે તમે શું આમ રાત-દિવસ કર્યાં કરો છો ! પાપ અને દુઃખ, ઘા અને જખમ, એ બધું શું તમે સંભારો છો ? જરા હસો, કાંઈ ગાઓ, તમારી વાતો કહો ! તમને ગમે અને મને પણ ગમે !

ચિદ્દઘન : હું હસું ? હું મારી વાત કહું ? ઓ ઘેલી છોકરી ! મારું હાસ્ય શોષાઈ ગયું છે ! મારું ગાન બેસૂરું બની ગયું છે. અને મારી વાત હું તને કહું ? શશિકલા ! તેં અમાસની અંધારી રાત એકલાં ઊભાં રહીને નિહાળી છે ?

ચંદ્રિકા : ઘણી વખત નિહાળી છે. મને પૂર્ણિમા કરતાં અમાસ જ વધારે ગમે છે. તારાઓનાં ટોળેટોળાં ઊભરાઈ આવે છે ! હીરે મઢેલી ઓઢણી જેવું ઝબક ઝબક થતું આકાશ એ મારી પ્રિય વસ્તુ છે ! આકાશની અદ્દભુત નિર્મળતા, અને તારાઓની ઓપેલી ઊજળાશ બગાડી નાચતો ચંદ્ર મને જરા યે ગમતો નથી. ફિક્કો, માંદો ! મને તો એનું રડવું હસવું જરા યે ગમતું નથી. કાળાશ બહુ સારી !

ચિદ્દઘન : તને અંધકાર ગમતો હોય તો તે મારામાં છે ! માત્ર મારા આકાશમાં ચળકતા તારા નથી. ખાલી ખાલી ઊંડાણ અને અંધકાર સિવાય કાંઈ જ નથી.

ચંદ્રિકા : તો એકાદ તારાને આકાશમાં ઊગવા દો.

ચિદ્દઘન : છોકરી ! તારી જન્મતિથિ ક્યારે છે ?

ચંદ્રિકા : એમ કેમ પૂછો છો ?

ચિદ્દઘન : મારે કામ છે; મને નહિ કહે ?

ચંદ્રિકા : શા માટે નહિ ? એમાં શું ? હું તો અષાઢની અમાસે જન્મી છું. મારી ઓગણીસમી જન્મતિથિ હજી હવે આવશે !

ચિદ્દઘન : છોકરી ! તું પરણી નથી ?

ચંદ્રિકા : ના મારે પરણવું જ નથી.

ચિદ્દઘન : કેમ ?

ચંદ્રિકા : પુરુષો મને ગમતા જ નથી. હું શું કામ પરણું ?

ચિદ્દઘન : ત્યારે તું મારી આટલી સારવાર કેમ કરે છે ?

ચંદ્રિકા : સેવા કરવી એ તો અમારો ધર્મ છે.

ચિદ્દઘન : પણ અણગમતા પુરુષોની ?

ચંદ્રિકા : પુરુષો અણગમતા હોય, પણ તેથી કાંઈ તેમની સેવા

ઓછી અણગમતી ગણાય? અને કોણ જાણે કેમ, પણ તમારું કામ કરવાનો મને ઉમળકો જ થઈ આવે છે! સેવા કરવામાં શો આનંદ છે તે મને તમારી સારવારમાં જ સમજાયું! હું તો હવે તમારી સેવામાં જ મશગૂલ રહીશ!

ચિદ્દઘન : શશિકલા! તારી સારવાર હું ન પામ્યો હોત તો કદાચ મારી આંખ આટલી સુધરત પણ નહિ. હું તારો શો ઉપકાર માનું? તારો શો બદલો વાળું-

ચંદ્રિકા : મને સદા ય તમારી સેવા કરવા દેજો! એ બદલો બસ થશે.

ચિદ્દઘન : પણ હું બરાબર દેખતો થઈશ ત્યાર પછી તારી સેવાની કેવી રીતે જરૂર પડશે?

ચંદ્રિકા : આવા સ્વાર્થી જ છો કે? અત્યારે તો શશિકલા વગર ચાલતું નથી. "શશિકલા! મને પાણી આપ; શશિકલા! મારી પાસે બેસ; શશિકલા! કાંઈ ગા; શશિકલા! મને બાગમાં ફેરવ." એમ આખો ય દહાડો શશિકલા, શશિકલા ને શશિકલા કર્યા કરો છો! મારા વગર પછીથી ચાલશે?

ચિદ્દઘન : (સ્વગત) આ છોકરી શો વિચાર કરે છે? એકાંત! એ ભયંકર એકાંત! તારી અસર તળે કોણ ન પડે? (પ્રકાશ) શશિકલા, શશિકલા! તું કેમ ઘેલી બની ગઈ છે? હું જઈશ પછી બીજાં કંઈક માણસો સારવાર માટે અહીં આવશે! મને સદા ય તારી સેવાની જરૂર પડે એવો નિર્ભાગી રાખવો છે?

ચંદ્રિકા : આંખ સારી થશે પછી યે એકલો રહેશો? ઘેલી શશિકલા સાંભરશે ખરી?

ચિદ્દઘન : એ છોકરી! ચાલ, હવે જલદી ચાલ્યાં જઈએ! બહુ વાર થઈ ગઈ! ચાલ, બાપુડી! ચાલ.

ચંદ્રિકા : બળ્યું! શું આટલી બધી ઉતાવળ કરો છો? લાવો લાવો, તમારો હાથ મારે ખભે મૂકો! (ચિદ્દઘનનો હાથ ખભે મૂકે) તમને સમજાય છે કે હું તમારાથી કેટલી નીચી છું?

ચિદ્દઘન : (હસીને) શશિકલા! તું આજે કેમ તોફાને ચડી છે?

ચંદ્રિકા : તમે ભલે ડાહ્યા દેવ જેવા થઈને બેસો! મને તો તોફાન ગમે છે. તમે નાના હતા ત્યારે પણ આવા જ હતા?

ચિદ્દ્યન : મારા નાનપણમાં તું મને ક્યાં ખેંચી જાય છે? એ નાનપણે ગયું, અને એ તોફાને ગયું, અને એ ચિદ્દ્યને ગયો! તોફાને ચડી ગયેલું આ ચિદ્દ્યનનું જહાજ સૌન્દર્યના ખડકે અથડાયું અને તેનાં સુકાન ભાંગી ગયાં, સઢ ફાટી ગયા, અને એકાદ પાટિયું તરતું તરતું જ્યાં મોજું લઈ જાય ત્યાં ઘસડાવાને બચ્યું છે! ભીંજાઈ ભીંજાઈને એ પણ ડૂબશે! ડૂબવાની જ આશામાં બેઠો છું.

ચંદ્રિકા : એ પાટિયાનું કદાચ વહાણુ ભલે ન બને! પણ લાવો ને આપણે તેની એક નાની નાવડી જ બનાવી તેમાં બેસીએ? બહુ મઝા પડશે! જુઓ આમ ગાતાં ગાતાં હોડીમાં ઝુલાશે :

[ ચિદ્દ્યનના બે હાથ ઝાલી હલાવતી ગાય છે. ]

મારી નાનીશી હોડી,
ડોલે એ થોડી થોડી,
ઘેરાં વારીને હૈયે એ.
નિત્ય રમે—મારી૦

ધીમી લહરે સમીર
ચુમે નાવ તણાં ચીર;
આછી હલકે એ નાવ મારી
નાચતી નમે—મારી૦

ભર્યાં ચન્દ્રતણાં તેજ,
ગૂંથી તારલાની સેજ,
મારી હોડલી સુએ, ને શીળી
ચાંદની ઝમે—મારી૦

ઊંચી ભેખડો કરાલ,
ખડકો ડોકતા વિશાળ,
હસી નાવ મારી રંગભરી
કુદકી ઘૂમે—મારી૦

કદી સૂર્ય તપી જાય,
ઝડી મેઘની ઝિકાય,
ઊઠે આંધી ! એ નાવ તો ય
જલમાં ભમે—મારી૦

ભર્યાં કાલ તણાં નીર,
જીવનનાવ શોધે તીર.
એક આશનાં સુકાન વહાણ
વટીને ગમે—મારી૦

ચિદ્દઘન : શશિકલા, શશિકલા ! મને તારી બીક લાગે છે ! તું કોણ છે ?

ચંદ્રિકા : હું કાળો કાળો ચોર છું !

ચિદ્દઘન : હસવું જવા દે ! તું અત્યારે ભયંકર લાગે છે ! તું શું માગે છે ?

ચંદ્રિકા : હું ચોરી કરવા માગું છું !

ચિદ્દઘન : હું તારું મુખ જોઈ શકતો નથી. તારા ભાવ પારખી શકતો નથી. તારા બોલથી હું બહુ ડરું છું !

ચંદ્રિકા : મારા બોલથી ડરો છો ત્યારે મારું મુખ જોઈને કેટલા ડરશો ? એવી કાળી કાળી છું હું ! જુઓ: ધારી ધારીને જુઓ ! હું દેખાઉં છું ?

ચિદ્દઘન : આછો આછો ભાસ થાય છે ! મારી અને અનંત આકાશની વચ્ચે કાંઈક ઝાંખી ધુમ્મસની પૂતળી, ઘડી હાલતી ઘડી ઊડી જતી, હું નિહાળું છું !

ચંદ્રિકા : એક દેખાય છે કે બે? જોજો! પાછા ગળે પડશો, અને કહેશો કે મારી પૂતળી ખોઈ નાખી!

ચિદ્દઘન : મારી અને અનંત આકાશની વચ્ચે એક જ પૂતળી છે! એક જ એ તરછોડાયલી પૂતળી! મને કહેતી કે 'એકલા જશો તો સ્વર્ગને પણ પૃથ્વી ઉપર પટકીશ!' સ્વર્ગ તો ન મળ્યું; પણ હું પૃથ્વી પર પટકાયો! નહિ નહિ, પૃથ્વીને પણ લાયક ન રહ્યો! કોઈ વામનનો વિરાટ પગ મને પાતાળમાં દાબ્યા કરતો લાગે છે! હું સદા ય નીચો ઊતરું છું. શશિકલા! મને ભય લાગે છે કે તું મને ચાહે છે!

ચંદ્રિકા : એવું એવું નહિ બોલવાનું વળી! હું તો આશ્રમની કન્યા છું, સેવિકા છું! એવું એવું શું બોલો છો?

ચિદ્દઘન : હું ભૂલ્યો, શશિકલા! હું નહિ કહું હવે. મને કોઈ જ ન ચાહશો! હું એ જ માગું છું! રખડતો, રવડતો, તરછોડાયેલો, એક સૂકા, બળતા રેતીના રણમાં મને કેમ ન મરવા દો? મરતાં મારાં શબને બાળવાની પણ છાયા ન મળશો!

ચંદ્રિકા : ના ના, એમ રડતા હો તો જરૂર ચાહીશ! રડતાંને રમાડવું મને બહુ જ ગમે છે! છાના રહો, મારા—(સ્વગત) બળ્યું! હું યે શું કરું છું?

[ગુરુ આવે છે.]

ગુરુ : ચંદ્રિકા! ક્યાં ગઈ? બહુ વાર થઈ ગઈ છે!

ચિદ્દઘન : ચંદ્રિકા! શશિ, શશિ! તારો હાથ હું નહિ છોડું. બોલ; તું કોણ છે?

ચંદ્રિકા : ખસો, ખસો! હાથ છોડો, ગુરુ આવ્યા!

ગુરુ : પગને ફેરવો પાછા! ભૂતકાળનું કોઈ પુણ્ય પાંગરે છે!

[જાય છે.]

ચિદ્દઘન : ખસું ? હાથ છોડું ? તું ચંદ્રિકા નથી એમ મને નહિ કહે ત્યાં સુધી હું હાથ નથી છોડું ! ચંદ્રિકા ! ઓ ચંદ્રિકા ! કેમ બોલતી નથી ? મને સાથે રાખશે ? મને ઉદ્ધારશે ?

ચંદ્રિકા : વગર ઓળખ્યે બાઝો છો તે ! હું તો આ ઊભી રહી ! કાંઈ જ બોલવાની નથી ! ચંદ્રિકા બીજાંનું નામ જ નહિ હોય જાણે ? તમારે એકલાને જ ચંદ્રિકા હશે !

ચિદ્દઘન : મારે જ, મારે એકલાને જ ચંદ્રિકા છે ! ઓ ચંદ્રિકા !

[ પરસ્પરને વળગી અદૃશ્ય થાય છે. ]

# સાતમો પ્રવેશ

સ્થળ : વિલાસ જેમાં સંતાઈ છે તે ગુફા નજીકનું જંગલ.

સમય : બપોર.

પાત્રો : ચોર, કુંજ, કવિ, ગુરુ, ચિદ્દ્ઘન, ચંદ્રિકા, વિલાસ.

ચોર : સાહેબ! હવે તો આપ ઝૂંપડીમાં ચાલો.

કુંજ : મારાથી ખસાતું નથી. હું અહીંથી જ ચોંટી રહ્યો છું. આ ગુફા નજર બહાર જાય છે તો હું એકદમ ઘેલો થઈ જાઉં છું. હું અહીં જ ફર્યા કરીશ.

ચોર : કહો તો હું અહીં ઝૂંપડી બાંધી આપું! રાત ને દિવસ ખુલ્લામાં શી રીતે રહેવાય? અમારા જેવા ખડતલ લોકોને પણ માથે છાપરું તો જોઈએ! પછી આપ તો અમીર! કોઈ દહાડો દુઃખ વેઠ્યું નથી! ગરીબનું માનો તો સારું.

કુંજ : હું અમીર! અને તું ગરીબ! ધનવાન માતપિતાને ત્યાં હું જન્મ્યો માટે હું અમીર! તારી માતા ભૂખી રહીને પણ તને ઉછેરતી માટે તું ગરીબ! ખરું? નહિ નહિ! હું તારાથી યે વધારે ગરીબ છું. જોઈએ તે ન મળે એ ગરીબ. મને ક્યાં મળે છે એ વિલાસ? હું વિલાસની સૂરતનો ભૂખ્યો છું! એના વગરની ઝૂંપડી હું બંધાવીને પણ શું કરું?

ચોર : ત્યારે, બાપજી! કાંઈક ખાઓ તો ખરા? આ હું થોડાંક ફળ લાવ્યો છું.

[ફળ ધરે છે.]

કુંજ : ઓ હો હો! બહુ દિવસથી હું જમવું ભૂલી ગયો છું! એ

ટેવ જ મટી ગઈ છે! એ જંગલી, અરસિક વૃત્તિ ભલે ભુલાઈ ગઈ. ભાઈ! મને એનાથી તૃપ્તિ નહિ વળે!

ચોર : તે જે થાય તે ખરું! પણ આપ જો આજે આ ફળ ન આરોગો તો મારા ગળાના સોગન છે! આપે જો ના પાડી તો મારી ગરદન હું વાઢીને આપના પગ આગળ ગબડાવીશ!

કુંજ : નહિ નહિ, ભાઈ! જગતમાં મારે માટે મરનાર તું એક જ નીકળ્યો! ઓ ગામડિયા! તું કવિને ગમતો નથી; તને જોઈને તેની કલ્પના દબાઈ જાય છે! સુંદર યુવતીઓ તને જોઈને હસે છે, મુખ મરડે છે. પેલા સ્વચ્છ સુશોભિત કપડાં નીચે પોતાના કદરૂપા દેહને સંતાડનાર સંસ્કારી પુરુષો તારી જડતા ઉપર તિરસ્કારની નજર નાખે છે! અને પેલા સત્તાના શોખીન અમલદારો અને લક્ષ્મીના લાડીલાઓ તારી પાસે ગુલામગીરી કરાવે છે! તે મહાન કે તું મહાન? કવિની કલ્પના ખરી કે તારા હૃદયમાં ઊભરાતી કવિતા ખરી? તને હસાવનાર યુવતી વધારે સુંદર કે તું વધારે સુંદર?

ચોર : એ તો, સાહેબ! આપણે બધું પૂછીને નક્કી કરીશું. મને નથી સમજાતું! ગરદન મારવા છે બધાને? જવા દો, ભાઈ-સાહેબ! અને આટલાં ફળ ખાઈ જાઓ!

કુંજ : પ્રેમનો બોધ વહેરાવતા ઓ ગંગોત્રીમુખ! જગત ભલે તને પથ્થર કહે! પતિતપાવની ગંગા તો તારા હૃદયમાંથી જ વહે છે!

ચોર : અમે તો પથરા ને પથરા જ રહેવા! ચાલો, સાહેબ! લ્યો આ ખાઈ જાઓ!

[ એક નારંગી હાથમાં આપે છે. ]

કુંજ : લાવ લાવ, તને ના નહિ કહું. નારંગીની કેવી મિઠ્ઠી સુવાસ છે? ( નારંગી ફોલે છે. ) કેવી રસની ભરેલી પેશી! કેવો

સુંદર રંગ ! જાણે વિલાસનો અધર ! નહિ, નહિ ! હું તને ચૂમીશ, કરડીશ નહિ !

ચોર : ભાઈ ! બહુ વાર થઈ.

કુંજ : જા, મૂર્ખ ! તેં મને શું આપ્યું ?

ચોર : ( સ્વગત ) પાછું રોજ જેવું થઈ રહ્યું ! ચાલ પણે ઊભો રહું થોડી વારમાં ઠેકાણે આવે તો !

[ દૂર સંતાઈ ઊભો રહે છે. ]

કુંજ : વિલાસના હોઠની કુમાશ ! મને ઘણી વાર એમ થતું કે હોઠથી શરૂ કરી આખી વિલાસને ચાવી મારામાં સમાવી દઉં તો ? પણ એ તૃપ્તિ મને મળી જ નહિ. એ સૌન્દર્યનો ટુકડો મારા હાથમાંથી ગૂમ થઈ ગયો, અને એના પડછાયા પાછળ હું ભટકતો રહી ગયો ! પણ એને હું શા માટે પડછાયો કહું ? એના મુખ સામું જોઈ આખી રાત હું ગુજારું છું ! હજી યે એનું ગાન સાંભળું છું ત્યારે મારા પગમાં થેઈકાર ઊપડે છે ! હજી પણ એ મને ફૂલ મારે છે ત્યારે મારાં રોમાંચ ઊભાં થાય છે ! એ સ્મિત કરે છે, અને જાણે પુષ્પોના ફુવારા મારા ઉપર ઊડતા હોય એમ લાગે છે ! એ ખડખડાટ હસે છે, અને ચમકીને જોઉં છું કે આ પુષ્પોનો વરસાદ ક્યાંથી વરસ્યો ? એ તો હજી ય હસે છે અને મને હસાવે છે ! પણ...પણ... મારા હાસ્યમાં મને શું દુખી આવે છે ? હાસ્યના રણકારમાં બેસૂરું શું લાગે છે ?...હાય ! મને સાંભર્યું ! વિલાસ ! વિલાસ ! મને એક ક્ષણ બાથ નહિ ભરવા દે ? એક જ ક્ષણ તને મારી છાતી સાથે ચાંપી, ચૂમી, 'હાશ' કહી છોડી દઈશ. પછી તારો સ્પર્શ હું નહિ માગું ! તારી આસપાસ નહિ ઝઝૂમ્યા કરું ! ખોળામાં સૂવાની મારી ટેવ નહિ સંભારું ! મને ચીમટીઓ ભરી જગાડતી

તેની યાદ નહિ આપું–જો એક જ ક્ષણ મને સ્પર્શ કરવા દે તો !

[ કવિ આવે છે. ]

કવિ : માલિકની મિલકત તો જતી બચાવી ! પણ માલિક ક્યાં ? કવિઓ કુદરતને બહુ જ સુંદર કહે છે. પણ એ બધું ઘરમાં બેઠાં બેઠાં ! મારી કવિતાના જ સોગન જો કોઈ કવિ ઘરની બહાર નીકળતો હોય તો ! કાંટા ભોંકાય, જવાનો માર્ગ જડે નહિ, નીચેથી સાપની અને પડખેથી વાઘની બીક લાગ્યા જ કરતી હોય, એવી ખરી કુદરત તો કામની નહિ, ભાઈ !

કુંજ : ( પાસે આવી ) અરે ભાઈ ! આ સૂર્ય ક્યારે આથમશે ?

કવિ : એ તો એને પૂછીએ ત્યારે ખબર પડે ! કોણ જાણે કોણે એને બનાવીને જે છોડી મૂક્યો છે તે ઊગ્યા જ કરે છે ! છે કાંઈ કામધંધો ? બહુ એ કહીએ છીએ કે 'ભાઈ ! હવે આથમ્યો છે તો ઊગીશ નહિ; પડી રહેવા દે બધાંને !' પણ કોઈનું સાંભળતો જ નથી ને !

કુંજ : હું પણ એની રોજ પ્રાર્થના કરું છું. શા માટે એ પોતાનો પ્રકાશ નાહક વહેવરાવી દે છે ? એ બળતા અંગારાનું શું કામ છે ? ચાલ હું તપાસું કે એ ક્યારે આથમી જાય છે ! આજ તો હું એવી એકાગ્રતાથી એની પ્રાર્થના કરીશ કે કાલે તે ઊગે જ નહિ !

[ એક ઊંચી ટેકરી ઉપર ચડી તેના શિખર ઉપર ફરે છે. ]

કવિ : એ જ !...આ જ અમારા કુંજવિહારી ! લોકો વૈરી પાછળ શું કામ મરી પડતા હશે ? અને પણ, યાર ! કાંઈક એનું હશે તો ખરું જ ! હું યે બહુ ઇચ્છા કરું છું કે અમારાં પત્ની... શાન્તમ્ પાપમ્ ! અપશુકન ભરેલી ઇચ્છા પણ ન કરો ! લાવ, પણે અંદર જઈને બેસું, જરા છાયો મળે.

ચોર : અરે, અરે ! ત્યાં ક્યાં જાઓ છો ?

કવિ : તું કોણ ફૂટી નીકળ્યો ભાઈ ?...હાંહાં, કાગળ ફાડ્યા તે કે ? અલ્યા, તારા કહેવા પ્રમાણે તો હું રસ્તો ખોળતો અહીં આવ્યો છું ! કુંજવિહારીને જોયા અને એ તો ભાગી ગયા ! હું તો હવે થાક્યો અને આ તડકાથી ઊગરવા માગું છું.

ચોર : બીજે બેસો. અંદર ન જશો; અંદર તો ભૂત છે !

કવિ : ભૂત છે ?

ચોર : હા હા, બાઈસાહેબનું ભૂત છે ! રોજ રાતે ગાય છે અને આપણા કુંજવિહારી તો ત્યાં જઈ બેસે છે ! આપણાથી ન જવાય !

કવિ : એકલા ન જવાય. બે જણ જઈએ તો બીક બહુ ઓછી થઈ જાય.

ચોર ; નહિ, નહિ. તમે મારા મહેમાન થયા; તમને એમ જવા દેવાય ? એમાં તો બહુ જોખમ !

કવિ : ભૂત વળગશે એટલું જ કની ? વગર વળગ્યે વળગ્યા જેવા જ લાગીએ છીએ ને ! કંઈ હરકત નહિ; એટલું જોખમ ખેડીશું. પણ જોવું તો ખરું જ.

[ જવા માંડે છે. ચોર તેને પાછો ખેંચવાનો પ્રયત્ન કરતો સાથે ધસડાય છે. ]

ચોર : ભાઈસાહેબ ! જવા દો. અત્યારે કશું દેખાશે નહિ અને તમને જરૂર ચમકાવશે ! વળગી પડે તો ગાંડા થઈ જવાય !

કવિ : અલ્યા, કાંઈક છે હો ! દેખાય છે !

ચોર : હું નહોતો કહેતો ? જવા દો જે હશે તે ! રામરામ બોલો !

કવિ : ન બોલાય, ગાંડા ! વાર છે હજી !

[ ચિદ્દઘન, ચંદ્રિકા અને ગુરુ પ્રવેશ કરે છે. ]

ગુરુ : કહે છે કે કુંજ આ સ્થળમાં જ ભમ્યા કરે છે ! આટલામાંથી જ મળી આવશે ! હું અહીં આસપાસ જોઉં છું.

[ હરતા ફરતા જુએ છે. ]

ચંદ્રિકા : મળી આવે તો ઘણું સારું ! ( સ્વગત ) પરણીને માફી ન મગાત ? અમસ્તા જાતે વાર કરવી અને બીજાને ટીંગાયલાં રાખવાં ! માફી મળ્યા સિવાય પરણવું જ નહિ એ વળી ક્યાંનો ન્યાય ? માફી મળે કે ન મળે, એમાં મારે શું ?

ચિદ્દઘન : હજી પૂરું દેખાતું નથી. ઝાંઝવાં વળે છે; સૃષ્ટિ હાલે છે અને ડોલે છે. હજી કોઇકનો હાથ ઝાલવો પડે છે !

ચંદ્રિકા : હા જી. હું આપું છું ને મારો હાથ ? નકામા ઘડી ઘડી છોડી દો છો; લ્યો !

[ હાથ આપે છે. ]

ચિદ્દઘન : ચંદ્રિકા ! ઘેલી થાય છે, અને ઘેલો બનાવે છે ! સ્ત્રીહૃદયનું સામ્રાજ્ય હું કબૂલ કરું છું. નજર પાછળ ફેંકું છું ત્યાં પણ એ જ; નજર ભવિષ્યમાં ફેંકું છું ત્યાં પણ સ્ત્રીનું જ સામ્રાજ્ય ! પુરુષ પોતાની સઘળી કૃતિઓનું પૃથક્કરણ કરે તો તેને જરૂર છેવટના આધારભૂત અવશેષ તરીકે સ્ત્રીની મૂર્તિ જડી આવશે. સારાં કે ખોટાં કામો સઘળાં સ્ત્રીઓના ખેંચાણથી જ થાય છે.

ગુરુ : અરે, પેલાં બે માણસો શું કરે છે ? કેમ ખેંચાખેંચી થાય છે ? કોઈને લૂંટે છે કે શું ?

ચિદ્દઘન : લૂંટનારને બોધ ન દેશો; લૂંટાનારને આશ્વાસન ન આપશો ! જગત આપણા કરતાં ડાહ્યું છે. તેને સુધારવા ન મથશો !

ગુરુ : અરે, પણ પૂછીએ તો ખરા શું છે તે ?

[ પાસે જાય છે. ]

તમે બન્ને જણ શું કરો છો ?

કવિ : ખેંચતાણ કરીએ છીએ. ભૂખ્યા હોઈએ અને ખાવાનું

મળે નહિ ત્યારે આ પ્રયોગમાં રોકાઈ જવું. વખત સારો જાય, ભલા !

ગુરુ : પણ શા માટે ખેંચતાણ કરો છો ?

કવિ : મારે પેલી ગુફામાં જવું છે, અને આ જવા નથી દેતો ! જબરો છે એટલે જોર ચાલતું નથી.

ચોર : અંદર તે શી રીતે જવાય ? માંહ્ય કાંઈક છે. (ધીમેથી) ભૂત છે ! તો યે કહે છે કે 'ના હું તો જઈશ !' ગા ગા કરતા'તા તે હવે ગાઈને બેસી રહો ને, કવિકાકા !

કવિ : ઊભો રહે, મારા વાળ ધોળા થયા કે નહિ તે હું જોઈ લઉં; પછી કાકા કહે.

ચંદ્રિકા : આ તો કવિ ! હું તો તમને ઓળખું છું. અરે કવિરાજ ! તમે ક્યાંથી ?

કવિ : ઓ હો હો હો ! ચંદ્રિકાબહેન ! બહુ દિવસે દર્શન થયાં. પેલી સભા બંધ રાખ્યા પછી કંઈક ગૂમ થઈ ગયાં હતાં; બહુ સારું થયું આપનો મેળાપ થયો તે ! પધારો, પધારો !

ચંદ્રિકા : કોનું ભૂત છે ? અંદર શું છે ?

કવિ : મેં તો અંદર કાંઈક સ્ત્રી જેવું જોયું ! કહે છે કે બૈરાં જ મોટે ભાગે ભૂત થાય છે; અને તે હું માનું છું ! પણ પાછા કુંજવિહારી રાત્રે અહીં જ બેસે છે એમ આ જંગલના સદ્‌ગૃહસ્થ જણાવે છે ! મારા મનમાં કે જોઈએ તો ખરા શું છે ?...જો, જો, જો, પેલું કોઈ !

ચિદ્‌ઘન : વિલાસિનીની ઝાંખી થાય છે !

ચંદ્રિકા : આંખ ઊઘડી ગઈ, ખરું ?

ચિદ્‌ઘન : ચંદ્રિકા ! મા બોલીશ ! હું તેનો ગુનેગાર છું. કાં તો મને માફ કરે અગર છરીથી મારા ટુકડા કરી મારા ગુનાની સજા કરે ! માફી અગર સજા સિવાય ગુનો શૂળી ઉપર પરોવાયલો જ રહે છે ! એ શૂળી સહન નથી થતી ! વિલાસિનીનું પ્રેત હશે તો એ પ્રેતના પગમાં હું પડીશ ! ક્ષમા ક્ષમા, ઓ

સૌન્દર્યની દેવી! હું ભૂલ્યો. ખરેખર ભૂલ્યો કે સૌંદર્ય નયન માટે છે; સ્પર્શ માટે નથી!

[ અંદર જાય છે. ]

ચંદ્રિકા : અરે, આ તો અંદર જતા રહ્યા!

ગુરુ : હમણાં આવશે! ક્ષણભર થોભી જા! કાલાવાલા કરનારને ભૂત હશે તો યે ભય નથી!

[ વિલાસ અને ચિદ્દઘન બહાર આવે છે. ચિદ્દઘન રુએ છે. ]

વિલાસ : (ચિદ્દઘનને ખભે હાથ મૂકી) મા રોશો ચિદ્દઘન! મને રડવું ગમતું નથી; અને કોઈ રડે તે પણ ગમતું નથી. તમને મેં કદી આંસુભીના જોયા નથી, મારા નાનકડાં, લાડકા દિયર!

ચિદ્દઘન : હું શું બોલું? આંસુમાંથી રુધિર ટપકે તો મારા હૃદયની વ્યથા વ્યક્ત થાય. ઓ ક્ષમાની, દયાની દેવી! તમે તો હસો છો, મને લાડ કરો છો. પણ હું અપાત્ર, નિર્ભાગી સજા માગું છું! હું એવી સજા માગું છું, હું એવી વ્યથા માગું છું કે જેથી મારા અણુઅણુમાં ફેલાયલું ઝેર કચરાઈ નિચોવાઈ જાય!

વિલાસ : એ સજા ચંદ્રિકા પાસે માગો!...અરે ચંદ્રિકા તો પેલી ઊભી! અને ગુરુ પણ છે! કવિ ક્યાંથી? મને બહુ ગમતા હતા. પેલા કોણ છે? અરે, ચિદ્દઘન! તમે બધા કેમ અહીં આવ્યાં?

[ કુંજ શિખર નિહાળે છે. ]

કુંજ : વિલાસ!

ગુરુ : કોણે બૂમ પાડી?

કવિ : મારા અન્નદાતાએ! ઈશ્વર સિવાય કોઈને મેં અન્નદાતા કહ્યો નથી. પણ આ પ્રેમવૈભવ આગળ ઈશ્વર પણ ઝાંખો પડે છે!

કુંજ : વિલાસ! તેં મને ભોળવ્યો! તું તો જીવે છે! આ તારો

ભૂખ્યો, તારો તરસ્યો દેહ હાથમાં નથી રહેતો. હું આવું છું!

વિલાસ : આવ આવ, ઓ પ્રાણ! બહુ ટળવળતો જોયો, ભવોભવની તારી વિલાસ હાથ લંબાવી તારે માટે જ ઊભી છે! આવ કુંજ! બાથમાં સમાઈ જા.

કુંજ : આવ્યો, પ્રાણ!

[પર્વત પરથી કૂદી પડે છે.]

ચિદ્દઘન : અરે, અરે! આટલી ઊંચાઈથી એક જ પગલું ભરતા પ્રેમી! થોભ!

ગુરુ : ઓ માનવી! પિશાચમાંથી પ્રભુ બનતાં તને વાર લાગતી નથી. મૃત્યુમાં મોક્ષ માનનાર માનવ જાત! સ્નેહનીબાથ એ જ જીવન છે, પછી ભલે ને તે મૃત્યુની ક્ષણ હોય!

કવિ : હાસ્ય ખરું કે રુદન?

• •